સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# સુપ્રીમના ઝટકા બાદ ૧૦ ટકાનો ટેરિફ જાહેર કરતા ટ્રમ્પ

## ભારત સાથે ટ્રેડ ડીલમાં કોઈ ફેરફાર આવશે નહીં : વૈશ્વીક ધોરણે વધારનો ટેરિફ લાગુ કરતા ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૨૧

અમેરિકામાં ચાલી રહેલા 'ટેરિફવોર' વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કુશળ વિદેશનીતિ અને ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના તેમના મજબૂત સંબંધો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. એક બાજુ અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ગ્લોબલ ટેરિફને ગેરબંધારણીય ગણાવી રદ કર્યા, તો બીજી બાજુ ટ્રમ્પે ગણતરીના કલાકોમાં જ વટહુકમ દ્વારા ૧૦% વધારાના ગ્લોબલ ટેરિફની જાહેરાત કરીને દુનિયાને ચોંકાવી દીધી છે, જોકે આ વૈશ્વિક આર્થિક ઊથલપાથલ વચ્ચે પણ ભારત માટે રાહતના સમાચાર એ છે કે ટ્રમ્પે ભારત સાથેની ટ્રેડ ડીલ પર કોઈ આંચ નહીં આવવા દેવાનો ભરોસો આપ્યો છે. પીએમ મોદીના નેતૃત્વમાં ભારત જે રીતે વૈશ્વિક મંચ પર ઊભરી રહ્યું છે એના કારણે જ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ભારત સાથેના કરારો પૂર્વવત્ આગળ વધશે. હવે જોવાનું એ રહેશે કે આ નવો ૧૦% ટેરિફ ભારત માટે અલગથી લાગશે કે જૂના માળખામાં જ એડજસ્ટ થશે, પણ મોદી-ટ્રમ્પની કેમિસ્ટ્રીએ અત્યારે તો ભારતનો પક્ષ મજબૂત રાખ્યો છે.

ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક સ્માર્ટ, સમજદાર અને શાનદાર નેતા ગણાવ્યા, પરંતુ કહ્યું હતું કે ટેરિફ બદલાશે નહીં. ભારત-અમેરિકા વેપાર કરાર પર પડનારી અસર વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું, 'કંઈપણ બદલાશે નહીં.' ટ્રમ્પ બોલ્યા-'તેઓ (ભારત) અમને ટેરિફ આપશે અને અમે ટેરિફ નહીં આપીએ. ભારત સાથેની ડીલ એ જ છે કે તેઓ ટેરિફ આપશે. પહેલાં જેવું રહેશે નહીં.'

અનુસંધાન પાના ૭ પર



## અમેરિકા ટેરિફનું રિફંડ આપશે નહીં

નવી દિલ્હી, તા. ૨૧

અમેરિકાની સુપ્રીમકોર્ટ દેશના પ્રમુખને વૈશ્વિક ટેરીફ લાદવાની ઈમરજન્સી પાવર હેઠળ સતા જ નથી તેવું દર્શાવી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિતના દેશો પર લાદેલા ઉંચા ટેરિફ રદ કરતા જ ગણતરીના કલાકોમાં પ્રમુખ ટ્રમ્પે હું ધારૂ તે કરી શકું છું તેવા હુંકાર સાથે આગામી ૧૫૦ દિવસ માટે ૧૦%ના વચગાળાના ટેરીફ તમામ દેશો પર લાદવાની જાહેરાત કરી છે અને તે પણ જાહેર કર્યુ છે કે ભારત સાથે જ વ્યાપાર સમજુતી છે તે પણ અમલમાં જ રહેશે.અમેરિકી સુપ્રીમકોર્ટે એક બહુમતી ચુકાદામાં પ્રમુખ ટ્રમ્પે તા.૨ એપ્રિલના તેઓએ જાહેર કરેલા લીબરેશન-ડે ના અને તે બાદના સમયમાં જે રીતે અમેરિકી ઈમરજન્સી ઈકોનોમીક પાવર એકટ-૧૯૭૭ હેઠળ મળતી સતાનો ઉપયોગ કરી જે ટેરિફ લાદયા હતા તેમાં આ પ્રકારે ટેરિફ લાદવાથી પ્રમુખને સતા જ નથી. તેઓ ૬-૩ ની બહુમતીથી ચુકાદો આપતા જ પ્રમુખ ટ્રમ્પને મોટા આંચકો લાગ્યો હતો અને તેઓએ લાદેલા ટેરિફની અસર પણ રહી ન હતી.પરંતુ સુપ્રીમકોર્ટના આ ચુકાદાના કલાકોમાંજ ટ્રમ્પે ટ્રેડ- એકટ

અનુસંધાન પાના ૭ પર

# ઉંઝામાં કાર ડીવાઈડર સાથે અથડાતા એક પરિવારના પાંચ સભ્યોના મોત



### રાજસ્થાનમાં લગ્નમાં હાજરી આપી અમદાવાદ પરત ફરતા પરિવારને નડેલો અકસ્માત

મહેસાણા, તા. ૨૧

ગુજરાતના મહેસાણા જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા છે, જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ઘાયલોને હોસ્પિટલ અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને તપાસ શરૂ કરી છે. અહેવાલો અનુસાર, રાજસ્થાનમાં લગ્નમાં હાજરી આપ્યા બાદ એક પરિવાર ઈકો કારમાં અમદાવાદના રામોલ પરત ફરી રહ્યો હતો. ઊંઝાના ઉનાવા નજીક કાર ડિવાઈડર સાથે અથડાઈ અને પલટી ગઈ. અકસ્માતને કારણે હોબાળો અને અંધાધૂંધી ફેલાઈ ગઈ. કાર સંપૂર્ણપણે નાશ પામી હતી. ઘટનાસ્થળે ભીડ એકઠી થઈ ગઈ. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી અને બચાવ કામગીરી શરૂ કરી. આ દુ:ખદ માર્ગ અકસ્માતમાં પિતા-પુત્ર, એક મહિલા અને એક બાળક સહિત પાંચ લોકોના મોત થયા છે, જ્યારે છ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. રોડ અકસ્માતમાં રામલાલ કુમાવત, કોમલ કુમાવત, કૈલાશ કુમાવત, એક બાળક અને એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે. ઉનાવા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા અને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી.

ગુજરાતમાં તાજેતરમાં આ બીજો મોટો માર્ગ અકસ્માત છે. અગાઉ, વલસાડ જિલ્લામાં કપરાડા-નાનાપોંઢા હાઈવે પર કુંભઘાટ નજીક એક ભયાનક માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના સાત સભ્યોના મોત થયા હતા. પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે મૃતકો કપરાડા તાલુકાના અંબા જંગલ ગામના રહેવાસી હતા. અકસ્માત સમયે કારમાં સાત લોકો હતા: પાંચ પુરુષો અને બે મહિલાઓ.

કુંભઘાટમાં એક તીવ્ર વળાંક પર અકસ્માત થયો

અનુસંધાન પાના ૭ પર

# ટૂંકમાં નૌકાદળમાં ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન સામેલ થશે

### ભારતની સમુદ્ર સુરક્ષામાં વધારો થશે

નવી દિલ્હી, તા. ૨૧

નવી દિલ્હી, ભારત તેની દરિયાઈ લશ્કરી શક્તિ અને પરમાણુ પ્રતિરોધકતાને નવી અને અદમ્ય ઊંચાઈ સુધી વધારવા માટે તૈયાર છે. દેશની ત્રીજી સ્વદેશી પરમાણુ-સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN), INS અરિધમાન (S4), આ વર્ષે એપ્રિલ-મે સુધીમાં ભારતીય નૌકાદળમાં સત્તાવાર રીતે જોડાય તેવી અપેક્ષા છે. આ વિકાસ માત્ર ભારતની પરમાણુ ત્રિપુટી (જમીન, હવા અને સમુદ્રથી પરમાણુ હુમલો કરવાની ક્ષમતા) પૂર્ણ કરે છે, પરંતુ દેશની બીજી-હડતાલ ક્ષમતાને અભૂતપૂર્વ શક્તિ પણ પ્રદાન કરે છે. ભારતીય નૌકાદળના વડા એડમિરલ ડી.કે. ત્રિપાઠીએ અગાઉ ૨૦૨૬ માં તેના કમિશનિંગનો સંકેત આપ્યો હતો, અને સબમરીન હાલમાં તેના દરિયાઈ પરીક્ષણોના અંતિમ અને નિર્ણાયક તબક્કામાં છે.

નૌકાદળમાં INS અરિધમાનના સમાવેશ સાથે, ભારત પાસે ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે ત્રણ કાર્યરત પરમાણુ સબમરીન હશે. આ વ્યૂહાત્મક સિદ્ધિ ભારતને સતત સમુદ્રમાં અવરોધક સંરક્ષણના અનોખા સ્થાને મૂકશે, જેનો અર્થ એ છે કે ઓછામાં ઓછી એક ભારતીય પરમાણુ સબમરીન વર્ષમાં ૩૬૫ દિવસ ઊંડા સમુદ્રમાં પેટ્રોલિંગ પર

અનુસંધાન પાના ૭ પર

# નિકાસકારોની મદદ માટે ૨૫ હજાર કરોડનું ફંડ જાહેર કરાયું

### કેન્દ્ર સરકાર દ્વારા નિકાસ પ્રોત્સાહન માટે નવી ૭ સહાયનું એલાન

નવી દિલ્હી, તા. ૨૧

અમેરિકા સાથે ટેરિફ વોર બાદ થોડા દિવસો પૂર્વે થયેલી ટ્રેડ ડીલ તથા અન્ય વૈશ્વિક ઘટનાક્રમોથી ભારતના વિશ્વ વ્યાપારને વ્યાપક અસર થઇ જ હતી ત્યારે સરકારે હવે ૨૫૦૬૦ કરોડના એક્સપોર્ટ પ્રમોશન મિશન અંતર્ગત નિકાસકારોની મદદ માટે સાત એલાન કર્યા છે જેનાથી એમએસએમને દુનિયાભરમાં નિકાસ વધારવામાં મોટો ફાયદો થશે.

કેન્દ્ર સરકાર દ્વારા ગત નવેમ્બર મહિનામાં એક્સપોર્ટ પ્રમોશન મિશનને મંજુરી આપવામાં આવી હતી. તે બે ભાગમાં છે એક નિકાસ પ્રોત્સાહન તથા બીજો નિકાસની દિશા આ સ્કીમ હેઠળ ત્રણ રાહતો ગત જાન્યુઆરીમાં લાગૂ કરવામાં આવી હતી. હવે સાત મુદાઓનું એલાન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે આ કદમથી દુનિયાભરના દેશોમાં નિકાસ વધારવા એમએસએમઇ ક્ષેત્રને મોટી મદદ મળશે નિકાસ પ્રોત્સાહન અંતર્ગત એમએસએમઇ માટે કાર્યકારી મુડીમાં ખર્ચબોજ ઘટાડવાના ઉદેશ પર ફોક્સ કરવામાં આવ્યું છે.રિઝર્વ બેન્ક-આઈએફએસસીઇ માન્ય એકમો મારફત થયેલા વ્યવહારો પરના ફેકટરીગ કોસ્ટ (ખર્ચ)માં ૨.૭૫ ટકાની છૂટ મળશે. એક એમએસએમઇ વર્ષે ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય મેળવી શકશે.ઈ-કોમર્સ નિકાસકારો માટે વ્યાજદરમાં છૂટ તથા આંશિક ક્રેડિટ ગેરંટીની યોજના લાગૂ કરવામાં આવી છે. જેમાં ૯૦ ટકા ગેરંટી કવરેજ સાથે ૫૦ લાખ રૂપિયા સુધીની મદદ મળશે. ઓવરસીઝ ઈન્વેસ્ટરી ક્રેડિટ ફેસીલીટી અંતર્ગત ૭૫ ટકા ગેરંટી કવરેજ સાથે ૫ કરોડ રૂપિયા સુધીની મદદ મળશે.

૨.૭૫ ટકાના ઈન્ટરેસ્ટ સબવેંશન હશે અને પ્રતિ

અનુસંધાન પાના ૭ પર

# ઈઝરાયલ ભારતને સૌથી ગુપ્ત અને અદ્યતન સુરક્ષા ટેકનોલોજી આપશે

### તા. ૨૫મીથી મોદી બે દિવસ ઈઝરાયલની મુલાકાતે

નવી દિલ્હી, તા. ૨૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫-૨૬ ફેબ્રુઆરીએ ઇઝરાયલની બે દિવસીય મહત્વપૂર્ણ મુલાકાતે જઈ રહ્યા છે. ઝડપથી બદલાતા વૈશ્વિક ભૂરાજકીય પરિદૃશ્ય વચ્ચે, આ મુલાકાત ભારત અને ઇઝરાયલ વચ્ચે સંરક્ષણ અને વ્યૂહાત્મક ભાગીદારીને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવાની અપેક્ષા છે. આ મુલાકાતનું ધ્યાન ભારતની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા અને અદ્યતન સંરક્ષણ ટેકનોલોજીના સ્થાનાંતરણ પર કેન્દ્રિત છે. જ્યારે આ મુલાકાત દરમિયાન કોઈપણ મોટા સંરક્ષણ સોદા પર ઔપચારિક હસ્તાક્ષર થવાની શક્યતા ઓછી છે, ત્યારે મુખ્ય કારણ એ છે કે બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધ હવે એક જ સોદા સુધી મર્યાદિત નથી પરંતુ એક સતત પ્રક્રિયા છે. નિષ્ણાતોનો અંદાજ છે કે આ દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ આગામી થોડા વર્ષોમાં US$10 બિલિયનના વિશાળ આંકડાને વટાવી જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયલે ભારત સાથે તેની સૌથી ગુપ્ત અને અદ્યતન સંરક્ષણ ટેકનોલોજી શેર કરવા સંમતિ આપી છે. આમાં હાઇ-ટેક લેસર સંરક્ષણ પ્રણાલીઓ અને સ્ટેન્ડ-ઓફ મિસાઈલ સિસ્ટમ્સ જેવા ઘાતક શસ્ત્રોનો સમાવેશ થાય છે.

આ એક મોટો વૈશ્વિક વિકાસ છે, કારણ કે આ પહેલી વાર છે જ્યારે ઇઝરાયલ આ ટેકનોલોજીને બીજા દેશ સાથે શેર કરવા માટે આટલું મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે. આ વિસ્તૃત સહયોગનો પાયો ગયા નવેમ્બરમાં સંરક્ષણ સચિવ આર.કે. સિંહની ઇઝરાયલ મુલાકાત દરમિયાન નાખવામાં આવ્યો હતો અને હવે તેને પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન અંતિમ

સ્વરૂપ આપવામાં આવશે. આ મુલાકાતનું સૌથી મહત્વપૂર્ણ પાસું મિશન સુદર્શનને વધુ તીવ્ર બનાવવાનું છે. પ્રધાનમંત્રી મોદી દ્વારા જાહેર કરાયેલ આ મિશનનો ઉદ્દેશ્ય ભારતની સરહદોને દુશ્મન લાંબા અંતરની

અનુસંધાન પાના ૭ પર

# પહાડી પ્રદેશોમાં હિમ વર્ષા તથા તથા દક્ષિણ ભારત વરસાદ પડશે

### દક્ષિણ ભારતમાં ભારે વરસાદની ચેતાવણી

નવી દિલ્હી, તા. ૨૧

દેશભરના વિવિધ રાજ્યોમાં હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં, કડકડતી ઠંડી પછી ગરમી પાછી ફરી છે, જ્યારે અન્યત્ર, ચક્રવાતી પ્રવૃત્તિને કારણે કમોસમી વરસાદ અને વાવાઝોડા થયા છે. પર્વતીય રાજ્યોમાં, ઉત્તરાખંડમાં હાલમાં સ્વચ્છ હવામાન છે, પરંતુ આ શાંતિ લાંબા સમય સુધી રહેવાની શક્યતા નથી. હવામાન વિભાગે ૨૨ ફેબ્રુઆરીથી રાજ્યના પાંચ મુખ્ય જિલ્લાઓ - ઉત્તરાકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢ - માં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની ચેતવણી જારી કરી છે. તેનાથી વિપરીત, આજે કર્ણાટક, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી જેવા દક્ષિણ ભારતીય રાજ્યોમાં ભારે વરસાદની અપેક્ષા છે, જે ત્યાંના સામાન્ય જીવનને અસર કરી શકે છે.

મેદાનમાં, રાજસ્થાન અને હરિયાણામાં વિપરીત હવામાન પેટર્ન જોવા મળી રહી છે. રાજસ્થાનમાં શિયાળાની ઠંડી ઝડપથી ઓછી થઈ રહી છે, અને દિવસનું તાપમાન વધી રહ્યું છે. રાજ્યના ઓછામાં ઓછા છ શહેરોમાં તાપમાનનો પારો ૩૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયો છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહે છે. હવામાન વિભાગે આગામી અઠવાડિયા માટે સ્વચ્છ આકાશ અને સૂર્યપ્રકાશની આગાહી કરી છે, જેનાથી ગરમીમાં વધુ વધારો થશે.

અનુસંધાન પાના ૭ પર

# તા.૧ એપ્રિલથી નેશનલ હાઈ-વે પરનો રોકડ ટોલ ટેક્ષ બંધ

### હાલ હાઈ-વે પર ૯૮ ટકાથી વધુ વાહનો ફાસ્ટેગથી ટોલ ચુકવે છે

નવી દિલ્હી, તા. ૨૧

દેશભરના નેશનલ હાઈવે પર સફર કરનારાઓ માટે મોટો ફેરફાર થવા જઇ રહ્યો છે. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરિટી (એનએચએઆર) ૧ એપિલ-૨૦૨૬થી બધા ટોલ પ્લાઝા પર રોકડ પેમેન્ટ બંધ કરવા પર વિચાર કરી રહી છે.

ગુરુવારે જાહેર આ અધિકૃત નિવેદન મુજબ આ પગલાંનો ઉદ્દેશ ડિજિટલ ટોલિંગ સિસ્ટમ વિકસિત કરવા અને ઈન્કટ્રોનિક ટોલ સંગ્રહ (ઈટીસી)માં હવે અત્યાર સુધીમાં હાંસલ પ્રગતિને વધુ મજબૂત કરવાનો છે. એનએચએઆઈનું માનવું છે કે આથી ટોલ લેનની કાર્યક્ષમતા વધશે, પ્લાઝા પર ભીડ ઘટશે અને લેવડ-દેવડમાં પારદર્શિતા અને સ્થિરતા નિશ્ચિત થશે.

ઓથોરિટીએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ફાસ્ટેગનો ઉપયોગ ૯૮થી વધુ ટકા થઇ ગયો છે જેથી ટોલ વસુલીની રીતમાં વ્યાપક ફેરફાર આવ્યા છે. હાલમાં મોટાભાગની ટોલ લેવડ-દેવડમાં વાહનોમાં લાગેલ આરએફઆઈટી સક્ષમ ફાસ્ટેગથી ઈલેક્ટ્રોનિક રીતે થઇ રહી છે.

અનુસંધાન પાના ૭ પર

# એઆઈ સમિટમાં કોંગ્રેસના વિરોધ અંગે ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન

### ભિવંડીમાં રાહુલ ગાંધીને કાળા ઝંડા બતાવ્યા: દિલ્હીમાં કોંગ્રેસ મુખ્યાલયની બહાર સૂત્રોચ્ચાર

નવી દિલ્હી, તા. ૨૧

કોંગ્રેસના AI સમિટમાં હોબાળો કરવાના વિરોધમાં ભાજપ શનિવારે દિલ્હી, મહારાષ્ટ્ર, ગુજરાત અને જમ્મુ-કાશ્મીરમાં પ્રદર્શન કરી રહી છે. દિલ્હીમાં કોંગ્રેસ કાર્યાલયની બહાર ભાજપ યુવા મોરચાના કાર્યકરો 'કોંગ્રેસ-રાહુલ ગાંધી=ગદ્દાર', 'દેશદ્રોહી રાહુલ ગાંધી માફી માંગે'ના પોસ્ટર લઈને વિરોધ કરી રહ્યા છે.બીજી તરફ, મુંબઈના મુલુંડમાં ભાજપના કાર્યકરોએ રાહુલ ગાંધીના કાફલાને કાળા ઝંડા બતાવ્યા. તેઓ અહીંથી ભિવંડી જઈ રહ્યા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન RSS પર કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીના કેસમાં શનિવારે ભિવંડી કોર્ટમાં તેમની હાજરી હતી.ગુજરાતના સુરતમાં ભાજપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસનું પૂતળું બાળ્યું. જમ્મુ-કાશ્મીરમાં પણ ભાજપના કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો.હકીકતમાં, ૨૦ ફેબ્રુઆરીના રોજ દિલ્હી સ્થિત ભારત મંડપમમાં ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકરોએ શુક્રવારે AI સમિટ ૨૦૨૬માં ભારત-અમેરિકા ટ્રેડ ડીલ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું.

પ્રદર્શનના ઘણા વીડિયો પણ સામે આવ્યા હતા. જેમાં ૧૫-૨૦ કાર્યકર્તાઓ હાથમાં સફેદ રંગની ટી-શર્ટ લઈને ઊભા હતા. ટી-શર્ટ પર PM મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો લાગેલો હતો. તેના પર લખેલું હતું- PM RÍ કોમ્પ્રોમાઈઝ્ડ.

દિલ્હી પોલીસે ૪ પ્રદર્શનકારીઓની ધરપકડ કરી છે. તેમની ઓળખ ઈન્ડિયન યુથ કોંગ્રેસના સેક્રેટરી કૃષ્ણા હરિ, બિહાર સ્ટેટ સેક્રેટરી કુંદન યાદવ, ઉત્તર પ્રદેશ સ્ટેટ વાઈસ પ્રેસિડેન્ટ અજય કુમાર અને નેશનલ કોઓર્ડિનેટર નરસિમ્હા યાદવ તરીકે થઈ છે.

ભાજપે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે ષડયંત્ર હેઠળ ઈન્ટરનેશનલ સમિટમાં ભારતની છબી ખરાબ કરી છે. BJP સાંસદ સંબિત પાત્રાએ કહ્યું- આ સંયોગ નહીં, પરંતુ

અનુસંધાન પાના ૭ પર

# બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા સાથે વડાપ્રધાન મોદીની મુલાકાત

### લુલા દા સિલ્વાનું રાષ્ટ્રપતિ ભવનમાં ભવ્ય સ્વાગત

નવી દિલ્હી, તા. ૨૧

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાનું રાષ્ટ્રપતિ ભવનમાં સ્વાગત કરવામાં આવ્યું છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને સ્નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા. થોડી જ વારમાં બંને નેતાઓ બેઠક કરશે, જેમાં ઘણી વેપાર સમજૂતીઓ પર મહોર લાગી શકે છે.

આ મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યાપારી કરારો (ટ્રેડ ડીલ) ને મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે, જેમાં ક્રિટિકલ મિનરલ્સ, રેર અર્થ્સ, ડિફેન્સ, એનર્જી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ છે.

આમાં ટ્રેડ ડીલ સહિત અનેક કરારોને અંતિમ સ્વરૂપ આપવાની સંભાવના છે. લુલા સ્ મોદીના આમંત્રણ પર ભારત આવ્યા છે. તેઓ ૧૮-૨૨ ફેબ્રુઆરી સુધી ભારતના રાજકીય પ્રવાસે છે. લુલા તેમના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરશે. મોદી સાથે મુલાકાત કર્યા બાદ ૨૨ ફેબ્રુઆરીએ તેઓ સિઓલ (દક્ષિણ કોરિયા) જવા રવાના થશે.

ભારત-બ્રાઝિલ સંબંધો પર

અનુસંધાન પાના ૭ પર





# સુરતના મોરથી ભગવા ગામના દરિયાઇ કાંઠે પોલીસ અને મરીન કમાન્ડોનું સંયુક્ત પેટ્રોલિંગ

## કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલીંગ

સુરત, તા.૨૧

જ્યારે કોઈપણ આતંકવાદી ઘટના બને છે, ત્યારે તે સમયગાળો કટોકટીપૂર્ણ અને અગત્યનો હોય છે. તેજ પ્રમાણે આંતકવાદી ઘટના તુરંતબાદનો સમયગાળો હાઈ એલર્ટનો સમય હોઈ અગત્યનો હોય છે. ઉપરોક્ત બંને સમયગાળાઓ કરતાં પણ વધુ અગત્યનો સમયગાળો હાઈ એલર્ટ બાદ થાળે પડેલ અને નોર્મલ બનેલ પરિસ્થિતિ દરમિયાનનો હોય છે. કારણ કે, આ સમયગાળામાં જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો ઉપર મુજબના કટોકટીપૂર્ણ સમયગાળાઓમાંથી પસાર થવું પડતું નથી. આ બાબતે ધ્યાને લઈ સુરતના મોર થી ભગવા ગામના કાંઠા વિસ્તારમાં



એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના અધિક પોલીસ મહાનિદેશકશ્રી અમિતકુમાર વિશ્વકર્માસર તેમજ દરીયાઇ સુરક્ષા અને મરીન ટાસ્કફોર્સના પોલીસ મહાનિરીક્ષકશ્રી પી.એલ.માલસર તેમજ મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષકશ્રી એસ.જે.પરમારના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી બી.આર.તડવી અને પો.સ.ઇ.શ્રી એસ.બી.પટેલ અને મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો દ્વારા સંયુક્ત રીતે તા.૨૦.૦૨.૨૦૨૬ ના રોજ ફુટ પેટ્રોલીંગ દ્વારા "સઘન કોસ્ટલ પેટ્રોલીગ"નું આયોજન કરવામાં આવેલ હતું. આ "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ વાહનો, શંકાસ્પદ બોટો, અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું.

# બેંક ઓફ બરોડા દ્વારા ભવ્ય MSME ગ્રાહક આઉટ રીચ મીટિંગનું આયોજન

સુરત, તા.૨૧

ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડાએ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સુરતના હોટેલ રીજેન્ટા - ધ વર્લ્ડ ખાતે બેંકના પ્રતિષ્ઠિત અને આદરણીય ગ્રાહકો સાથે એક ખાસ MSME ગ્રાહક આઉટરીચ મીટિંગ"નું આયોજન કર્યું હતું, જેમાં બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી લાલ સિંહની ઉપસ્થિતિમાં અને બેંક ઓફ બરોડા, સુરત ઝોનના જનરલ મેનેજર અને ઝોનલ હેડ શ્રી કૃષ્ણ કુમાર સિંહની અધ્યક્ષતામાં ભાગ લીધો હતો.

મીટિંગ દરમિયાન, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી લાલ સિંહે હાજર ગ્રાહકો સાથે MSME માટે ઉપલબ્ધ વિવિધ યોજનાઓ અને સુવિધાઓ અને બેંક ઓફ બરોડા દ્વારા ઓફર કરવામાં આવતી સેવાઓ વિશે ચર્ચા કરી. તેમણે તેમને બેંક ઓફ બરોડા દ્વારા શરૂ કરવામાં આવેલી નવી ડિજી ઉદ્યોગ યોજના વિશે પણ માહિતી આપી. આ યોજના ૨ કરોડ સુધીની લોન માટે લોન પ્રક્રિયાને સરળ બનાવે છે, જેનાથી ગ્રાહકોને કોઈપણ કાગળ સબમિટ કરવાની જરૂર રહેતી નથી. બેંક આ એગ્રીગેટર્સ પાસેથી સીધા લોનનું મૂલ્યાંકન કરવા માટે જરૂરી ડેટા મેળવે છે. ગ્રાહકે ફક્ત ઓનલાઈન અરજી કરવાની જરૂર છે. વધુમાં, બેંક CGTMSE અને MCGS જેવી કોલેટરલ-



મુક્ત યોજનાઓ પણ પ્રદાન કરે છે.

આ પ્રસંગે, બેંક ઓફ બરોડા, સુરત ઝોનના જનરલ મેનેજર અને ઝોનલ હેડ શ્રી કૃષ્ણ કુમાર સિંહે જણાવ્યું હતું કે ભારત સરકારે MSMEના વિકાસ માટે ઘણી નાણાકીય સહાય યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓમાં PMMY, PMFME, PMSvanidhi, Stand Up India અને PM વિશ્વકર્મા મહત્વપૂર્ણ છે, જે ઘણા ક્ષેત્રોની નાણાકીય સમૃદ્ધિમાં ફાળો આપે છે. તેમણે સમજાવ્યું કે આ સંદર્ભમાં, બેંકે છેલ્લા કેટલાક વર્ષોમાં તેના ગ્રાહકોની સતત બદલાતી જરૂરિયાતો અને અપેક્ષાઓને અનુરૂપ ઘણા વ્યૂહાત્મક ફેરફારો કર્યા છે. તેમણે હાજર રહેલા તમામ મહાનુભાવોને બેંકની સેવાઓ અને ઉત્પાદનોનો સંપૂર્ણ લાભ લેવા વિનંતી કરી.

કાર્યક્રમમાં બેંકિંગ લેન્ડસ્કેપમાં જરૂરી ફેરફારો અને સુધારાઓ માટે માનનીય ગ્રાહકો તરફથી મૂલ્યવાન સૂચનો પણ પ્રાપ્ત થયા. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના ૧૧૦ થી વધુ માનનીય MSME ગ્રાહકો હાજર રહ્યા હતા. મહાનુભાવોએ ૧૯ પાત્ર લાભાર્થીઓને ૩૨૮.૦૦ કરોડના લોન મંજૂરી પત્રો અર્પણ કર્યા.

આ કાર્યક્રમના સંકલનમાં બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી નિર્મલ પટેલ અને બેંક ઓફ બરોડાના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી પ્રેમ સિંહ નેગીનો સહયોગ નોંધપાત્ર રહ્યો. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના સુરત શહેર-૧ પ્રાદેશિક વડા શ્રી મુકેશ નવલ, સુરત શહેર-૨ પ્રાદેશિક વડા શ્રી રાજેશ ફુલવાણી, સુરત જિલ્લા પ્રાદેશિક વડા શ્રી આદર્શ કુમાર, વલસાડ પ્રાદેશિક વડા શ્રી લલિત બરડિયા, નવસારી પ્રાદેશિક વડા શ્રી સતીશ ગુપ્તા, સહિત અન્ય અધિકારીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા.

# વીટી ચોક્સી લો કોલેજમાં ૬ ક્રેડીટ ધરાવતો ઓનલાઇન રિફ્રેશર કોર્ષ

## રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં ૪૨૨ અધ્યાપકો તથા સંશોધકો જોડાયા

સુરત, તા.૨૧

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત દ્વારા "Sustainable Development Goals & Futuristic Technologies fro Quality Education & Research" વિષયક યુજીસી માન્ય ઓનલાઈન રિફ્રેશર કોર્સ નું સફળ આયોજન

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત અને જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુરના UGC–Malaviya Mission Teacher Training Centre (MMTTC) ના સંયુક્ત ઉપક્રમે "Sustainable Development Goals & Futuristic Technologies fro Quality Education & Research" વિષય પર આયોજિત યુજીસી માન્ય ૬ ક્રેડિટ ધરાવતા ઓનલાઇન રિફ્રેશર કોર્સ તારીખ ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન સફળતાપૂર્વક અને ઉત્સાહભેર યોજાયો હતો.

કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે પ્રો. નીલંબરી દેવી(ફોર્મર વાઈસ ચાન્સેલર રાજકોટ યુનિવર્સીટી, રાજકોટ) ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. રાજેશ દુબે (ડિરેક્ટર, UGC–MMTTC, જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર) અને ડૉ. ઈરમલા દયાલ (ઈન્ચાર્જ આચાર્ય,વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત)ના સક્રિય વ્યવસ્થાપન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પથદર્શક તરીકે એડવો. શ્રી શ્રેયસ દેસાઈ (ચેરમેન, એડમિનિસ્ટ્રેટિવ કમિટી, વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત)એ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઈન કાર્યક્રમમાં કુલ ૪૨૨ સહભાગીઓએ નોંધણી કરાવી હતી, કાર્યક્રમમાં ભારતના ૧૨૧ જિલ્લાઓ, ૨૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અધ્યાપકો, સંશોધકો અને શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાંતોએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી, જે કાર્યક્રમની વ્યાપકતા અને રાષ્ટ્રીય સ્તરે તેની સ્વીકૃતિ દર્શાવે છે. કાર્યક્રમના સમાપન અવસરે સહભાગીઓ દ્વારા આપવામાં આવેલા

અનુસંધાન પાના ૭ પર

# પશ્ચિમ રેલ્વે ઉધના-માલદા વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવશે

## સાપ્તાહિક ટ્રેન હોળીના તહેવારમાં આઠ ટ્રીપ મારશે

સુરત, તા.૨૧

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને હોળીના તહેવાર દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે ઉધના-માલદા સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ ૧. ટ્રેન નંબર ૦૩૪૧૮/૦૩૪૧૭ ઉધના-માલદા ટાઉન (સાપ્તાહિક) સ્પેશિયલ ટ્રેન ચ૮ ટ્રિપ્સૃ ટ્રેન નંબર ૦૩૪૧૮ ઉધના-માલદા ટાઉન સ્પેશિયલ દર સોમવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે ઉધનાથી ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૫:૫૫ વાગ્યે માલદા ટાઉન પહોંચશે. આ ટ્રેન ૨ માર્ચ, ૨૦૨૬ થી ૨૩ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૩૪૧૭ માલદા ટાઉન-ઉધના સ્પેશિયલ દર શનિવારે માલદા ટાઉનથી ૧૨:૧૫ PM પર ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૨:૧૫ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૨૮ ફેબ્રુઆરીથી ૨૧ માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. ટ્રેન ચલથાણ, વ્યારા, નવાપુર, નંદુરબાર, દોંડાઈચા, અમલનેર, ભુસાવલ, ઈટારસી, પીપરીયા, મદન મહેલ, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, સાસારામ, ગયા, તિલૈયા, નવાદા, શેખપુરા, કીલ, અભયપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને નવા ફરક્કા સ્ટેશન બંને દિશામાં. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર

અનુસંધાન પાના ૭ પર

# ડે.કમિ. સ્વાતિ દેસાઈના રાજીનામા મુદ્દે નિર્ણય કરવા વિપક્ષની માંગણી

## સ્વાતિ દેસાઈની ફરજ દરમિયાન શંકાસ્પદ અને પાલિકાને આર્થિક નુકસાન પહોંચાડનારી કાર્યવાહીની તપાસ કરવામાં આવે : પાયલ સાકરિયા

સુરત, તા.૨૧

સુરત મહાનગરપાલિકા ડેપ્યુટી કમિશનર (ફાઈનાન્સ) શ્રીમતી સ્વાતિબેન દેસાઈ દ્વારા તેમનું રાજીનામુ મુકીને તેમજ તેનો મનપા કમિશ્નર દ્વારા સ્વીકાર કરાયા બાદ અઠવાડિયાનો સમય વીતી ગયેલ હોવા છતાં સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરેલ ન હોવાની માહિતી વિપક્ષ નેતા પાયલ સાકરિયાને મળી હતી. આ બાબતે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મનપા કમિશ્નરને પત્ર લખીને જણાવ્યું હતું કે, આગામી ટૂંક સમયમાં આચારસંહિતાની ઘોષણા થઈ શકે છે તો આવતીકાલે મળનાર સ્થાયી સ્થળ સમિતિની સભામાં સદર કામને વધારાના કામ તરીકે સમાવેશ કરીને નિર્ણય કરવા સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવા જણાવ્યું હતું.

પાયલ સાકરિયાએ વધુમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિ. કમિશનર (ફાઈનાન્સ) તરીકે એકાઉન્ટ વિભાગના વડાના હોદ્દાની રૂએ તેઓએ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઉદ્યોગોને આપવાના પાણીના ભાવ નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવેલ છે. તેમજ ખજોદ ડમ્પિંગ સાઈટ ખાતે કચરાના નિકાલ વગર ઈજારાદારના બિલોને મંજૂર કરવાનું પણ કામ કરેલ છે. જે અંગે તપાસ હાથ ધરીને તપાસ નિષ્પક્ષ થાય તે હેતુસર તાત્કાલિક તેમની પાસેથી ફાઈનાન્સ વિભાગ મેળવીને બીજાને ફાળવવા નોંધ બહાર પાડેલ છે, પરંતુ હજુ સુધી કમિશ્નર દ્વારા વહીવટી પારદર્શિતા જાળવવા અને નિષ્પક્ષ તપાસ માટે જરૂરી એવી એમની બદલી કરેલ નથી જે ગંભીર બાબત છે.

વધુમાં પાયલ સાકરિયાએ મનપા કમિશનરને જણાવ્યુ કે, આજ દિન સુધીની સ્વાતિબેન દેસાઈની કાર્યપદ્ધતિ બિન જવાબદાર અને જવાબદારીથી પલાયનવાદી રહેલી છે. જે સુરત મહાનગરપાલિકાના વિકાસમાં અવરોધ રૂપ હોય તેઓને તેમની ફરજ દરમિયાન ઉક્ત જણાવેલ શંકાસ્પદ અને પાલિકાને આર્થિક નુકસાન પહોંચાડનારી કાર્યવાહીની તપાસ કરવામાં આવે અને તેના દ્વારા થયેલ મહાનગરપાલિકાના આર્થિક નુકસાન બદલ તેમજ

અનુસંધાન પાના ૭ પર

# રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય લગ્ન નોંધણીમાં માતા-પિતાનો સમાવેશ

## લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે, આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છેઃ શ્રી હર્ષ સંઘવી

સુરત, તા.૨૧

ગુજરાત વિધાનસભાના ગૃહમાં આજે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નિયમ ૪૪ હેઠળ એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ બાબત પર નિવેદન આપ્યું હતું. રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવા જઈ રહી છે. આ સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવામાં આવ્યા છે.

લગ્ન નોંધણીમાં 'છળકપટ' રોકવા લાવવામાં આવેલા આ સુધારાઓ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં વેદના સાથે જણાવ્યું હતું કે, રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો છે. અસામાજિક તત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી રાજ્યની દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. પંચમહાલ જિલ્લામાં અનેક બોગસ લગ્નો નોંધાયા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પંચમહાલના કંકોડાકોઈ અને નાથકુવા જેવા ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર નથી, ત્યાં તલાટી-કમ-મંત્રી દ્વારા સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઈશ્યૂ કરવામાં આવ્યા છે, જે ઊંડાણપૂર્વક તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે.

નવા સૂચિત નિયમોની મુખ્ય વિશેષતાઓ અંગે નાયબ

અનુસંધાન પાના ૭ પર

# સુરતના કામરેજ ખાતે રવિવારે 'માહાવંશી મહાકુંભ'નુ આયોજન

## મહાકુંભમાં સામાજીક વિકાસના મુદ્દાઓ પર મંથન કરાશે

સુરત, તા.૨૧

સુરત જિલ્લા ખાતે માહાવંશી સમાજના એકતા, સંકલ્પ અને વિકાસના હેતુસર ભવ્ય "માહાવંશી મહાકુંભ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ તા. ૨૨મી ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર, સાંજે ૪:૩૦ કલાકે યોજવામાં આવ્યો છે.

આ મહાકુંભનું આયોજન માહાવંશી વિકાસ મંચ (ભારત) દ્વારા કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમનું સ્થળ સહકાર પાટી પ્લોટ, બસ સ્ટેન્ડની બાજુમાં, કામરેજ—સુરત રોડ, કામરેજ ચાર રસ્તા ખાતે રાખવામાં આવ્યો છે. કાર્યક્રમમાં સમાજના આગેવાનો, યુવાનો, મહાનુભાવો તેમજ વિવિધ ક્ષેત્રના પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહેશે. મહાકુંભ દરમિયાન સમાજની એકતા મજબૂત બનાવવા, નવી પેઢીને પ્રેરણા આપવા અને સામાજિક વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સંગીતમય સાંજનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે કાર્યક્રમને વિશેષ આકર્ષક બનાવશે. આ આયોજનમાં સમાજના તમામ ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

# નેશનલ ફાઇબરમાં સ્કીમમાં મેન-મેડ ફાઇબરનો સમાવેશ : મિતિશભાઈ મોદી

## સુરતમાં એમએમએફ ટેક્સટાઈલ પર બજેટ અને ભૂરાજકીય અસરો અંગે સેમિનારનું સફળ આયોજન

સુરત, તા.૨૧

સુરત ધ ટેક્સટાઈલ એસોસિએશન (ઇન્ડિયા) (ટીએઆઈ)ના દક્ષિણ ગુજરાત એકમ દ્વારા ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અડાજણ સ્થિત ક્ષિતિજ બૅન્કવેટ હૉલ ખાતે "ઈમ્પેક્ટ ઓફ બજેટ એન્ડ જીઓપોલિટિકલ ડેવલપમેન્ટ્સ ઓન એમએમએફ ટેક્સટાઈલ્સ" વિષય પર એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત પીપલ્સ બેંક પ્રાયોજિત આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ, ટેક્નોક્રેટ્સ અને નિષ્ણાતોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે ચેમ્બર વતી ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિશભાઈ મોદી મુખ્ય નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર દરમિયાન કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની અસરો પર ઊંડાણપૂર્વક છણાવટ કરતા તેમણે કહ્યું કે, બજેટમાં કરવામાં આવેલી નેશનલ ફાઈબર સ્કીમની જાહેરાત આવકારદાયક છે. આ સ્કીમમાં MMF (મેન-મેડ ફાઈબર)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે સુરત જેવા એમએમએફના મોટા ટેક્સટાઈલ હબ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કૃષિ પછી બીજા સૌથી મોટા રોજગારી આપતા શ્રમ સઘન ટેક્સ્ટાઈલ સેક્ટર માટે સંકલિત પ્રોગ્રામ જાહેર કરાયો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતિશભાઈ મોદીએ પ્રથમ સત્રમાં બજેટની જોગવાઈઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું હતું કેઃ

- કાચા માલ પરની કસ્ટમ ડ્યુટીમાં ફેરફાર ઉદ્યોગોના ખર્ચ માળખાને સકારાત્મક અસર કરશે.
- કરવેરા સુધારા MSME

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વરમાં યુપીએલ યુનિવર્સિટી દ્વારા રેવાફેસ્ટ ૨૦૨૬ યોજાયો

## વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવમાં રંગારંગ કાર્યક્રમ રજૂ કરાયા

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વરની યુપીએલ યુનિવર્સિટી દ્વારા રેવા ફેસ્ટ નામક વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંકલેશ્વરની યુપીએલ યુનિવર્સિટી દ્વારા રેવા ફેસ્ટ નામક વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અંકલેશ્વરની યુપીએલ યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ 'REVAFEST ૨૦૨૬' યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ઓ.એન.જી.સી.ના એસેટ મેનેજર જે.એન.સુકાનંદન, રોટરી ક્લબના ડીસ્ટ્રીકટ ગવર્નર અમરદીપસિંગ બુનેટ,બીડીએમએના પ્રમુખ દેવાંગ ઠાકોર, યુનિવર્સિટીના સાંદ્રા શ્રોફ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.રેવા ફેસ્ટના મુખ્ય આકર્ષણોમાં ડાન્સ ફેસ્ટ, મ્યુઝિક ફેસ્ટ અને 'સ્ટાર ઓફ SRICT એવોર્ડ'નો સમાવેશ થયો હતો. ઉપરાંત દ્ગઝ્રઝ્રના વિદ્યાર્થી સુઓ અભિષેક રાજભારનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમો દ્વારા પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

# માતૃભાષાના મધુર કંઠ અને અક્ષર દેહના સેવકઃ સુરતના શિક્ષક રાજેશ ધામેલિયાનું અવિરત ભાષા-કર્મ

સુરત, તા. ૨૦-૦૨-૨૦૨૬: આવતીકાલે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી થઈ રહી છે. માતૃભાષા એ માત્ર સંવાદનું સાધન નથી, પણ આપણી સંસ્કૃતિનો જીવંત વારસો છે. આ વારસાને જાળવવા અને આવનારી પેઢીને માતૃભાષાના અક્ષરજ્ઞાનથી સજ્જ કરવા સુરતના એક શિક્ષકે છેલ્લાં ૧૬ વર્ષથી જે 'ભાષા-યજ્ઞ' આદર્યો છે, તે સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ—સુરત સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રાજેશકુમાર વશરામભાઈ ધામેલિયા એ એક એવું નામ છે, જેમણે ગણિત અને અંગ્રેજીના શિક્ષક તરીકે શૈક્ષણિક કારકિર્દીનો પ્રારંભ કર્યો છતાં, ગુજરાતી ભાષાની જોડણી અને શુદ્ધિને પોતાનું જીવનકાર્ય બનાવ્યું છે.



**એક નાનકડા પ્રશ્ને બદલી નાખી જીવનની દિશા**

વર્ષ ૧૯૯૭માં પાલિતાણાની એક શાળામાં બોર્ડ પર દરરોજ જોડણીનો એક નિયમ લખવાની તેમની આદતે ભાષા શિક્ષણની એક નવી પદ્ધતિ જન્મ આપી. જ્યારે એક સહકર્મીએ તેમને પૂછ્યું કે, "તમે આટલા સચોટ નિયમો ક્યાંથી શીખ્યા?", ત્યારે રાજેશભાઈએ મનોમન નક્કી કર્યું કે તેઓ ભાષાશુદ્ધિને અત્યંત સરળ બનાવી દરેક વિદ્યાર્થી સુધી પહોંચાડશે. આ સંકલ્પમાંથી જન્મી તેમની અત્યંત લોકપ્રિય પુસ્તિકાઓ ??- 'સાચી જોડણી લાગે વહાલી' અને 'ભાષાસજ્જતા'.

**વૈશ્વિક ફલક પર ગુજરાતી ભાષાનો ગુંજારવ**

રાજેશભાઈનું કાર્યક્ષેત્ર માત્ર સુરત કે ગુજરાત પૂરતું સીમિત નથી.ડિજિટલ પ્લેટફોર્મઃ ન્યૂયોર્ક (અમેરિકા) સ્થિત ગુજરાતી બાળકો હોય કે મુંબઈ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીની શાળાઓ — વેબિનાર અને

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વરમાં એઆઈએ ખાતે હેલ્થ, સેફ્ટી અને પર્યાવરણ પર સેમિનાર

## ઔદ્યોગિક સલામતી, આરોગ્ય અને પર્યાવરણના રક્ષણ અંગે પ્રદર્શન

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર ઔધોગિક મંડળ, એનવાયરમેન્ટ સોસાયટી અને DPMC દ્વારા સલામતી, નેતૃત્વ પ્રતિબદ્ધતા દ્વારા ટકાઉપણું અને પ્રદર્શન પર HSE સેમિનાર-૨૦૨૬નુ આયોજન કરાયું. અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન ખાતે હેલ્થ, સેફટી અને પર્યાવરણ પર સેમિનાર સાથે પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર ઔધોગિક મંડળ, એનવાયરમેન્ટ સોસાયટી અને DPMC દ્વારા સલામતી, નેતૃત્વ પ્રતિબદ્ધતા દ્વારા ટકાઉપણું અને પ્રદર્શન પર HSE સેમિનાર - ૨૦૨૬ નું શુક્રવારે આયોજન કરાયું હતું. ઉદઘાટન સમારોહમા મામલતદાર કિરણસિંહ રાજપૂત, AIA પ્રમુખ વિમલકાંત જેઠવા, ડિશ ડે. ડિરેકટર ડી.બી. ગામિત, પ્રબોધ પટેલ, GPCB ના રીજનલ અધિકારી ડો. એસ.એન. અગ્રાવત, DPMC વિજય અસર, અતુલ બુચ, મનસુખ વેકરીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા દિપક નાઈટ્રિટના જનરલ મેનેજર ડો. મધુર સેક્સેનાએ આરોગ્ય, સલામતી અને ટકાઉપણા વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ ઉપસ્થિતિ મહાનુભવો, ઉધોગપતિઓ અને કામદારોએ ઔધોગિક સલામતી, વ્યવસાયિક આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, ફાયર પ્રોટેક્શનના વિવિધ પ્રદર્શની સ્ટોલની મુલાકાત લીધી હતી.

# ભાંગના બીજ સ્વાસ્થ્ય માટે છે કમાલના ગુણકારી!

'હોરી આઈ રે કાન્હા વ્રજ કે રસિયા હોરી આઈ રે'... ભારતમાં વસંત ઋતુનું ઘણું મહત્ત્વ છે. માનવીય જીવનમાં ઉત્સાહ-ઉમંગ ભરી દે તેવી આ ઋતુ હોય છે. વસંતનો મુખ્ય તહેવાર એટલે જ 'હોળી'. જેમ યુવાનીમાં 'વૅલેન્ટાઈન ડે'ની અગાઉથી તૈયારી થતી હોય છે.


નાની-મોટી પ્રત્યેક વ્યક્તિઓની સાથે વ્રજવાસીઓ ખાસ હોળીની રાહ આતુરતાથી જોતાં હોય છે. જીવનમાં એક વખત વ્રજની હોળીનો આનંદ અચૂક માણવો જોઈએ. હોળીની વાત આવે તેની સાથે ભાંગની યાદ આવે. ભાંગ શબ્દ વાંચીને તરત જ આપણા મનમાં એવો જ વિચાર આવે કે તેનું સેવન સ્વાસ્થ્ય માટે ગુણકારી નથી. વાસ્તવમાં કુદરતે જેમ પ્રત્યેક વ્યક્તિને એક અનોખી આવડત સાથે પૃથ્વી ઉપર મોકલી છે, તે જ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિમાં કાંઈક અલગ જ ગુણો સમાવી દીધા છે.

ભારતમાં મારિજુઆના શબ્દ કે ભાંગ શબ્દ સાંભળીને એક અલગ પ્રકારની ઉત્તેજના જોવા મળે છે. મારિજુઆનાના ત્રણ સ્વરૂપ એટલે ગાંજો-ચરસ-ભાંગને રાખવી, ખાવી કે તેનો વ્યાપાર કરવો ગૈર-કાનૂની ગણાય છે. તેમાં એક અપવાદ છે જે છે ભાંગના બીજ. ભાંગના બીજ કૈનાબિસ સૈટિવા છોડમાંથી મળે છે. જે મારિજુઆનાના છોડથી અલગ પ્રકારનો છોડ છે.

ભાંગના બીજથી નશો થતો નથી. કેમ કે તેમાં ટેટ્રાહાઈડ્રોકેનાબિનોલનો અત્યંત નાનો ભાગ હોય છે. જેનો આરોગ્ય ઉપર કોઈ મનોવૈજ્ઞાનિક પ્રભાવ નથી પડતો. આ બીજ સ્વાદમાં કુકકુરા હોય છે. હળવી મીઠાશની સાથે તેનો સ્વાદ અખરોટ જેવો લાગે છે. અનેક લોકોને તે છોતરાં સાથે ખાવા પસંદ હોય છે. તો કેટલાંક લોકોને તે છોતરાં સાફ કરીને ખાવા ગમે છે. દેખાવમાં તે અત્યંત નાના બીજ હોય છે, પરંતુ તેમાં પૌષ્ટિક તત્ત્વોનો ખજાનો સમાયેલો હોય છે.

ભાંગના બીજમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે. પહાડી પ્રદેશોમાં ભાંગના બીજનો વિવિધ વ્યંજનોમાં ખાસ ઉપયોગ કરવામાં આવે છે. હવે તો ભાંગના બીજના ખાસ ગુણોને કારણે તેની નિકાસ મોટા પાયે થવા લાગી છે. ભાંગના બીજ રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે ત્વચા, પાચન ક્રિયા, મગજ માટે લાભકારક ગણાવા લાગ્યા છે. ભાંગના બીજનો નિયમિત ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવો આવશ્યક છે. આયુર્વેદમાં ભાંગના બીજને તેના ઔષધીય ગુણોને કારણે ખાસ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વિવિધ પોષક ગુણો હોવાની સાથે તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન, મિનરલ્સ સમાયેલાં છે. શાકાહારી ભોજન પસંદ કરતાં જનસમૂહ માટે ભાંગના બીજ એક સારો પર્યાય ગણવામાં આવે છે. ભાંગના બીજનો સમાવેશ સૂકા મેવા તરીકે કરવામાં આવે છે. તેના બીજમાં ૩૦ ટકા તેલ તથા ૨૫ ટકા પ્રોટીન સમાયેલું હોય છે. ભાંગના બીજના તેલનું ઑક્સિડેશન તાપમાન ઓછું હોય છે. તેથી તેના તેલનો ઉપયોગ પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થો કે લાંબા સમય સુધી રાખી શકાય તેવી વસ્તુના ઉપયોગમાં કરી શકાતો નથી. ભાંગના તેલમાં સ્વાસ્થ્ય માટે આવશ્યક પ્રત્યેક એમિનો એસિડ હોય છે. મુખ્યત્વે આર્જિનિન જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. બેક્ટેરિયા, ફંગસ કે વાયરસથી ફેલાતાં રોગથી બચાવે છે. તેથી જ તો આજે આપણે હોળીમાં ખાસ ઉપયોગમાં લેવાતાં ભાંગના બીજના ગુણો વિશે જાણકારી મેળવી લઈએ :





ત્વચા સંબંધિત સમસ્યાને સુધારવામાં લાભકારક : ભાંગના બીજનો ઉપયોગ આહારમાં કરવાની સાથે ભાંગના બીજનું તેલ ત્વચા ઉપર ચમત્કારિક પરિણામ ધરાવે છે. કેમ કે ભાંગના બીજના અર્કમાં ઍન્ટિ બેક્ટેરિયલ, ઍન્ટિ ઈન્ફ્લેમેટરી તથા ઍન્ટિ ઑક્સિડન્ટ ગુણો સમાયેલાં હોય છે. જે ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. જે કૉલેજન ઉત્પાદનનમાં વધારો કરે છે. જેની ગણતરી પ્રોટીનમાં થાય છે. ત્વચા ઉપર દેખાતા કાળા ડાઘ, લાલ ચકામાની સમસ્યામાં રાહત અપાવે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં લાભકારક : ભાંગના બીજને અંગ્રેજીમાં હેંપ સીડસ્ તરીકે ઓળખવામાં આવે છે. ભાંગના બીજમાં ઑમેગા-૩ તથા ઑમેગા-૬ જેવા સ્વાસ્થ્યવર્ધક ફેટી એસિડની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે પૉલી-અનસેચ્યુરેટેડ ફેટ હોય છે. હૃદયની તંદુરસ્તી જાળવવા માટે તે અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું સેવન કરવાથી ખરાબ કૉલેસ્ટ્રોલનું પ્રમાણ નિયંત્રણમાં રહે છે. વળી સારા કૉલેસ્ટ્રોલની માત્રા વધારવામાં મદદ કરે છે. જેથી નસોમાં લોહી ગંઠાઈ જવાની શક્યતા ઘટે છે. હૃદય તેનું કામ સુચારુ રીતે કરવા સક્ષમ બને છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિન દ્વારા પ્રકાશિત એક અધ્યયન મુજબ ભાંગના બીજમાં રહેલું ઑમેગા-૩ ફેટી એસિડ જેથી તેનું સેવન કરવાથી ઈસ્કેમિક હૃદય રોગ જેવી સમસ્યાને રોકવાની ક્ષમતા વધે છે. હૃદયની તંદુરસ્તી જાળવવા પ્રત્યે સજાગ વ્યક્તિએ ભાંગના બીજ તથા બીજના તેલનો ઉપયોગ અવશ્ય કરવો.મગજના સ્વાસ્થ્યને સુધારવામાં ગુણકારી : ઑમેગા-૩ ફેટી એસિડ નશો તેમ જ મગજના સ્નાયુઓને થતાં નુકસાનથી બચાવે છે. સ્વસ્થ મગજ ચોક્કસ રીતે વધુ સારું કામ કરી શકે છે. વય વધવાની સાથે યાદશક્તિ ઘટી જવાની તકલીફ કે અન્ય તકલીફને રોકવાનું કામ કરે છે. કેમ કે વય વધવાની સાથે શરીરમાં ઑમેગા-૩ ફેટી એસિડની માત્રા ઘટવાની શરૂ થતી હોય છે. જેનાથી બચવું હોય તો ઑમેગા-૩ ફેટી એસિડ ધરાવતો આહાર લેવો આવશ્યક ગણાય છે.હોર્મોનલ સંતુલન જાળવવામાં મદદરૂપ : પારંપારિક ચિકિત્સાનો ઉપયોગ અનેક વર્ષોથી સ્ત્રી રોગ તથા હોર્મોનલ સમસ્યાના ઈલાજ માટે થતો જોવા મળે છે. જેમાં ભાંગના બીજનો ઉપયોગ અસરકારક ગણાય છે. ભાંગના બીજમાં ગામા લિનોલેનિક એસિડ સમાયેલું હોય છે. જે મહિલાઓમાં રજોનિવૃત્તિનાં લક્ષણોને કારણે થતી તકલીફને નિયંત્રિત કરીને તેને નિયમિત કરવામાં મદદ કરે છે. પોષણનો ખજાનો : ભાંગમાં પોષણનો ખજાનો સમાયેલો છે. તેમાં મેગ્નેશિયમ, ઝિંક આયર્નની માત્રા ભરપૂર છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે શરીરને ઊર્જાવાન બનાવે છે. ઍન્ટિ ઑક્સિડન્ટ તથા ઍન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોવાને કારણે ઈમ્યૂન સૅલ્સની રક્ષા કરવામાં મદદરૂપ થાય છે.



# નિખાર: સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય? જાણો તેના ફાયદા-ગેરફાયદા...

ખાવા અને વાળ પર લગાવવા માટે સરસવનું તેલ શ્રેષ્ઠ માનવામાં આવે છે. પરંતુ શું સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય? ચાલો જાણીએ આ વિશે... સરસવનું તેલ સ્વાસ્થ્ય માટે ખૂબ જ આરોગ્યપ્રદ માનવામાં આવે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ભારતીય ઘરોમાં ખોરાકમાં મસાલા ઉમેરવા માટે થાય છે. તે જ સમયે ઘણા લોકો વાળ પર લગાવવા માટે પણ તેનો ઉપયોગ કરે છે, પરંતુ ત્વચાને નુકસાન થવાના ડરથી તેને ચહેરા પર લગાવતા પહેલા ઘણી વાર વિચારો છો, પરંતુ ચાલો તમને જણાવી દઈએ કે સરસવના તેલમાં ઘણા એવા ગુણધર્મો છે, જે ત્વચાને પણ ફાયદો પહોંચાડી શકે છે. જો કે તે થોડું નુકસાન પણ કરી શકે છે. ચાલો જાણીએ કે ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ફાયદા અને ગેરફાયદા શું છે?

ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ફાયદા?

ત્વચાને પોષણ આપે છે

ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી તમારી ત્વચાને પૂરતું પોષણ મળે છે. સરસવના તેલમાં મુખ્યત્વે વિટામિન-ઈ, ઓમેગા-૩ અને ઓમેગા-૬ ફેટી એસિડ હોય છે, જે તમારી ત્વચાને ઊંડે સુધી પોષણ આપે છે અને ભેજયુક્ત બનાવે છે. આ શુષ્ક અને નિર્જીવ ત્વચાને ચમકદાર બનાવે છે.

ચહેરા પર કરચલીઓ અને ડાઘ-ધબ્બાથી રાહત

નિયમિત રીતે ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી કરચલીઓ અને લાઈન ઓછી થાય છે. વાસ્તવમાં સરસવના તેલમાં એન્ટી-ઓક્સિડન્ટ અને એન્ટી-એજિંગ વિરોધી ગુણધર્મો હોય છે, જે કરચલીઓ અને ફાઇન લાઇન્સ જેવા અકાળ વૃદ્ધત્વને ચિહ્નોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

ચેપથી સુરક્ષિત રાખે છે

સરસવના તેલમાં કુદરતી રીતે એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ફંગલ ગુણધર્મો હોય છે, જે ત્વચાને બેક્ટેરિયલ અને ફંગલ ચેપથી બચાવવામાં મદદ કરી શકે છે. તે ખીલ અને નાના ત્વચા ચેપથી પણ રક્ષણ આપી શકે છે.કેટલાક લોકોને સરસવનું તેલ લગાવવાથી એલર્જી થઈ શકે છે, જેના કારણે તેઓ બળતરા, દુખાવો, ખંજવાળ અને લાલાશની ફરિયાદ કરી શકે છે. સરસવનું તેલ થોડું જાડું અને ભારે હોય છે, જેના કારણે તે ત્વચાના છિદ્રોને બંધ કરી શકે છે. આવી સ્થિતિમાં ખીલ અથવા બ્રેકઆઉટ થવાની શક્યતા વધી જાય છે. જો તમે સરસવનું તેલ લગાવ્યા પછી તડકામાં બહાર જાઓ છો, તો સનબર્ન થવાનું જોખમ રહેલું છે. કારણ કે તે સૂર્યનાં તીવ્ર કિરણોથી ત્વચાને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં સક્ષમ નથી. આવી સ્થિતિમાં, તડકામાં બહાર નીકળતા પહેલા ચહેરા પર સરસવનું તેલ ન લગાવો.

# ખોરાક ને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે?

## માનવ જીવન ટકાવી રાખવાની મર્યાદાઓ



આપણા આ માનવ શરીરની ક્ષમતા હોય છે. ચાલો જાણીએ કે ખોરાક અને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે છે. માનવ શરીર સ્થિતિસ્થાપક છે, પરંતુ તેની કેટલીક જૈવિક મર્યાદાઓ પણ છે. ખોરાક અને પાણી વગર જીવવું એટલે મગજ, હૃદય અને કિડની જેવા મહત્ત્વપૂર્ણ અંગોને નુકસાન પહોચાડવું, જેના પર માનવ શરીર આધાર રાખે છે. ચાલો જાણીએ કે ખોરાક અને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે છે.

રક્ત પરિભ્રમણ, તાપમાન નિયંત્રણ અને કચરાના નિકાલ માટે પાણી જરૂરી છે. આનું કારણ એ છે કે માનવ શરીરનો લગભગ ૬૦ ટકા થી ૭૦ ટકા ભાગ પાણીથી બનેલો છે.આને કારણેડિહાઈડ્રેશન ઝડપથી અંગોના કાર્યને બગાડે છે. વ્યક્તિ પાણી વગર ફક્ત ત્રણથી પાંચ દિવસ જ જીવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં જીવિત રહેવાનું એક અઠવાડિયા સુધી ટકી શકે છે, પરંતુ ગંભીર કિડની નિષ્ફળતા અને અંગ નિષ્ફળતાના કિસ્સા સામાન્ય રીતે ખૂબ વહેલા થાય છે.પાણી વિના, લોહી જાડું થાય છે. કિડની ખરાબ પદાર્થોને ફિલ્ટર કરવાનું બંધ કરે છે અને શરીરનું તાપમાન અનિયંત્રિત રીતે વધે છે. ઈલેક્ટ્રોલાઈટ સંતુલન ખોરવાવાથી મગજ પણ પ્રભાવિત થાય છે. ડિહાઈડ્રેશનથી મૃત્યુ ઘણીવાર ભૂખમરાથી મૃત્યુ કરતાં ઝડપી અને વધુ પીડાદાયક હોય છે. આ જ કારણ છે કે હાઈડ્રેશનને હંમેશા અસ્તિત્વ માટે સર્વોચ્ચ પ્રાથમિકતા માનવામાં આવે છે.જો કોઈ વ્યક્તિ પાણી પીવાનું ચાલુ રાખે છે, તો શરીર સર્વાઈવલ મોડમાં જાય છે. સંગ્રહિત ચરબીનો ઉપયોગ પહેલા ઉર્જા ઉત્પાદન માટે થાય છે, ત્યારબાદ સ્નાયુ પેશીઓનો ઉપયોગ થાય છે. આવા કિસ્સાઓમાં એક સ્વસ્થ પુખ્ત વ્યક્તિ ખોરાક વિના ૩ થી ૮ અઠવાડિયા સુધી જીવી શકે છે. તબીબી કિસ્સાઓ સૂચવે છે કે જીવિત રહેવાનો સમય ૭૦ દિવસ સુધી લંબાવી શકાય છે. જો કે આવા કિસ્સાઓમાં શરીર નોંધપાત્ર રીતે નબળું પડી જાય છે.વધુ ચરબીવાળા લોકો સામાન્ય રીતે ખોરાક વિના લાંબા સમય સુધી જીવી શકે છે. આનું કારણ એ છે કે ચરબી ઊર્જા અનામત તરીકે કાર્ય કરે છે. જેમ જેમ ભૂખ વધે છે, રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે, સ્નાયુઓનો સમૂહ ઘટે છે, અને અંગોનું કાર્ય ધીમું પડે છે. આખરે હૃદય અને મગજમાં કાર્ય કરવા માટે પૂરતી ઊર્જાનો અભાવ હોય છે.માનવ સહનશક્તિને સમજવા માટે ત્રણનો નિયમ સમજવો મહત્વપૂર્ણ છે. ઓક્સિજન વિના ૩ મિનિટ, પાણી વિના ૩ દિવસ અને ખોરાક વિના ૩ અઠવાડિયા.વધુ પડતી ગરમી ડિહાઈડ્રેશન વધારે છે.

# આવશ્યક પ્રોટીન P૫૩ કેન્સર ને રોકે છે...

પ્રોટીન શરીરના બંધારણ વૃદ્ધિ અને સમારકામ માટે આવશ્યક મેક્રોન્યુટ્રિઅન્ટ છે જે ત્વચા હાડકાં વાળ અને નખના નિર્માણ માટે જરૂરી બિલ્ડિંગ બ્લોક તરીકે કામ કરે છે. ઉત્સેચકો હાર્મોનનું સતુંલન જાળવવા રોગ પ્રતિકારક શક્તિ માટે, પેશીઓના સમારકામ ચેપી રોગની સામે લડવા માટે પ્રોટીન આવશ્યક છે. આજકાલ પ્રોટીનની ઊણપ વધુ દેખાવા લાગી છે. ભારતીય ભોજનમાં દાળનું મોટું લિસ્ટ છે. છતાંય પ્રોટીનની ઊણપ છે એનું કારણ ભોજન શૈલીમાં બગાડ થવો તે છે. રિફાઈન્ડ તેલ, સાકર, સોડા, જંકફૂડનો વપરાશ બાહ્ય ડબ્બા પેક ભોજન જેવી બાબતોના કારણે પ્રોટીનની ઊણપ સર્જાય છે.

p53 એક અત્યંત મહત્ત્વપૂર્ણ ટ્યૂમર સપ્રેસર પ્રોટીન છે. જે ગુણસૂત્ર (ક્રોમોસોમ) સત્તર ૫૩ જીન દ્વારા બને છે. જે સેલમાંના ડી.એન.એ.માં સંરક્ષકના રૂપમાં કાર્ય કરે છે. જે કેન્સર રોધક છે.P૫૩ S™ R6 જીનની જેમ એક ટ્યૂમર અવરોધ જીન છે જે શરીરમાં ટ્યૂમરના નિર્માણને રોકે છે. જેમ જેમ આયુ વધે ઈમ્યુનિટી ઓછી થાય નેP૫૩ પ્રોટીનમાં ક્ષતિ પહોંચે ત્યારે કેન્સર કે ટ્યૂમરનું નિર્માણ થાય છે. લગભગ બધા જ પ્રકારના કેન્સરમાં ઈ૬ ની ક્ષતિ જ કારણ હોય છે.

p53 જીન ગુણસૂત્ર સત્તર ૫ર સ્થિત હોય છે જે ડી.એન.એ. સાથે જોડાય અને p2 જીન નામક પ્રોટીન ઉત્પન્ન થાય જે કોશિકા (સેલ) ને વિભાજિત થતી રોકે. આ ઉપલબ્ધ ન હોય તો કોશિકા (સેલ)નું વિભાજન અનિયંત્રિત થાય અને કેન્સર કે ટ્યૂમર થાય છે. એટલે કે ૫૩ પ્રોટીન પોતાનું કાર્ય બંધ કરી દે ત્યારે કેન્સર થાય છે. છાતીનું કેન્સર, યકૃત, ત્વચા, ફેફસા, કોલોન જેવા કેન્સર થાય છે. ખરાબ કે ક્ષતિગ્રસ્ત થયેલી કોશિકા (સેલ) મરતા નથી તે અનિયંત્રિત રૂપથી વધતા રહે છે.

એક સંશોધન પ્રમાણે સાબિત થયું છે કે P૫૩ પ્રોટીન જે લગભગ ચારસો અમાયનો એસિડ મળીને આ પ્રોટીન બને છે જે પ્રમુખ સંયોજન છે. આની રચના ચતુર્ભુજ આકારની છે. જે પૂર્ણ પ્રોટીન છે. જે પ્રોટીન કાર્બોહાઈડ્રેટ અને વસાની સાથે સાથે શરીરને સ્વસ્થ રાખવા માટે આવશ્યક છે. ચાલીસની આયુ પછી માંસપેશી ધીરે ધીરે ઓછી થવા લાગે છે. જેને સાર્કોપેનિયા કહેવાય છે. જેમ જેમ ઉંમર વધવા લાગે આની ગતિ વધી જાય છે. શારીરિક શક્તિમાં ઓછપ, સંતુલન સંબંધી સમસ્યા ઉત્પન્ન થાય છે. આ પ્રોટીનની હાનિના કારણે હાર્મોનલ પરિવર્તન પોષક તત્ત્વોની કમી થાય છે.

P૫૩ પ્રોટીન એન્ટીબોડી બનાવવા વાયરસ બેકટેરિયા અને અન્ય રોગજનકોની રોક થામ માટે જરૂરી છે. હિમોગ્લોબીન જેવા પ્રોટીન માટે ફેફસાના ઉત્તકોને ઓક્સિજન પહોંચાડવા માટે અલ્બીમ્યૂન અને લિપ્રો પ્રોટીન જેવા અન્ય પરિવહન પ્રોટીન, ખનિજ તત્ત્વોને સુરક્ષિત રાખવા પ્રોટીનનું નિર્માણ થવું જરૂરી છે. દરેક સેલનો સિક્યોરિટી ગાર્ડ છે. દરેક સેલમાઁ ૫૩ હોય છે.P૫૩ ની મજબૂતી ખૂબ જ જરૂરી છે.

યુનિવર્સિટી ઓફ શિકાગોના અધ્યયન મુજબ આ વાતનો ખુલાસો થયો કP૫૩ અને એલ.આઈ.એફ. મળીને હાથીઓને સુપર કેન્સર પ્રતિરોધી બનાવે છે. જોમ્બી જીન P૫૩ ની સાથે કામ કરી ડી.એન.એ. રિપેર કરે અને કેન્સર પ્રતિરોધી વધારે છે. આ પ્રક્રિયા એપોપ્ટોસિસ વધારે છે જે અનિયંત્રિત સેલની ગ્રોથ થવા દેતી નથી કે રોકે છે.P૫૩ કોપીઝ ડી.એન.એ. (ખરાબ ડી.એન.એ.)ની શોધ કરીને સેલની અનિયંત્રિત ગ્રોથને રોકે છે.

થીમાઁ ૫૩ ની વીસ કોપીઝ હોય છે અને માનવમાં ફક્ત એક જ છે. જે કેન્સરથી બચાવે છે. આને કારણે હાથીને આજના સમય સુધી ક્યારેય કેન્સર નથી થયો. હાથી પોતાને જે યોગ્ય છે તેજ વસ્તુઓનો ખાવામાં ઉપયોગ કરે છે. માનવ એ બાહ્ય, વધુ પ્રોસેસવાળો ખોરાક તેમજ રિફાઈન્ડ પ્રોડક્ટસના વપરાશ, જીવનશૈલી અસ્તવ્યસ્તના કારણે આમ P૫૩ પ્રોટીન બનાવી રાખવા જ્યારે અસમર્થ થાય છે ત્યારે કેન્સર જેવી બીમારીઓ થાય છે.

P૫૩ પ્રોટીન માટે કોઈ ખાસ ભોજન લેવાની જરૂર નથી. ખરાબ ભોજનને બંધ કરવાની જરૂર છે. જીવનશૈલી સુધારવી, અપ્રાકૃતિક ભોજન રિફાઈન્ડ સાકરનો ઉપયોગ સદંતર બંધ કરી દેવાથી શરીરમાઁ ૫૩ પ્રોટીન બરાબર કામ કરે છે.

પાંદડાવાળી શાકભાજી, તેમ જ બીજી શાકભાજીનો ઉપયોગ સારા પ્રમાણ કરવો જરૂરી છે. ફળનો ઉપયોગ સીધેસીધો જ કરવો તેને પ્રોસેસ કરીને ન લેવા. વધુ મિક્સ કરેલા જ્યુસ ન લેવા. જડીબૂટ્ટીઓના કાઢા (જે ચહાની જગ્યાએ લઈ શકાય) તે લેવા. ગ્લુકોઝને કાબૂમાં રાખતી ખાટી વસ્તુઓ આમલી, ગોરખઆમલી, કોકમ, બીટ, સ્ટારફ્રૂટ, બીમલી મલબાર આમલાં, લીંબુ જેવા પદાર્થોનો ઉપયોગ ભોજનમાં અવશ્ય કરવો. સારું પ્રોટીન બનાવવા દાળનો ઉપયોગ કરવો. બધા જ કઠોળને સાતથી આઠ કલાક પલાળી પછી જ રાંધવા. ફણગાવેલા કઠોડનો ઉપયોગ ભોજનમાં અવશ્ય કરવો જેથી અમાયનો એસિડ ભરપૂર માત્રામાં છે જે પ્રોટીનનું નિર્માણ કરે છે.

શરૂઆતથી બાળકોને સાકરનું સેવન, ચોકલેટ, આઈસક્રીમ, ઠંડા પીણા ન આપો. ઘરમાં બનતા જ્યુસ અને ઘરનું ભોજન જેમાં પ્રોટીન હોય તેવા ખાદ્ય પદાર્થનો ઉપયોગ જ આગળ જતા બધી બીમારીઓથી બચાવશે. તેમજ વ્યાયામ ખૂબ જ જરૂરી છે. સાકરને સદંતર બંધ કરવી એ ખૂબ જ જરૂરી બાબત છે.



**પાંદડાવાળી શાકભાજી, તેમ જ બીજી શાકભાજીનો ઉપયોગ સારા પ્રમાણ કરવો જરૂરી છે. ફળનો ઉપયોગ સીધેસીધો જ કરવો તેને પ્રોસેસ કરીને ન લેવા. વધુ મિક્સ કરેલા જ્યુસ ન લેવા. જડીબૂટ્ટીઓના કાઢા (જે ચહાની જગ્યાએ લઈ શકાય) તે લેવા. ગ્લુકોઝને કાબૂમાં રાખતી ખાટી વસ્તુઓ આમલી, ગોરખઆમલી, કોકમ, બીટ, સ્ટારફ્રૂટ, બીમલી મલબાર આમલાં, લીંબુ જેવા પદાર્થોનો ઉપયોગ ભોજનમાં અવશ્ય કરવો.**

## તંત્રી લેખ...

શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬

# એઆઈને માનવીય બનાવવાની વડાપ્રધાનની યોગ્ય હિમાયત

વિશ્વમાં કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર બન્નેમાં ચાવીરૂપ સ્થાન ધરાવતા ભારત અને ભારતીયો હવે આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં માનવતા અને સંસ્કૃતિના સમન્વય સાથે વિકાસ સાધે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવતર મંત્ર આપ્યો છે. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં સંબોધન કરતાં વડાપ્રધાને મનવતાવાદી, પારદર્શક અને સહયોગી વિકાસને આવરી લેતા માનવનાં વિઝનને દુનિયા સમક્ષ રજૂ કર્યું હતું. તેમણે ટેક્નોલોજી પર એકાધિકારનો અંત આણવાની સાથોસાથ વૈશ્વિક ધોરણો નક્કી કરવા અને ઓપન કોડ રાખવાની ખાસ હિમાયત પણ કરી હતી. ભારતીયો માટે યુપીઆઈ જેવી નાણાકીય વ્યવહારોની સરળ ટેક્નોલોજીનું ઉદાહરણ આપીને વડાપ્રધાને ભારતની એઆઈની ક્ષમતા અને વૈશ્વિક નેતૃત્વની ક્ષમતાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. મોદીએ ટેક્નોલોજીમાં જે રીતે માનવ અભિગમની હિમાયત કરી છે તે આજના સમયમાં ભારે યથાર્થ છે. નવી ટેક્નોલોજીના ઉપયોગ વખતે સૌથી વધુ જોખમ માનવતાને નેવે મુકાવાનું બની રહેતું હોય છે. વળી એઆઈના વિકાસની અને નવતર ઉમેરાની ઝડપ એટલી બધી વધુ છે કે તેમાં માનવીય સ્પંદનોના અભાવનું સતત જોખમ રહે છે. સાથોસાથ દુનિયામાં આવી ચાવીરૂપ ટેક્નોલોજી પર અમુક દેશોનો એકાધિકાર અન્ય દેશો અને વપરાશકારો માટે નકારાત્મક બની રહેતો હોય છે. ભારતે આવા એકાધિકારનો અંત આણવાની જે હિમાયત કરી છે તેનું પણ મહત્ત્વ છે. વડાપ્રધાને આગ્રહ કર્યો હતો કે, અમુક દેશ ટેક્નોલોજીની ઉપર પોતાનો અધિકાર રાખીને બાકીનાને માત્ર વપરાશકાર પૂરતા મર્યાદિત રાખવાની માનસિક્તા ધરાવે છે. એઆઈના કોડને સર્વે માટે ઉપલબ્ધ કરાવીને આ ટેકનોલોજીની પહોંચને સરળ બનાવવાની ભારતે હિમાયત કરી છે. આમ થાય તો એઆઈનાં માધ્યમથી વિકસિત અને વિકસતા દેશો વચ્ચેની ખાઈને પૂરવામાં મદદ મળી શકે એવી આશા ફળિભૂત થાય. સાથોસાથ દરેક ટેક્નોલોજીના દુરુપયોગના પડકારની જેમ એઆઈના વાંધાજનક ઉપયોગને રોકવામાં વિશ્વ સ્તરે ડિજિટલ નિયમોને ઘડી કાઢીને તેનાં અમલીકરણની પણ વડાપ્રધાન મોદીએ હિમાયત કરી હતી. આ એઆઈ ઈમ્પેક્ટ સમિટ વાટે ભારતે દુનિયાને પોતાની એઆઈ ક્ષમતાનો પરિચય કરાવી આપ્યો છે. અદાણી અને રિલાયન્ય જેવા ઉદ્યોગગૃહોએ આ ક્ષેત્રમાં મોટા રોકાણ સાથે હરણફાળ ભરવાની પ્રતીતિ દેશ અન દુનિયાને કરાવી આપી છે. વડાપ્રધાને તેમનાં સંબોધનમાં ભારતની યુપીઆઈ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનું ઉદાહરણ આપીને આ માધ્મયમાં મજબૂત હાજરીની વાત કરી હતી. ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રોંએ પણ યુપીઆઈની પ્રસંશા કરીને સૂર પુરાવ્યો હતો. આમ સરવાળે આ સમિટમાં મોદીએ એઆઈના સંદર્ભમાં જવાબદારી અને વિઝનની જે વાત કરી તે આખી દુનિયાને માટે અનિવાર્ય છે. આગળ જતાં આ મંત્ર કેવો મૂર્તિમંત થાય છે તેના પર બધો આધાર રહેશે. બાકી ભારતની એઆઈ ક્ષમતાની પણ આ સમિટમાં દુનિયાને પ્રતીતિ થઈ છે.

# શહેરોના વિકાસનો રાજમાર્ગ

કેન્દ્રીય બજેટમાં કોઈ અસામાન્ય તત્ત્વ જોવા નથી મળ્યું તેવી ફરિયાદ કે મહેણું દૂર થાય એ પ્રકારની જાહેરાત દેશના શહેરોને વિકસાવવા માટે કેન્દ્ર સરકારે કરી છે. રૂા. ૧ લાખ કરોડની ફાળવણીને કેબિનેટે મંજૂરી આપી છે. આ નિર્ણય દેશના શહેરોમાં વિકાસને વધારે ગતિ આપશે. જે સંકલ્પના સાથે આ રકમ ફાળવવામાં આવી છે તે પૂર્ણ થાય તો શહેરોમાં સુવિધાના ભંડાર ખૂલશે. જો કે, કોઈ યોજના કે કામ શરૂ થાય તે પૂર્વે જ સત્તામંડળો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે રાજ્ય સરકારે એ નક્કી કરવું પડશે કે મેગા પ્રોજેક્ટ, ભવ્ય દેખાવવાળી યોજનાને બદલે પ્રાથમિક સુવિધા, માળખાંમાં જે કંઈ ખૂટતું હોય તેને પ્રાધાન્ય આપવું પડશે. શહેરી માળખાંને વધારે સારું બનાવવા માટે કેન્દ્રીય કેબિનેટે અર્બન ચેલેજન્ડ ફંડ મંજૂર કર્યું છે. શહેરી વિકાસ પડકારની આ રાશિ ૧ લાખ કરોડ છે, ઉચ્ચ ગુણવત્તાવાળી માળખાંકીય સુવિધા, પરિવહનના આધુનિક સાધનોથી લઈ ઘણી બાબતોનો તેમાં સમાવેશ છે. કેન્દ્ર સરકાર ૨૫ ટકા રકમ આપશે, ૫૦ ટકા બાહ્ય - નિજી સ્રોતોમાંથી આવશે. ૨૫ ટકા સ્થાનિક તંત્ર કે સત્તાના રહેશે. સરકારને આશા છે, આગામી પાંચ વર્ષમાં ચાર લાખ કરોડનું રોકાણ આવશે. છેલ્લા દાયકામાં શહેરોમાં વિકાસ નોંધપાત્ર રીતે થયો છે, તેને આગળ વધારવાના ભાગરૂપે જ આ યોજના છે. અગાઉ કોંગ્રેસના સમયમાં એન.યુ.આર.એમ. જેવા પ્રકલ્પ થયા પણ તેમાં સાતત્યનો અભાવ હતો. આ નવી ફાળવણી શહેરી વિસ્તારના સર્વાંગી વિકાસની કલ્પના

સાથેની છે. આપણા મહાનગરો આધુનિક સેતુ, વિવિધ રિંગરોડથી હવે ધમધમે છે. મુંબઈમાં અંડર વોટર ટનલ અને સી લિંક ઈજનેરી કૌશલ્યના પુરાવા છે. તો રાજકોટ જામનગર જેવા મધ્યમ કક્ષાના શહેરોમાં પણ આ સુવિધાઓ વિકસી રહી છે. મેટ્રો સહિતનાં પરિવહન માધ્યમો છે. હવે જ્યારે કેન્દ્ર સરકાર આટલી મોટી રકમ સાથે આ વિકાસની યાત્રા આગળ વધારી રહી છે ત્યારે કેટલીક બાબતો ધ્યાને રહેવી જોઈએ. એક તો એ કે જે હેતુથી સરકાર રકમ આપે તેના માટે જ ઉપયોગ થાય તે જોવું જ જોઈએ. બીજું, હજુ આપણા શહેરોમાં જન શૌચાલય પૂરતા પ્રમાણમાં નથી. ટ્રાફિક દિવસે દિવસે વધી રહ્યો છે, રસ્તાની ગીચતા વધારે છે. સામાન્ય લાગતી આ વાતો અગત્યની છે. સ્માર્ટ સિટી નિર્માણ સામે આવેલા પડકાર અને રહેલી ક્ષતિ ધ્યાનમાં રહેશે એવી આશા રાખી શકાય. મોટા પુલ કે આધુનિક સંકુલના નિર્માણ સામે કોઈ વાંધો હોય નહી પણ પાયાની સુવિધા પૂર્ણ થયા પછી આ બધું હોય તો વિકાસનું સંતુલન જળવાય. ભારતના શહેરો જે રીતે વિકસી રહ્યા છે તે જોતાં આ ૧ લાખ કરોડની ફાળવણીનો નિર્ણય પથદર્શક છે. ફ્કત નાણાંથી કામ નહી થાય. અધિકારીઓની નિષ્ઠા, પ્રજાલક્ષી વલણ જરૂરી છે. સમયસર યોજનાઓ, કામ પૂર્ણ થાય તે જરૂરી છે. જો આ દિશામાં યોગ્ય કામ થાય તો ભારતના શહેરો પણ પરદેશ જેવા આધુનિક, ભભકાવાળા દેખાવા લાગશે. આ બધાની સાથે જે અનિવાર્ય છે તે છે નાગરિક ધર્મ - સિવિક સેન્સ. સુવિધાથી શોભતાં શહેરોમાં નિયમોનું પાલન, સ્વચ્છતા પણ જરૂરી રહેશે અને આ યોજનાને સાકાર કરવામાં નાગરિકોનું યોગદાન એ રહેશે.

### આ નિષ્ફળતા નવો કાયદો બનાવવાથી દૂર થશે એવું ઠસાવવા સરકાર મથે છે ત્યારે એક બીજી વાત પણ સમજવા જેવી છે.

# કોર્ટ મેરેજ માટે માતા-પિતાની ફરજિયાત સંમતિ ગેરબંધારણીય

### ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૮૩ હેઠળ છેતરપિંડી કરીને કરાતાં લગ્ન ફોજદારી ગુનો છે.

ગુજરાત સરકારે અંતે પાટીદારો સહિતની જ્ઞાતિઓની દબાણ હેઠળ ઝૂકીને લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સુધારો કરવાનું એલાન કરી દીધું. અત્યાર દેશમાં રજિસ્ટ્રેશન ઓફ મેરિજીસ રૂલ્સ હેઠળ છોકરી ૧૮ વર્ષની હોય ને છોકરો ૨૧ વર્ષનો હોય એટલે પોતાની ઉંમર, ફોટોગ્રાફ અને રહેઠાણના પુરાવા રજૂ કરીને લગ્ન માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે પણ હવે પછી લવ મેરેજ એટલે કે કોર્ટ મેરેજ કરતાં પહેલાં માતા-પિતાને જાણ કરવાની રહેશે ને આડકતરી રીતે તેમની સંમતિ ફરજિયાત કરી દેવાઈ છે. ગુજરાત સરકારે કરેલી જાહેરાતમાં ગુજરાતમાં ભવિષ્યમાં કોર્ટ મેરેજ માટે કઈ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે તેની આખી રૂપરેખા અપાઈ છે. આ પરેખા પ્રમાણે, લવ મેરેજ કરવા માગતાં યુવક-યુવતી મેરેજ રજિસ્ટ્રારને ત્યાં રજિસ્ટ્રેશન કરાવે કે તરત તેમનાં મા-બાપને વોટ્સએપ મેસેજ મારફતે કે પછી પત્ર મોકલીને રજિસ્ટ્રેશન કરાવ્યાની જાણ થશે. આ જાણ ૧૦ દિવસમાં કરવાની છે ને તેનો મતલબ એ કે, મેરેજ રજિસ્ટ્રારે પ્રેમ લગ્ન માટે માતાપિતાને ફરજિયાત ૧૦ દિવસની નોટિસ આપવાની રહેશે. પહેલાં રજિસ્ટ્રેશનના ૩૦ દિવસમાં મેરેજે રજિસ્ટર્ડ એટલે કે લગ્નની નોંધણી થઈ જતી પણ નવા નિયમમાં રજિસ્ટ્રેશન કરાવ્યાના ૧૦ દિવસમાં માતા-પિતાને જાણ કરવાની હોવાથી ૪૦ દિવસમાં લગ્નની નોંધણી થશે. નવા નિયમમાં રજિસ્ટ્રેશન વખતે માતા-પિતાના આધાર કાર્ડ અને રહેઠાણના પુરાવા પણ આપવાના છે. માતા-પિતાના આધાર કાર્ડની ચકાસણી પણ ફરજિયાત કરાઈ છે અને કોર્ટ મેરેજની તમામ વિગતો માટે ખાસ ઓનલાઈન પોર્ટલ શરૂ કરાશે. મીડિયાએ આ નવા નિયમો અત્યારથી અમલી બની ગયા હોય એવું ચિત્ર ઊભું કર્યું છે પણ વાસ્તવમાં ગુજરાત સરકારે નિયમોમાં સુધારો કરતાં પહેલાં લોકો પાસેથી વાંધા અને સૂચનો મગાવ્યાં છે. વાંધા અને સૂચનો ૩૦ દિવસમાં મોકલી શકાશે. તેના પર વિચારણા કર્યા પછી નવા નિયમો અમલી બનશે પણ અત્યારથી જ ગુજરાતની ભાજપ સરકાર પર અભિનંદનોની વર્ષા થવા માંડી છે. ગુજરાત સરકારે ભાગેડુ લગ્નો રોકવા માટે નિયમોમાં સુધારો કરવાની જાહેરાત કરી છે પણ આ રીતે કહેવાતાં ભાગેડુ લગ્નોને રોકી ના શકાય. તેનું કારણ એ કે, આ દેશનું બંધારણ પુખ્ત વયનાં લોકોને પોતાની મરજીથી લગ્નની છૂટ આપે છે અને તેના માટે માતા-પિતાની સંમતિ જરૂરી નથી. ભારતમાં લગ્નની સ્વતંત્રતા મૂળભૂત અધિકાર છે. બંધારણની કલમ ૨૧ (જીવન અને સ્વતંત્રતાનો અધિકાર) અને કલમ ૧૯ માં જ્ઞાતિ કે ધર્મને ધ્યાનમાં લીધા વિના પુખ્ત વયના લોકોને પરસ્પર સંમતિથી તેમના જીવનસાથી પસંદ કરવાનો અધિકાર આપે છે. આ સંજોગોમાં આ નવા નિયમો સંપૂર્ણરપણે ગેરબંધારણીય છે. આ નિયમો હેઠળ રજિસ્ટ્રેશન પછી માતા-પિતાને જાણ થાય તો પણ એ લોકો લગ્નને કાયદેસર રીતે રોકી જ ના શકે. અલબત્ત ધમપછાડા કરી શકે ને દબાણ લાવીને લગ્નને રોકવા ઉધામા કરી શકે. ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ આ ફેરફારો કહેવાતી લવ જિહાદને રોકવા માટે હોય એવું ચિત્ર ઊભું કરવા ડાયલોગ ફટકાર્યો છે કે, લવ મેરેજ સામે વાંધો નથી પણ કોઈ સલીમ સુરેશ બનીને છોકરીઓને ફસાવે એ નહીં ચલાવી લેવાય. સંઘવી સાહેબની ભાવના સારી છે પણ તેના માટે નવો કાયદો બનાવવાની ક્યાં જરૂર છે ? કોઈ મુસ્લિમ છોકરો પોતાની ઓળખ છૂપાવીને ખોટું નામ ધારણ કરીને કોઈ હિંદુ છોકરીને ફસાવે તો તેની સામે પગલાં પણ લઈ શકાય છે અને આ રીતે ખોટી ઓળખ બતાવીને કરેલાં લગ્નને રદ્દબાતલ પણ કરાવી શકાય છે. ખોટી ઓળખ આપીને છોકરીને ફસાવનાર સામે છેતરપિંડી, ઓળખ ચોરી એટલે કે આઈડેન્ટિટી થેફ્ટ અને બીજી કલમો હેઠળ ક્રિમિનલ કેસ ચલાવી શકાય છે અને ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા પણ કરાવી શકાય છે.

ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)માં છેતરપિંડીથી લગ્ન કરનાર સામે કલમ ૪૯૬ હેઠળ કેસ ચાલતો અને ૭ વર્ષ સુધીની સજા થતી પણ નરેન્દ્ર મોદી સરકારે આઈપીસીના સ્થાને બનાવેલા ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)માં તો સજાની જોગવાઈ વધારીને ૧૦ વર્ષ સુધીની કરી દેવાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૬૯ હેઠળ તો કોઈ વ્યક્તિ ઓળખ છૂપાવીને શારીરિક સંબંધો બાંધે તો બળાત્કારનો ગુનો લાગુ પડે છે અને ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા છે. મુસ્લિમ યુવકો હિંદુ યુવક બનીને છોકરીઓને ભોળવે છે ને પછી તેમની સાથે શરીર સંબંધો બાંધીને તેમને લગ્ન કરવાની ફરજ પાડે છે એવા આક્ષેપો થાય છે. આ પ્રકારની ઘટનાઓમાં ખોટું નામ ધારણ કરનારને ૧૦ વર્ષ માટ અંદર કરવાની જોગવાઈ મોદી સરકારે પોતે જ કરી છે.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૮૩ હેઠળ છેતરપિંડી કરીને કરાતાં લગ્ન ફોજદારી ગુનો છે. એ જ રીતે કોઈ વ્યક્તિ પહેલાંથી જ પરિણીત હોય અને પહેલાં લગ્ન છુપાવીને બીજા લગ્ન કરે તો પણ કલમ ૮૨ (૨) હેઠળ ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. ભારતીય ન્યાય સંહિતામાં બીજી પણ ઘણી કલમો એવી છે કે જે લગાડીને કહેવાતી લવ જિહાદ કરનારાંને જેલમાં ધકેલી શકાય છે અને આકરી સજા કરાવી શકાય છે.

આ બધા કાયદા પાછા કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જ બનાવ્યા છે ને પહેલાં જે પણ છટકબારીઓ હતી એ બંધ કરીને કોઈ કાયદાને પાંગળો નથી રહહેવા દીધો. એ છતાં કોઈ સલીમ સુરેશ બનીને છોકરીઓને ફસાવતો હોય ને તેને કશું ના કરી શકાતું હોય તો એ પોલીસની નિષ્ફળતા કહેવાય, રાજ્ય સરકારની નિષ્ફળતા કહેવાય.

આ નિષ્ફળતા નવો કાયદો બનાવવાથી દૂર થશે એવું ઠસાવવા સરકાર મથે છે ત્યારે એક બીજી વાત પણ સમજવા જેવી છે. જેમણે પણ લવ મેરેજ અંગે માતા-પિતાની મંજૂરી ફરજિયાત કરવાનો ઉપાડો લીધો છે તેમને તો તમામ પ્રકારનાં લવ મેરેજ સામે વાંધો છે. સલીમ ને સુરેશની વાતો કરીને આખી વાતને કોમવાદી રંગ અપાઈ રહ્યો છે પણ હિંદુઓમાં થતાં આંતરજ્ઞાતિય લગ્નો સામે તેમને તો વાંધો છે. સંકુચિત માનસિકતા ધરાવતાં આ લોકો એમ જ માને છે કે, પટેલની છોકરી પટેલમાં જ પરણવી જોઈએ ને રબારીની છોકરી રબારીમાં જ પરણવી જોઈએ ને ક્ષત્રિયની છોકરી ક્ષત્રિયમાં જ પરણવી જોઈએ. તેમને તો હિંદુઓમાં જ બીજી જ્ઞાતિના છોકરા સાથે કોઈ છોકરી પરણે એ પણ મંજૂર નથી. આવી વાત ચોખ્ખેચોખ્ખી કહેવા જાય તો હિંદુ એકતામાં ફાચર મારે છે એવું આળ આવે એટલે સલીમને સુરેશની વાતો માંડીને બેસી ગયા છે.

આ સંકુચિત માનસિકતા ધરાવતી જ્ઞાતિઓની મતબેંકો મોટી છે તેથી સરકાર તેમને નારાજ કરવા નથી માગતી. ગુજરાતમાં મહિના-બે મહિનામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે ને એ વખતે આ મુદ્દો ચાલે તો ભાજપને ફટકો પડી જાય. ભાજપ અત્યારે ચૂંટણીમાં નુકસાન વહોરવા માગતો નથી તેથી આ નિયમ બનાવવાની વાત સ્વીકારી લીધી છે.

ગુજરાત સરકારે ૩૦ દિવસમાં વાંધા-સૂચનો મંગાવીને નવા નિયમોનો અમલ કરવાનું નક્કી કર્યું છે તેથી ૩૦ દિવસ પછી શું થાય છે એ જોવાનું છે. બંધારણીય રીતે આવા વાહિયાત નિયમો બનાવી જ ના શકાય પણ ચૂંટણીમાં ફાયદો મેળવવાના ઈરાદાથી ભાજપ સરકારે કરેલી જાહેરાતનો સુપ્રીમ કોર્ટ ડૂચો કરી નાંખે એ પણ શક્ય છે તેથી ધીરી બાપુડિયાં, આગે આગે દેખિયે હોતા હૈ ક્યા.

### રોજે રોજ તાપમાનના નવા રેકોર્ડ તોડતી ગરમીથી ક્યાંક યલો એલર્ટ, ક્યાંક ઓરેન્જ મોડમાં જીવવા ટેવાઈ જ ગયા છીએ !!

# આભ ઝરે ભલે આગ હસી હસી ફૂલ ઝરે ગુલમહોર

• ઉનાળો સહન કરવા માટે જ ભગવાને કેરી જેવું અમૃતફળ બનાવ્યું હશે. આ વખતે તો નંગના ભાવે વેચાતી હાફુસ અને કેસર કેરીના ભાવ સાંભળીને મગજનો પારો ચડી જાય તેમ છે.

શાળાકીય પરીક્ષાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ પૂરી થઈ રહી છે. કોઈ-કોઈ યુનિવર્સિટીમાં કોરોનાના કારણે અસ્તવ્યસ્ત થયેલા શિડ્યુલના પરિણામે મે મહિનામાં પણ કોલેજો ચાલુ રાખવાની નોબત આવી છે. વિદ્યાર્થીઓ વગર પાણીએ પરસેવે રેબઝેબ થઈ મે મહિનામાં પરીક્ષા આપશે એમ પણ મે મહિનો વર્ષમાં સૌથી વધુ ગરમ મહિનો ગણાય છે. અને મોટેભાગે મે મહિનામાં જ વેકેશન આવતું હોય છે. પરંતુ આ વર્ષે મે મહિનામાં શિક્ષણકાર્ય ચાલુ હોવાથી શિક્ષણ જગતમાં કચવાટ છે. એક તો પરીક્ષાની પીડા અને ઉપર જતા વૈશાખની કાળઝાળ ગરમી. જાયે તો જાયે કહાં ? જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વૈશાખના ધોમધખતા તાપ સાથે ઉનાળો પૂરબહારમાં છે.

રોજે રોજ તાપમાનના નવા રેકોર્ડ તોડતી ગરમીથી ક્યાંક યલો એલર્ટ, ક્યાંક ઓરેન્જ મોડમાં જીવવા ટેવાઈ જ ગયા છીએ !! આખા વર્ષની દાઝ એક સામટી કાઢી નાખવાની હોય તેમ સૂર્યનારાયણ તપી રહ્યા છે. હવે તો સૂરજ ધીમા તપો એવું કહી ઉઠીએ એટલી હદે ગરમી વધી રહી છે.ઉનાળો આકરો તો લાગવાનો જ. હાથના કર્યા હૈયે તો વાગવાનાં જ. વિકાસના નામે રસ્તાઓની બંને બાજુ ઊભેલા ઘટાદાર વૃક્ષોનો સોથ બોલાવી દીધો ત્યારે કદાચ કોઈએ એવું વિચાર્યું નહી હોય કે આવા વિકાસની બહુ આકરી કિંમત ઉનાળામાં ચૂકવવી પડશે. ઘર આંગણે વૃક્ષો ઉગાડવાથી પડતા પાંદડાઓના કચરાથી અકળાતી ગૃહિણી એ ભૂલી જતી હોય છે કે આ જ વૃક્ષો તેના ઘરનું તાપમાન ૫ ડિગ્રી જેટલું ઘટાડી દેશે. મોટા વૃક્ષો ઘર આંગણે વાવીએ તો મકાનના પાયા નબળા પડી જાય તેવી ફિલસૂફી હાંકતા વિદ્વાનોને થપ્પડ મારી દઈએ એવી ગરમી મગજ પર ચડી જાય છે. ધોમધખતા તાપમાં લીમડાના ઝાડનો છાંયો મળે અને કાળજાને જે ટાઢક વળે તે જ વૃક્ષની સાચી કિંમત સમજાવે છે. પણ અવિચારી અને સ્વાર્થી માનવજાત જે ડાળ પર બેઠી છે તેને જ કાપી રહી છે. સુખી સંપન્ન પરિવારો એ.સી.ની ઠંડકમાં બપોર પસાર કરે છે પરંતુ સરવાળે તો પર્યાવરણને નુકસાન જ છે. એક સર્વે કરવામાં આવે તો મોટાભાગની ઓફિસો અને ઘરોમાં જે એ.સી. વસાવી શકે તેવા છે તેવા સંપન્ન લોકોની આ વાત છે, જે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ટાઢ, તડકો કે વરસાદ સરખો જ લાગે છે લોકો સતત એ.સીનો વપરાશ કરે છે તે એક ઘર કે ઓફિસમાં ૨૪ કલાક ચાલતુ એ.સી એક ઝાડને મૃતપ્રાય કરે છે. ઉનાળો રૂઆબ છાંટીને વસૂલાત કરવા આપતા પઠાણ જેવો લાગે છે. સવારથી જ સૂર્યદેવ આકરા થવાના સંકેતો આપતા અગનગોળા સાથે હાજર થઈ જાય છે. હવે તો બ્રાહ્મ મૂહૂર્તમાં પણ ઠંડકનો અહેસાસ થતો બંધ થઈ ગયો છે. ઉનાળાની સવાર એટલી ટૂંકી હોય છે કે જાણે તોફાન કરતું બાળક ક્યાંક સંતાઈ ગયું હોય એવી જ અનુભૂતિ થાય છે. રસ્તા પર કેવળ તડકાનો જ ટ્રાફિક જોવા મળે છે. ઘરના ફળિયાના હિંચકો પણ બપોરના સમયે સાથી વિના સંગી વિના બિચારો થઈ જાય છે. બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી સ્વયંભૂ કરફ્યૂ લાગી ગયો હોય એમ રસ્તાઓ અને બજાર સૂમસામ ભાસે છે બારી બહારનું શહેર તો ઓળખાય નહીં એવું સુનમૂન થઈ ગયું હોય એવું લાગે છે. ઘરના બારી-બારણાને ખૂલવું છે પણ 'લૂ' તો ટાંપીને જ બેઠી છે. અંગ દઝાડે એવી 'લૂ'ના પ્રકોપથી બચવા શક્ય એટલા ઘરેલુ નુસખાઓ અજમાવવામાં આવે છે. ટાઈલ્સ પર પાણી ઢોળી ભીના લથપથ પોતા કરી પંખો ચલાવી કામચલાઉ ફુવારા જેવી ઈફેક્ટ આપીએ છીએ. બારીઓ પર ખસની ટટ્ટીઓ લગાવી તેના પર પાણી છાંટી ઠંડક ઊભી કરવાના પ્રયત્નો કરીએ છીએ. ગામડાંઓમાં તો હજી પણ ઘટાદાર વૃક્ષોના છાંયે ખાટલા પાથરી બેસતા લોકો જોવા મળે છે. કુદરત એટલી પણ ક્રૂર નથી કે ઉનાળામાં થોડી ઘણી પણ રાહત ન આપે ! ઉનાળામાં વરદાનરૂપ હોય તો તે અમૃતફળ કેરી છે. દુનિયાના કોઈ પણ દેશમાં આવુ રસદાર અમૃતફળ નામે કેરી આપતું વૃક્ષ આંબો ઊગતો નથી. એના માટે તો ભારત જેવી આબોહવા જોઈએ જો કે જિનેટીક વિજ્ઞાનના કારણે હવે તો બધું જ શક્ય છે. પરંતુ ગીરની કેસર કેરીની મીઠાશ કે રત્નાગીરી હાફુસની સુગંધ ક્યાંથી લાવે ?

ઉનાળો સહન કરવા માટે જ ભગવાને કેરી જેવું અમૃતફળ બનાવ્યું હશે. આ વખતે તો નંગના ભાવે વેચાતી હાફુસ અને કેસર કેરીના ભાવ સાંભળીને મગજનો પારો ચડી જાય તેમ છે.

કમોસમી વાવાઝોડા અને વરસાદના કારણે આંબાઓ પરના મોર ખરી જતા આ વખતે તો અમૃતફળ કેરી દુલર્ભ ફળ જેવી બની ગઈ છે. જો કે આમ જનતા માટે આમ યાને કેરી મોંઘી છે. પરંતુ કુદરતે તરબૂચ, રાયણ, ફાલસા, સકરટેટી અને ગુંદી જેવા રસદાર ફળોની વ્યવસ્થા કરી જ રાખી છે. એટલે જ કુદરત ક્રુર નથી એવું કહેવાનું મન થાય. ઉનાળાની ઋતુ ગુલમ્હોર અને ગરમાળા ખીલવાની ઋતુ છે.ગમે તેટલી આગ વરસે અમે તો ફૂલ ઝરીને હસવાનાં એવી અદ્ભૂત ફિલોસોફી આ બે વૃક્ષો પાસેથી શીખવા જેવી છે આજુબાજુની પીડાને ભૂલીને પોતાનામાં પૂરબહારમાં ખીલવાની કળા ગુલમ્હોર અને ગરમાળા પાસે છે. કેસરી-લાલ ફૂલોથી ઓપતો ગુલમ્હોર અને પીળા ઝૂમ્મરથી શોભતો ગરમાળો ધોમધખતા તાપમાં પણ આંખને ઠંડક આપે છે. ગુલમ્હોર અને ગરમાળા સિવાય સૂરજમુખીને પણ આ દિવસોમાં જલસો હોય છે.


### પ. બંગાળમાં બંગાળી ચાલે છે, દક્ષિણી રાજ્યોમાં એમની ભાષાનું ઝનૂન હિંસક સ્તરે છે.

# ઉપેક્ષા ને અપેક્ષા વચ્ચે પીસાતી માતૃભાષા...

## વિશ્વ માતૃભાષા દિવસ ટાંકણે ચર્ચા ને ચિંતા ઘણી થશે... જેણે સમાજ અને સંસ્કૃતિને પોષી... સંસ્કારનું સિંચન કર્યું

'હું માતૃભાષા... મીઠી મધુરી... મારી સુંદર અભિવ્યક્તિ, લાગણીશીલ, ભાવનાશીલ... ધારું તો રંગબેરંગી પતંગિયા જેવી... ચુલબુલી બાળકીએ ખરી અને સૌંદર્યવાન નવયૌવના પણ હું જ... ક્યારેક પીંછાં જેવી હળવીફૂલ ને કોઇ વીઝે તો ચાબુક કે હથોડોએ બની જાઉં છું... સંકટ છે જબરું આજે... નાનાં બાળકો મને ઓળખતા નથી... અરે મોં બગાડીને કહે છે... ઓહ મોમ, વોટ ઈઝ ધીસ... કોઈ બાળકાવ્યો ગાતું


નથી... દાદી બની ગયા છે ગ્રાંડમધર... કાઉ... ડોગી... કેટ... ટાઇગર... સ્પેરો...ના ગણ ઝીકાય છે... મારાં અસ્તિત્વ ઉપર... ડર લાગે છે, આ મારા છેલ્લા શ્વાસ છે...? કોઈએ કહ્યું... બધા પ્રશ્નો ઉકેલી આપે છે એઆઇ... કૃત્રિમ બુદ્ધિમતા સમક્ષ ખોળો પાથરીને હું પણ બોલી મદદ કરો... ને જવાબ મળ્યો... હેલ્પલેસ... એ વળી શું ?... પછી કોઈએ સમજાવ્યું કે ભાષાને બચાવી શકે એવી જડીબુટ્ટી દરેક ઘરમાં છે, મા-બાપ પાસે ને પ્રાથમિક શાળાના શિક્ષકો પાસે છે... પણ નિયત હોવી જોઈએ...' વિશ્વ માતૃભાષા દિવસ ટાંકણે ચર્ચા ને ચિંતા ઘણી થશે... જેણે સમાજ અને સંસ્કૃતિને પોષી... સંસ્કારનું સિંચન કર્યું એવી મા(ભાષા)નાં મનમાં આજે કેવો વલોપાત હશે ? એ વિચાર કર્યો ને ઉપરની મનોસ્થિતિ સ્ફૂરી... પરિસ્થિતિ ખરેખર ચિંતાજનક છે... મહાનગરોમાં અંગ્રેજીથી અંજાયેલી પેઢીની અસર શહેરોમાં ને ગામ સુધી પહોંચી છે. મા... આઇ... બા... બાપુજી... એ બધું સાઠે નાઠયું જેવો તાલ છે. ડેડી... પોપ... ને મોમ... છવાઇ ગયા છે. ભાષાશાત્રીઓ કહે છે કે, બાળકોને ગળથૂથીમાં પીસાતી માતૃભાષા... માતૃભાષા મળવી જોઇએઁ... દરેક માધ્યમની શાળામાં ગુજરાતી શિક્ષણ તો હોવું ને હોવું જ જોઇએઁ... અંગ્રેજી શાળાઓની સંખ્યા નિયંત્રિત કેમ ન થાય ? મૂળ વાત છે ભાષાગૌરવની. અંગ્રેજી અતિ જરૂરી છે... નિઃસંદેહ. એ કારકિર્દીનું માધ્યમ બની શકે... પણ ગુજરાતી આવડવું જ જોઈએ, ગુજરાતી બોલતાં શરમ કાં આવે ? પ. બંગાળમાં બંગાળી ચાલે છે, દક્ષિણી રાજ્યોમાં એમની ભાષાનું ઝનૂન હિંસક સ્તરે છે. (ભલે કારણ રાજનૈતિક હોય). ફ્રાન્સમાં બધા ફ્રેન્ચ બોલે,




ઈંગ્લેન્ડમાં અંગ્રેજી, નેધરલેન્ડમાં ડચ, આફ્રિકામાં સ્વાઈલી... તો આપણે હિન્દી માટે કાં ઘૂમટો તાણીએ છીએ ? ગુજરાતી ભાષાના સાધક ડો. દર્શના ધોળકિયાએ ચિંતામાં સહભાગી થતાં જે વાત કરી એ ઉચાટ વધારનારી છે... આજે કોલેજમાં ભાષા મુખ્ય વિષય તરીકે ભણતા છાત્રો પાસે શબ્દભંડોળ જ નથી... તિમિર, મોંસૂઝણું... મળસકું... બેજીવી... આવા શબ્દો આવે તો મોં વકાસીને પૂછે છે... એટલે શું ? હકીકતમાં ઘરમાં માહોલ બચ્યો નથી ને પ્રાથમિક શિક્ષકો અતિ નબળા થઇ ગયા છે. વ્યાકરણ સાથે પર્યાય ભણ્યા જ નથી... સૂરજનાં ૧૫ નામ છે, ચંદ્રનાં અનેક નામો... કોણ જાણે છે ? બાળસાહિત્યનો પ્રચાર-પ્રસાર થવો જોઈએ. બકોર પટેલ, છકો મકો, મિયાં ફૂસકીને કોઇ જાણતું નથી.... પંચતંત્રની વાતોમાં કલાકો વીતાવવાની ઉંમરે બાળકો ટીવી ક્રીન પર ડોરેમોન ને - સિંચેનના આદતી થઇ ગયા છે. હવે સફાળા જાગી જવાની જરૂર છે. ભાષા ફરજિયાત બનાવવા માટે સૌએ કમર કસવી પડશે. ગુજરાતી ઘરમાં બાળકો માતૃભાષા વાંચી-લખી કે બોલી ન શકે, પણ અંગ્રેજી જ જાણે છે એવું ગૌરવ અનુભવતા માતા-પિતા સમાજના ગુર્જરધરાનો દ્રોહ કરી રહ્યા છે. ગુજરાતી ભાષાને જીવંત રાખવાની શરૂઆત આપણા ઘરમાંથી જ થઈ શકે... શાળાના ખંડમાંથી જ સંવર્ધિત થઈ શકશે, એટલું યાદ રાખવું પડે. વિશ્વ માતૃભાષા દિવસે ભાષાના દેવપુરુષ જેવા સર્વે સર્જકોને વંદન.

# મૃણાલ ઠાકુર આ 'મરાઠી મુલગી' હિન્દી અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં અલગ સ્થાન જમાવવા સક્ષમ છે..

## આજે હિન્દી ફિલ્મ 'દો દિવાને શહર મેં' રજૂ થઈ રહી છે



મૃણાલ ઠાકુરે પહેલાં ટેલિવિઝન, પછી મરાઠી ફિલ્મ, પછી ટી.વી. સિરિયલો અને પછી બોલિવૂડની ફિલ્મો અને સાથે જ તેલુગુ ફિલ્મો એમ એક પછી એક સોપાન સર કર્યા છે. આજે ૩૩ વર્ષની ઉંમરમાં મૃણાલ ઠાકુરે લાંબી મજલ કાપી છે અને એક પ્રતિભાશાળી અભિનેત્રી તરીકે નામના મેળવી છે.

પહેલી ઓગસ્ટ ૧૯૯૨ના મહારાષ્ટ્રના ધૂળેમાં જન્મેલી મૃણાલે અભિનયની કારકિર્દી અપનાવવી હોવાથી ભણતર અધવચ્ચેથી જ છોડી દીધું હતું. જળગાંવની જોસેફ કોન્વેન્ટ સ્કૂલમાં થોડો અભ્યાસ કર્યા પછી મુંબઈમાં શિફ્ટ થતાં વસંત વિહાર હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યા પછી કે.સી. કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. પણ ૨૦ વર્ષની ઉંમરે તેને સિરિયલમાં મુખ્ય ભૂમિકા મળતી હોવાથી તેણે સ્નાતક થયા પહેલાં જ અભ્યાસ છોડી દીધો.

૨૦૧૨માં ગૌરી ભોસલેની ભૂમિકા તેને સ્ટાર પ્લસની સિરિયલ 'મુઝે કુછ કહેતી... યે ખામોશિયાં' મળી ત્યારથી જ તેની અભિનય કારકિર્દીની શરૂઆત થઈ છે. મૃણાલ ઠાકુરની આજે હિન્દી ફિલ્મ 'દો દિવાને શહર મેં' રજૂ થઈ રહી છે. આ ફિલ્મમાં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં મૃણાલનો ગેટઅપ એકદમ અલગ જ છે. રવિ ઉદયવાર દિગ્દર્શિત આ ફિલ્મના નિર્માતા સંજય લીલા ભણસાલી છે. આમ પણ મૃણાલ માટે ૨૦૨૫ અને ૨૦૨૬નું વર્ષ ખૂબ જ ખાસ રહ્યું છે.

૨૦૨૫માં તેની અજય દેવગણ સાથેની 'સન ઓફ સરદાર-ટુ' આવી. તેને બોક્સ ઓફિસ પર મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. ત્યાર બાદ ધનુષ સાથેના પ્રેમપ્રકરણની વાત ચગી હતી. એ પણ એટલે સુધી કે કે તેમનાં લગ્ન થવાના છે!. જોકે, મૃણાલે તાજેતરમાં જ એનું ખંડન કરતાં તે અફવા પછી શાંત થઈ ગઈ હતી. હવે, ૨૦૨૬માં મૃણાલની એક પછી એક ચાર ફિલ્મો રિલીઝ થવાની છે અને તેની અત્યાર સુધીની કારકિર્દી જોતાં તેની ભૂમિકામાં વિવિધતા જોવા મળશે. 'દો દિવાને શહર મેં' પછી તેની અદિવિ શેષ સાથેની ફિલ્મ 'ડકૈતઃ અ લવ સ્ટોરી' રજૂ થશે, જે હિન્દી અને તેલુગુ એમ બે ભાષામાં બની છે. ત્યાર બાદ, 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' અને 'પૂજા મેરી જાન' જેવી ફિલ્મો રજૂ થવાની છે. ૨૦૧૩માં હિન્દી સિરિયલ 'અર્જુન', ૨૦૧૪થી ૨૦૧૬ સુધીમાં 'કુમકુમ ભાગ્ય'માં બુલબુલ અરોરા ખન્નાની ભૂમિકા ભજવ્યા પછી મૃણાલને 'હેલો નંદન', 'વિટ્ટી દાંડુ' અને 'સુરાજ્ય' જેવી મરાઠી ફિલ્મો મળી. આ ફિલ્મોમાં તેનો અભિનય વખણાયો. ૨૦૧૮માં તેને પ્રથમ હિન્દી ફિલ્મ મળી 'લવ સોનિયા'. આ ફિલ્મમાં મનોજ બાજપાઈ, અનુપમ ખેર, ફેડા પિન્ટો, રિચા ચઢ્ઢા, રાજકુમાર રાવ અને સાઈ તામ્હણકર જેવાં કલાકારો હતા. આ ફિલ્મને લંડન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટીવલમાં ખૂબ પ્રશંસા મળી, પણ બોક્સ ઓફિસ પર તે ફિલ્મ નબળી સાબિત થઈ. ૨૦૧૯માં હ્રતિક રોશન સાથેની 'સુપર-૩૦' અને જહોન અબ્રાહમ સાથેની 'બાટલા હાઉસ' ફિલ્મે મૃણાલને અભિનેત્રી તરીકે સ્થાપિત કરી દીધી. આ બન્ને ફિલ્મે બોક્સ ઓફિસ ગજાવી હતી. ત્યાર પછી મૃણાલને પણ 'હીટ' અને 'ફલોપ'ના ચક્કરમાંથી પસાર થવું પડ્યું હતું. ૨૦૨૦માં 'ઘોસ્ટ સ્ટોરીઝ, ૨૦૨૧માં 'તૂફાન' અને 'ધમાકા', ૨૦૨૨માં 'જર્સી', 'સીતા રામમ', 'જહાં', જેવી ફિલ્મો આવી.અક્ષયકુમાર-ઈમરાન હાશ્મી સાથેની 'સેલ્ફી' ૨૦૨૩માં આવી, પછી આદિત્ય રોય કપૂર સાથેની 'ગુમરાહ', 'લસ્ટ સ્ટરોઝ-ટુ', 'આંખ મિચૌલી', 'પિપ્પા', 'હાય નન્ના', જેવી ફિલ્મો બોક્સ ઓફિસ પર ધબાય નમઃ થઈ.મૃણાલ એક વાતે નસીબદાર છે કે તેને ભૂમિકાઓ સારી મળે છે અને તેનું કામ વખણાય છે. ૨૦૨૪માં વિજય દેવરકોંડા સાથેની 'ધ ફેમિલિ સ્ટાર' તેલુગુ અને હિન્દીમાં રિલીઝ થઈ. તે થોડી ઘણી સફળ પૂરવાર થઈ હતી. અમિતાભ બચ્ચન, પ્રભાસ, દીપિકા પદુકોણ સાથેની 'કલ્કીઃ૨૮૯૮ એડી'માં તે ખોવાઈ ગઈ હતી.આમ, સફળતા અને નિષ્ફળતા વચ્ચે સતત આગળ વધતી મૃણાલ ઠાકુરને એક અભિનત્રી તરીકે જ ઓળખ મળી ચૂકી છે અને તેને 'સોલો હીરોઈન' તરીકેની ભૂમિકા પણ મળ્યા કરે છે. થોડો નસીબનો સાથ મળે તો આ મરાઠી મુલગી પોતાની રીતે બોલિવૂડમાં અને સાઉથની ફિલ્મોમાં પોતાનું અલગ જ સ્થાન ઊભું કરવા માટે સક્ષમ છે એમ કહી શકાય. બાકી ૨૦ વર્ષની ઉંમરથી અભિનય કારકિર્દીને અપનાવનારી મૃણાલ ઠાકુરે ૧૪ વર્ષમાં ખૂબ લાંબી મજલ કાપી છે. ટી.વી. સિરિયલમાંથી હિન્દી અને સાઉથની ફિલ્મો સુધીની તેની આ સફર અને સફળતા ખરેખર વખાણવાલાયક છે.

ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' ને પ્રિયંકા ચોપરાની 'ધ બ્લફ'નું આકર્ષણ ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી અત્યારે ટી-૨૦ વર્લ્ડ-કપની મૅચ ચાલી રહી છે, જે આવતા અઠવાડિયાથી 'સુપર એઈટ'ના તબક્કામાં પ્રવેશશે તેમ વધારે રોમાંચક થતી જશે. આ સિવાય ઓટીટી પર રજૂ થનારી ફિલ્મો વિશે જાણીએ એમેઝોન પ્રાઈમ વીડિયોઃ આ લોકપ્રિય ઓટીટી પ્લેટફોર્મ પર ૨૫ ફેબ્રુઆરીએ પ્રિયંકા ચોપરા અને કાર્સ અર્બનની એક્શન પેક્ડ ફિલ્મ ફિલ્મ 'ધ બ્લફ' રજૂ થશે. ૨૬ ફેબ્રુઆરીએ ધર્મેન્દ્રની અંતિમ ફિલ્મ 'ઈક્કીસ' રજૂ થશે. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર શ્રીરામ રાઘવન દિગ્દર્શિત ફિલ્મ 'ઈક્કીસ'માં ધર્મેન્દ્રની સાથે અગત્સ્ય નંદા, સિમર ભાટિયા, જયદીપ અહલાવત, સિકંદર ખેર જેવા કલાકારો છે. ૨૬ ફેબ્રુઆરીએ જ અંગ્રેજી સિરીઝ 'બ્રિજટાઉન'ની ચોથી સિઝન આ ઓટીટી પર રજૂ થશે. ૨૩ ફેબ્રુઆરીએ 'સીઈઓ કલબ' નામની સિરીઝ શરૂ થઈ રહી છે નેટફ્લિક્સઃ આ ઓટીટી ચેનલ પર ૨૦ ફેબ્રુઆરીએ એટલે કે આજે બે અલગ-અલગ પ્રકારની ફિલ્મો રજૂ થશે. તેમાં 'સ્ટ્રીપ લો' એ એનિમેશન ફિલ્મ છે અને બીજી 'લેગીઝ'નામની ફિલ્મ રજૂ થશે. ઝી ફાઈવઃ કન્નડ સસ્પેન્સ ફિલ્મ 'રાક્ષસ'નું પ્રસારણ આજે ૨૦ ફેબ્રુઆરીએ થશે અને સાથે જ અનુરાગ કશ્યપ દિગ્દર્શિત સન્ની લિયોની અને રાહુલ ભટ્ટ અભિનીત ફિલ્મ 'કેનેડી' રજૂ થશે.

જિયો હોટસ્ટારઃ જિયો હોટસ્ટાર પર અત્યારે '૫૦' નામનો રિયાલિટી શૉ, ક્રિકેટની મૅચ અને અક્ષય કુમારના સંચાલન હેઠળનો 'વ્હીલ ઓફ ફોર્ચ્યુન' ધૂમ મચાવી રહ્યા છે. આજે ૨૦ ફેબ્રુઆરીએ તમિળ કોમેડી ફિલ્મ 'લકીઃ ધ સુપસ્ટાર' રજૂ થવાની છે.



# 'યુવા' ૨૦ ફેબ્રુઆરીએ ફરીથી થિયેટર્સમાં રિલીઝ થશે

## ઈશા દેઓલે કહ્યું, "મારા દિલની બહુ નજીકની ફિલ્મ"

શહેરી યુવાનોની બેચેનીને પડદા પર ઉતારનાર ફિલ્મ 'યુવા' હવે બે દાયકાથી વધુ સમય પછી ફરીથી મોટા પડદા પર આવી રહી છે. ૨૦૦૪ની આ પોલિટિકલ એક્શન ડ્રામા ફિલ્મ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પીવીઆર આઈનોક્સ સિનેમામાં ફરી રિલીઝ થશે.

આ અંગે ફિલ્મની એક્ટ્રેસ ઈશા દેઓલે એક વીડિયો પોસ્ટ કરીને રી-રિલીઝની જાહેરાત કરી અને ફિલ્મને તેના દિલની અત્યંત નજીક રહેલી ફિલ્મ ગણાવી હતી. તેણે ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક મણી રત્નમ અને સહ-અભિનેતાઓ અજય દેવગણ, અભિષેક બચ્ચન અને વિવેક ઓબેરોય સાથે કામ કરવાનો અનુભવ પણ યાદ કર્યો હતો.ઈશા દેઓલે કહ્યું, "'યુવા' મારા માટે એક બહુ ખાસ સફર રહી, યુવાનોને કેન્દ્રમાં રાખીને બનેલી અને આજે પણ પ્રસ્તુત લાગતી ફિલ્મનો ભાગ બનવું અને તેનું ફરી રિલીઝ થવું તેના માટે ખાસ બાબત છે. તેણે ફિલ્મનાં તમિલ વર્ઝનનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં મુખ્ય ભૂમિકામાં સુર્યા હતો.

મણી રત્નમ દ્વારા લખાયેલી, નિર્મિત અને દિગ્દર્શિત 'યુવા' કોલકાતાના વિદ્યાર્થી રાજકારણ, મહત્ત્વાકાંક્ષાઓ અને નૈતિક સંઘર્ષોની વચ્ચે ત્રણ યુવાનોની જિંદગીઓને એકબીજા સાથે વણી લે છે. ફિલ્મમાં રાની મુખર્જી અને કરીના કપૂર પણ હતાં. આ ફિલ્મ તમિલમાં 'આયુથા એઝુથુ' નામે યુવાની સાથે જ અલગ મુખ્ય કલાકારો સાથે બનાવવામાં આવી હતી.વર્ષો દરમિયાન 'યુવા' તેની અનોખી વાર્તા, એ.આર. રહેમાનના સંગીત અને અભિષેક બચ્ચનની લલ્લન સિંહ તરીકેના પ્રભાવશાળી અભિનય માટે કલ્ટ સ્ટેટસ મેળવી ચૂકી છે. જે તેની કારકિર્દીમાં મહત્વનો ટર્નિંગ પોઈન્ટ માનવામાં આવે છે. હાલમાં ફિલ્મના અધિકારો રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ પાસે છે.રસપ્રદ વાત એ છે કે 'યુવા'ની રી-રિલીઝ સાથે જ ૨૦ ફેબ્રુઆરીએ સંજય લીલા ભન્સાલી દ્વારા પ્રોડ્યુસ થયેલી અને સિદ્ધાંત ચતુર્વેદી તથા મૃણાલ ઠાકુર અભિનિત નવી રોમેન્ટિક ફિલ્મ 'દો દીવાના સહર મેં' પણ થિયેટર્સમાં આવી રહી છે.

# યેના ભારતમાં પહેલા કોન્સર્ટ માટે ટિકિટની પડાપડી



ટિકિટ વેચાણ સત્તાવાર રીતે શરૂ થાય તે પહેલાં જ ૧.૩ લાખથી વધુ ચાહકો ઑનલાઇન વેઇટિંગમાં જોડાઈ ગયાં હતાં.

વિશ્વપ્રસિદ્ધ હિપ-હોપ આઈકોન યેના ભારતમાં પ્રથમ કોન્સર્ટ માટે બુધવારે જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો. ટિકિટ વેચાણ સત્તાવાર રીતે શરૂ થાય તે પહેલાં જ ૧.૩ લાખથી વધુ ચાહકો ઑનલાઇન વેઇટિંગમાં જોડાઈ ગયાં હતાં.

૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, નવી દિલ્હીમાં યોજાનાર આ એક રાતના કોન્સર્ટ માટેની ટિકિટ્સ સાંજે ૪ વાગ્યે એક ઓનલાઈન એપમાં લાઈવ થઈ હતી. પરંતુ બુકિંગ વિન્ડો ખુલે તે પહેલાં જ વર્ચ્યુઅલ વેઈટિંગ એક લાખને પાર પહોંચી ગયું હતું — ભારતમાં કોઈ પણ કોન્સર્ટ ટિકિટ વેચાણ માટે આ પહેલીવારનું ઐતિહાસિક રેકોર્ડ બૂકિંગ ગણાય છે.

આયોજકોના જણાવ્યા અનુસાર, આ જબરદસ્ત પ્રતિસાદ દેશમાં કી કલાકારના સોલો કોન્સર્ટની લાઈવ ઈવેન્ટ માટે નવો માપદંડ નક્કી કરે છે અને વૈશ્વિક ટૂરિંગ સર્કિટમાં ભારતનું વધતું મહત્વ દર્શાવે છે. અગાઉ પ્રી-રજિસ્ટ્રેશનનાં આંકડા લગભગ ૨ લાખ સુધી પહોંચ્યા હતા, જે વેચાણ શરૂ થાય તે પહેલાં જ તેના ફેન્સનો ભારે રસ દર્શાવતા હતા.

માત્ર એક જ રાતના કોન્સર્ટમાં મલ્ટી-ગ્રેમી વિજેતા કલાકારને લાઈવ જોવા ચાહકોમાં ભારે ઉત્સુકતા છે. આ કોન્સર્ટનું આયોજન વ્હાઈટફોક્સ ઈન્ડિયા દ્વારા વિઝક્રાફ્ટ ગ્રુપ અને લક્ષ્ય મીડિયા ગ્રુપના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.ભારતમાં અત્યાર સુધી યોજાયેલા ઈન્ડિપેન્ડન્ટ મ્યુઝિક કોન્સર્ટમાં આ શો સૌથી મહત્ત્વાકાંક્ષી ઈવેન્ટ્સમાંનો એક માનવામાં આવે છે અને દેશના લાઈવ એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ ક્ષણ સાબિત થઈ શકે છે.

### કાર્તિકની 'કેપ્ટન ઈન્ડિયા' ટી-સિરીઝ પ્રોડ્યુસ કરશે

# કાર્તિકની આ ફિલ્મ 'ચક દે ઈન્ડિયા'ના ડિરેક્ટર શિમિત અમીન ડિરેક્ટ કરશે

કાર્તિક આર્યન અને ટી-સિરીઝનો ટ્રેક રેકોર્ડ ઘણો સારો રહ્યો છે, કારણ કે તેઓ પાંચ ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. આમાંથી ચાર ફિલ્મો – 'સોનુ કે ટીટુ કી સ્વીટી', 'પતિ પત્ની ઔર વો', 'ભૂલ ભુલૈયા ૨' અને 'ભૂલ ભુલૈયા ૩' બોક્સ ઑફિસ પર સફળ સાબિત થઈ હતી. હવે તેઓ ફરી એકવાર સાથે કામ કરવાની તૈયારી કરી રહ્યા છે. કાર્તિક આર્યનની આગામી ફિલ્મ 'કેપ્ટન ઈન્ડિયા' સાથે પ્રોડ્યુસર તરીકે હવે ટી-સિરીઝ જોડાયું છે.

એક સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "'કેપ્ટન ઈન્ડિયા'ની વાર્તા હર્મન બાવેજાએ લખી અને પ્રોડ્યુસ કરી છે. હવે ટી-સિરીઝ પણ સહ-નિર્માતા તરીકે જોડાયું છે, કારણ કે તેમને વાર્તામાં, કાર્તિકની કાસ્ટિંગમાં અને ડિરેક્ટર તરીકે શિમિત અમીન સાથે મળીને કામ કરવામાં રસ છે. શૂટિંગ માટે લોકેશન નક્કી થઈ ગયા છે અને ફિલ્મ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં ફ્લોર પર જવાની અપેક્ષા છે." અહેવાલો મુજબ, ફિલ્મનું શૂટિંગ ભારત અને મોરોક્કોમાં થવાનું છે.

'કેપ્ટન ઈન્ડિયા'થી શિમિત અમીન ૧૭ વર્ષ બાદ ડિરેક્ટર તરીકે વાપસી કરી રહ્યા છે. તેમણે અત્યાર સુધી ત્રણ ફિલ્મો બનાવી છે અને ત્રણેયની પોતાની અલગ ફેન ફોલોઈંગ છે. તેમણે ૨૦૦૪માં ગંભીર અને વાસ્તવિક 'અબ તક છપ્પન'થી ડિરેક્શન ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ૨૦૦૭માં શાહરૂખ ખાન અભિનીત લોકપ્રિય ફિલ્મ 'ચક દે ઈન્ડિયા' બનાવી હતી. તેમની ત્રીજી ફિલ્મ 'રોકેટ સિંહઃ સેલ્સમેન ઑફ ધ યર' (૨૦૦૯) હતી, જેમાં રણબીર કપૂર મુખ્ય ભૂમિકામાં હતો. જોકે, બોક્સ ઑફિસ પર તે ખાસ સફળ ન રહી, પરંતુ પછીથી તેને કલ્ટ સ્ટેટસ મળ્યું છે. 'કેપ્ટન ઈન્ડિયા'ની જાહેરાત ૨૦૨૧માં થઈ હતી અને તે સમયે હંસલ મહેતાને દિગ્દર્શક તરીકે સાઈન કરવામાં આવ્યા હતા.જો કાર્તિકની અન્ય ફિલ્મો વિશે વાત કરવામાં આવે તો, તેની પાસે ટી-સિરીઝની વધુ એક ફિલ્મ અનુરાગ બસુ દિગ્દર્શિત મ્યુઝિકલ ફિલ્મ છે, જોકે, તેનું નામ નક્કી થયું નથી. આ ફિલ્મ ૨૦૨૬ના પાછળના ભાગમાં રિલીઝ થવાની છે. હાલમાં કાર્તિક 'ફુકરે'ના ડિરેક્ટર મૃગદીપ સિંહ લાંબા સાથે 'નાગઝિલ્લા'નું શૂટિંગ કરી રહ્યો છે. આ સિવાય તેની પાસે કબીર ખાનની આગામી ફિલ્મ પણ છે.

# કેરળ હાઇકોર્ટે 'ધ કેરલ સ્ટોરી ૨ : ગોઝ બિયોન્ડ'ની રિલીઝ રોકવા અંગે CBFC અને નિર્માતાઓનો જવાબ માંગ્યો

કેરળ હાઈકોર્ટે ગુરુવારે સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) અને ફિલ્મ 'ધ કેરલ સ્ટોરી ૨ – ગોઝ બિયોન્ડ'ના પ્રોડ્યુસર્સને નોટિસ પાઠવી છે. હાઈકોર્ટમાં થયેલી એક પિટિશનમાં ફિલ્મને અપાયેલું પ્રમાણપત્ર રદ કરવાની અને તેની રિલીઝ પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે.આ પિટિશન કુન્નુરના રહેવાસી શ્રીદેવ નમ્બૂદિરી દ્વારા દાખલ કરવામાં આવી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે આવનારી સીક્વલ ફિલ્મ કેરળને અયોગ્ય રીતે રજૂ કરે છે અને સાંપ્રદાયિક તેમજ પ્રાદેશિક અરાજકતા ભડકાવવાની શક્યતા ધરાવે છે. હાલ આ કેસ જસ્ટીસ બેચુ કુરિયન થોમસ સમક્ષ સુનાવણી માટે આવ્યો હતો. કોર્ટેસીબીએફસી અને ફિલ્મનાં પ્રોડ્યુસર્સ સનશાઈન પિક્ચર્સને પોતાનો જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે. કેસની આગળની સુનાવણી ૨૪ ફેબ્રુઆરીએ થશે. 'ધ કેરલ સ્ટોરી ૨ – ગોઝ બિયૉન્ડ' ફિલ્મ 'ધ કેરલ સ્ટોરી'ની સીક્વલ છે, જેમાં કેરળની કેટલીક મહિલાઓને આઈએસઆઈએસ (ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક એન્ડ સિરિયા)માં જોડાવા માટે ભર્તી કરવામાં આવી હોવાનો દાવો દર્શાવવામાં આવ્યો હતો .પિટિશનમાં નમ્બૂદિરીએ સીક્વલને અપાયેલા પ્રમાણપત્રને પડકારતા દલીલ કરી છે કે સીબીએફસીએ સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ની કલમ ૫બી મુજબ જાહેર શાંતિ, શિસ્ત અને નૈતિકતા પર ફિલ્મના પ્રભાવનું યોગ્ય મૂલ્યાંકન કર્યું નથી. અરજીમાં ફિલ્મના ટીઝર અને ટ્રેલર અંગે પણ વાંધા ઉઠાવવામાં આવ્યા છે.અરજદારના મતે, ટીઝર અને ટ્રેલરમાં અનેક રાજ્યોની મહિલાઓ દર્શાવવામાં આવી હોવા છતાં ફિલ્મનું નામ 'ધ કેરલ સ્ટોરી' જ રાખવામાં આવ્યું છે, જે કેરળને આતંકવાદ અને બળજબરીથી ધર્મપરિવર્તન સાથે ખાસ જોડે છે અને રાજ્યના લોકોની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે આવી બંધારણની કલમ ૧૪ અને ૨૧ હેઠળ મળતી સુરક્ષાનો ભંગ કરી શકે છે. સાથે જ કલમ ૧૯(૨) હેઠળ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય પર લાગુ યોગ્ય મર્યાદાઓને અવગણવામાં આવી હોવાનું પણ કહેવાયું છે. 'ધ કેરલ સ્ટોરી ૨'ને સીબીએફસી દ્વારા યુ/એ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. આ ફિલ્મનું ડિરેક્શન કમાખ્યા નારાયણ સિંહ દ્વારા કરવામાં આવ્યું છે અને પ્રોડ્યુસર વિપુલ અમૃતલાલ શાહ છે, આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરીએ થિયેટરોમાં રિલીઝ થશે.ફિલ્મને સેન્સરના સર્ટિફિકેટ અંગે વિપુલ મહેતાએ કહ્યું, "અમારી ફિલ્મને યુ/એ પ્રમાણપત્ર આપવા બદલ હું સેન્સર બોર્ડનો હૃદયપૂર્વક આભારી છું. આ નિર્ણય દર્શાવે છે કે તેઓ અમારી ફિલ્મની ભાવના અને નિષ્ઠા પર વિશ્વાસ રાખે છે. ખાસ મહત્વનું એ છે કે હવે અમે દેશભરની યુવા દીકરીઓ અને પરિવારો સુધી પહોંચી શકીશું."



# આજે નિર્ણાયક ટી૨૦ જીતીને ભારતીય વિમેન્સ ટીમ ઇતિહાસ રચી શકે છે

## ભારત અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ વચ્ચે આજે ત્રીજી ટી૨૦, બપોરે ૧.૪૫થી પ્રારંભ



પ્રવાસી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ શનિવારે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં રમશે ત્યારે તેનો ઈરાદો આ મેચ જીતીને ત્રણ મેચની સિરીઝ પણ હાંસલ કરી લેવાનો રહેશે કેમ કે આ સફળતા સાથે હરમનપ્રિત કૌરની ટીમ ઈતિહાસ રચી શકે તેમ છે. ભારતે અત્યાર સુધીમાં ક્યારેય ઓસ્ટ્રેલિયન ધરતી પર ટી૨૦ સિરીઝ જીતી નથી. બંને ટીમ વચ્ચેની ત્રણ મેચની સિરીઝ હાલમાં ૧-૧થી સરભર છે. શનિવારે સિરીઝની ત્રીજી અને નિર્ણાયક મેચ રમાશે. ભારતીય સમય મુજબ બપોરે ૧.૪૫ કલાકે મેચનો પ્રારંભ થશે.

અહીના એડિલેડ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનારી આ મેચમાં ભારતીય વિમેન્સ ટીમે બેટિંગમાં કમાલ કરવી પડશે કેમ કે ઓસ્ટ્રેલિયા અનુભવી બોલિંગ ધરાવે છે અને તેની સામે મંધાના, શેફાલી અને હરમનપ્રિત કૌરે વિકેટ પર ટકીને બેટિંગ કરવી પડશે. ભૂતકાળમાં ભારતે ઓસ્ટ્રેલિયન ધરતી પર કેટલીક મેચો જીતી છે પરંતુ ક્યારેય દ્વિપક્ષીય ટી૨૦ સિરીઝ જીતી નથી. હવે નવો ઈતિહાસ રચવા માટે ભારતે મંધાના અને શેફાલી સહિત શરૂઆતથી જ મજબૂત બેટિંગ કરવી પડશે. શેફાલી અને સ્મૃતિ મંધાનાએ સારી શરૂઆત કરેલી છે પરંતુ તેને લાંબી ઈનિંગ્સમાં પરિવર્તિત કરવામાં તે નિષ્ફળ રહી હતી. અનુભવી કિમ ગાર્થ, એનાબેલ સધરલેન્ડ અને સોફી મોલિનોક્સે ભારતીય ઓપનર્સની ખામી છતી કરી દીધી હતી અને બીજી મેચમાં તેઓએ મળીને સાત રનના ઉમેરામાં ભારતની પાંચ વિકેટ ખેરવી દીધી હતી. જોકે એડિલેડની પિચ અગાઉની કેનબેરાની પિચ કરતાં વધુ અનુકૂળ રહેશે અને ભારતીય બેટર્સ અહીંની ઉછાળ ધરાવતી પિચનો લાભ ઉઠાવી શકે છે. કેપ્ટન હરમનપ્રિત કૌર, જેમિમાહ રોડ્રિગ્સ અને રિચા ઘોષ પણ આ પ્રકારની બેટિંગ પિચ પર સારો દેખાવ કરવા આતુર હશે. જોકે અહીંની પિચ પર રેણુકા સિંઘ ઠાકુર, અરૂંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ અને અમનજોત કૌરે સાવચેત દાખવવી પડશે કેમ કે ભારતની બેટર્સની માઉક કાંગારું બેટર્સ પણ આ પિચનો લાભ ઉઠાવી શકે છે. આ મેચમાં ભારતીય વિમેન્સ ટીમ સામે સૌથી મોટું જોખમ જ્યોર્જિયા વોલ રહેશે જે અગાઉની મેચમાં શ્રેષ્ઠ ખેલાડી જાહેર થઈ હતી.

# દ્રષ્ટિહીનો માટેના ક્રિકેટને મજબૂત બનાવવાની પહેલને BCCIનું સમર્થન

## બીસીસીઆઈ દ્દષ્ટિહીન ક્રિકેટર્સને તમામ સવલત આપશે, છેલ્લા દાયકામાં ભારતની બ્લાઇન્ડ




ક્રિકેટ એસોસિયેશન ફોર ધ બ્લાઈન્ડ ઈન ઈન્ડિયા (સીએબીઆઈ)એ ક્રિકેટની રમતમાં તેમની ઐતિહાસિક પ્રતિબદ્ધતા બદલ ભારતીય ક્રિકેટ બોર્ડ તરફથી મળેલા સહયોગની પ્રંશસા કરી હતી. સાથે સાથે દ્રષ્ટિહીનો માટેના ક્રિકેટને મજબૂત બનાવવાની પહેલને BCCIએ સમર્થન આપ્યું છે.

છેલ્લા એક દાયકામાં ભારતના દ્રષ્ટિહીન ક્રિકેટર્સે વૈશ્વિક મંચ પર અસાધારણ વારસો સ્થાપિત કર્યો છે અને ૨૦૧૨થી મેન્સ ક્રિકેટમાં વર્લ્ડ કપ ટાઈટલ જીતીને તથા પ્રથમ મહિલા વર્લ્ડ કપ પણ જીત્યો છે. હવે તેમને બીસીસીઆઈનું ઔપચારિક સમર્થન સુનિશ્ચિત કરે છે કે આ સફળતાની માત્ર ઉજવણી કરવામાં આવે નહી પરંતુ ઉચ્ચ સ્તરે માળખાગત સમર્થન દ્વારા તેને ટકાવી રાખવામાં અને ઉન્નત કરવામાં આવે.

ભારતના દ્રષ્ટિહીન ક્રિકેટરોની સફરને વધુ મજબૂત બનાવવા માટે, બીસીસીઆઈ મેન્સ અને વિમેન્સ ક્રિકેટ બંનેને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે. બોર્ડ ખાસ કરીને વિવિધ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરશેઃ જેમાં દરેક ટીમ (પુરુષો અને મહિલા) માટે દર વર્ષે બે વિદેશી ટુર્નામેન્ટ માટે આંતરરાષ્ટ્રીય મુસાફરી અને રહેવાની વ્યવસ્થા. (૨) ભારતમાં દ્વિપક્ષીય શ્રેણી દરમિયાન ઘરેલુ અને મુલાકાતી ટીમો માટે રહેવાની વ્યવસ્થા (૩) સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મેચો માટે બીસીસીઆઈ સમર્થિત સ્ટેડિયમ અને મેદાનોની વિશિષ્ટ એક્સેસ, જે વિશ્વ કક્ષાની રમતની પરિસ્થિતિઓ અને વ્યાવસાયિક ધોરણો સુનિશ્ચિત કરશે વિગેરે જેવી બાબતો સામેલ હશે.

આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના અધ્યક્ષ જય શાહના નેતૃત્વમાં વિવિધ રચનાત્મક ચર્ચાઓ બાદ હાંસલ થયું છે. જય શાહની ક્રિકેટમાં સમાવેશક વિકાસ માટેની સતત હિમાયત આ સહયોગને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેમણે ડો. મહંતેશ જી. કિવદાસન્નાવર (ચેરમેન) અને શૈલેન્દ્ર યાદવ (જનરલ સેક્રેટરી) સહિતની સીએબીઆઈ નેતાગીરી સાથે લાંબી ચર્ચા કરી હતી અને સુનિશ્ચિત કર્યું હતું કે બ્લાઈન્ડ ક્રિકેટને યોગ્ય માળખાકીય સમર્થન મળે.

આઈસીસીના ચેરમેન અને બીસીસીઆઈના ભૂતપૂર્વ સેક્રેટરી જય શાહે સતત ભાર મૂક્યો છે કે ક્રિકેટનો વિકાસ સમાવેશક હોવો જોઈએ અને તે રમતની ભાવનાનું પ્રતિબિંબ પાડતો હોવો જોઈએ. તેમના માર્ગદર્શનથી આ માન્યતાને મૂર્ત સંસ્થાકીય સમર્થનમાં ફેરવવામાં મદદ મળી છે, જેનાથી ભારતની ભૂમિકા માત્ર ગ્લોબલ ક્રિકેટ પાવરહાઉસ તરીકે જ નહી પરંતુ રમત તમામ માટે સુલભ બનાવવામાં અગ્રણી તરીકે મજબૂત બની છે.આ ભાગીદારી સીએબીઆઈને સીએસઆર ગ્રાન્ટ દ્વારા મળતા સમર્થનમાં રહેલા અંતરને દૂર કરવામાં મદદ કરે છે. જેનાથી તે વૈશ્વિક સ્તરે દ્રષ્ટિહીન લોકો માટે ક્રિકેટને વધુ અસરકારક રીતે પ્રોત્સાહન આપી શકે, ખાસ કરીને ટુર્નામેન્ટનું આયોજન કરીને અને વિદેશોમાં યોજાતી સિરીઝમાં ભાગીદારીને ટેકો આપીને. તે વિશ્વભરમાં દ્રષ્ટિહીન લોકો માટે ક્રિકેટના પ્રચારને વધુ મજબૂત કરશે અને તેને વિસ્તારશે.

# ઓસ્ટ્રેલિયાએ આ ટુર્નામેન્ટમાં છેલ્લી મેચ જીતી

## ઓમાનને ૯ વિકેટે હરાવ્યું, માર્શ-હેડે ૯૩ રન જોડ્યા; ઝમ્પાએ ૪ વિકેટ લીધી




ઓસ્ટ્રેલિયાએ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ જીત સાથે સમાપ્ત કર્યો. ટીમે શુક્રવારે છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચમાં ઓમાનને ૯ વિકેટે હરાવ્યું. કેન્ડીના પલ્લેકેલે સ્ટેડિયમમાં પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓમાન ૧૦૪ રનમાં સમેટાઈ ગઈ. મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડે ૯૩ રનની ભાગીદારી કરીને કાંગારૂ ટીમને જીત અપાવી.

ઓસ્ટ્રેલિયા માટે બોલિંગમાં લેગ સ્પિનર એડમ ઝામ્પાએ ૪ વિકેટ લીધી. ગ્લેન મેક્સવેલ અને ઝેવિયર બાર્ટલેટને ૨-૨ વિકેટ મળી. કેપ્ટન માર્શે ફિફ્ટી ફટકારી, જ્યારે ટ્રેવિસ હેડ ૩૨ રન બનાવીને આઉટ થયો. ઓમાન માટે વસીમ અલીએ સૌથી વધુ ૩૨ રન બનાવ્યા.ઓસ્ટ્રેલિયાની ટીમ ગ્રુપ-Bમાં શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામે હારીને બહાર થઈ ગઈ. ટીમે આયર્લેન્ડ અને ઓમાનને હરાવ્યું, પરંતુ તે આગલા રાઉન્ડમાં પહોંચવા માટે પૂરતું ન હતું. ટીમ ૨૦૦૯ પછી પહેલીવાર ગ્રુપ સ્ટેજ પણ પાર કરી શકી નહી.

# ભારત-પાકિસ્તાન મેચે ડિજિટલ વ્યૂઅરશિપ રેકોર્ડ તોડ્યા

## જિયોહોટસ્ટાર પર ૧૬.૩ કરોડ યુઝર્સે મુકાબલો જોયો, ૨૦૨૪ વર્લ્ડ કપ ફાઇનલ કરતાં પણ વધુ




ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચે વ્યૂઅરશિપના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. ડિજિટલ પ્લેટફોર્મ પર આ મેચને ૧૬.૩ કરોડ યુઝર્સે જોઈ. T20 ફોર્મેટમાં કોઈપણ ICC ઈવેન્ટ માટે એક મેચની આ સૌથી વધુ રીચ છે.

આ મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચને ૨૦ બિલિયન મિનિટ સુધી જોવામાં આવી છે. એટલું જ નહી, તેણે ડિજિટલ પ્લેટફોર્મ પર ૨૦૨૪ T20 વર્લ્ડ કપ ફાઈનલ મેચને પણ પાછળ છોડી દીધી છે. આ મેચ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ હતી.

જિયોસ્ટાર અનુસાર, ડિજિટલ પ્લેટફોર્મ પર મેચને ૧૬.૩ કરોડ (૧૬૩ મિલિયન)ની ઐતિહાસિક રીચ મળી. આ T20 ફોર્મેટમાં કોઈપણ ICC ઈવેન્ટ માટે અત્યાર સુધીની સૌથી વધુ રીચ છે. તેણે ૨૦૨૪ T20 વર્લ્ડ કપ ફાઈનલ (ભારત દ્દજ સાઉથ આફ્રિકા)નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો.

મોબાઈલ પર આ મેચ લીગ સ્ટેજની સૌથી વધુ જોવાયેલી મેચ બની. ૨૦૨૪ની ભારત-પાક મેચની સરખામણીમાં ડિજિટલ રીચમાં ૫૬%નો વધારો નોંધાયો.

તમામ પ્લેટફોર્મ પર કુલ ૨૦ અબજ મિનિટનો વોચ ટાઈમ રેકોર્ડ થયો, જે પાછલી આવૃત્તિની સરખામણીમાં ૪૨% વધુ છે.

જિયોસ્ટારના સ્પોર્ટ્સ સેલ્સ હેડ અનુપ ગોવિંદને જણાવ્યું કે આ રેકોર્ડ દર્શકોના જબરદસ્ત જોડાણને દર્શાવે છે. જ્યારે કન્ટેન્ટ હેડ સિદ્ધાર્થ શર્માએ તેને દેશના્ ૨૦ વર્લ્ડ કપ પ્રત્યેના જુસ્સાનો પુરાવો ગણાવ્યો.

ભારત સુપર-૮માં પહોંચી ગયું છે અને ૨૧ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા આગામી તબક્કામાં ખિતાબ બચાવવાના પડકાર સાથે ઉતરશે.

# ટી૨૦ વર્લ્ડ કપમાં આજથી સુપર-૮ મુકાબલાનો પ્રારંભ, પાકિસ્તાન-ન્યૂઝીલેન્ડ મેચ સાંજે ૭.૦૦ કલાકે

## કોલંબોમાં આજે ન્યૂઝીલેન્ડની બેટિંગ સામે પાક.ની બોલિંગની ટક્કર




ન્યૂઝીલેન્ડના મિડલ ઓર્ડર બેટર્સની આક્રમક બેટિંગની ક્ષમતા અને હરીફ પર ત્રાટકવાની પાકિસ્તાની સ્પિનરના કૌશલ્યનો મુકાબલો શનિવારે જોવા મળશે જ્યારે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપન સુપર-૮ રાઉન્ડમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. ટી૨૦ વર્લ્ડ કપના મહત્વના એવા સુપર-૮ રાઉન્ડનો શનિવારથી પ્રારંભ થશે. અહીંના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાનારી આ મેચ સાંજે ૭.૦૦ કલાકે શરૂ થશે.

કિવિ ટીમનો પ્રારંભ અને તેના મિડલ ઓર્ડરના બેટર કેવો દેખાવ કરે છે અને બીજી તરફ ઉસ્માન તારીક સહિતના પાકિસ્તાની સ્પિનર કેવી બોલિંગ કરે છે તેની ઉપર મેચના પરિણામનો આધાર રહેશે.

ન્યૂઝીલેન્ડના બેટર્સ આ વર્લ્ડ કપમાં હજી સુધી અપેક્ષા મુજબની રમત દાખવી શક્યા નથી. તેના બંને ઓપનર ટિમ સેફર્ટ અને ફિન એલને મળીને હજી સુધી બે અડધી સદી ફટકારી છે. જોકે તે સિવાય ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, માર્ક ચેપમેન અને ડેરેલ મિચેલ પણ સાતત્ય મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ તમામે શનિવારે એક સાથે મળીને પાકિસ્તાનનો મુકાબલો કરવાનો રહેશે. ફિલિપ્સ અને રવીન્દ્રએ અત્યાર સુધીમાં એક એક અડધી સદી ફટકારેલી છે. પરંતુ તેને બાદ કરતાં તેઓ ખાસ કરી શક્યા નથી. આ મેચ સાથે તેમના તમામ ખેલાડીએ મહત્વપૂર્ણ યોગદાન આપવું પડશે કેમ કે હવેનો તબક્કો અત્યંત મહત્વનો છે અને તેમાં ૩૦થી ૪૦ રનનું યોગદાન પણ પરિણામ બદલવાની સાથે સાથે ટુર્નામેન્ટમાં ટીમની સ્થિતિ બદલી શકે છે.

ચાર મેચમાં રચિન રવીન્દ્રએ ૭૨ રન ફટકાર્યા છે જેમાંથી ૫૯ રન તો તેણે એક જ ઈનિંગ્સમાં ફટકાર્યા છે. આ ઉપરાંત ન્યૂઝીલેન્ડની ટીમ પહેલી વાર કોલંબોમાં રમી રહી છે જેની સરખામણીએ પાકિસ્તાન તેની મોટા ભાગની મેચો કોલંબોમાં જ રમ્યું છે. હકીકતમાં તેઓ આ ટુર્નામેન્ટના પ્રારંભથી જ કોલંબોમાં છે અને તેમાંથી બે મેચ તો પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે જ રમ્યા છે.

તેમના બોલર અને ખાસ કરીને સ્પિનર્સ અહીંની પરિસ્થિતિથી સારીરીતે વાકેફ છે. ઉસ્માન તારીક, અબરાર અહેમદ, સઈમ ઐયૂબ, મોહમ્મદ નવાઝ અને શાદાબ ખાનને કારણે પાકિસ્તાનનો હાથ ઉપર રહેશે.


જોકે પાકિસ્તાનની ચિંતા તેના બોલર નથી પરંતુ તેની બેટિંગ છે. ખાસ કરીને બાબર આઝમ તેના મૂળ ફોર્મમાં નથી. બાબર આઝમે ચાર મેચમાં ૧૧૫ના રેટથી માત્ર ૬૬ રન કર્યા છે. ભૂતપૂર્વ સુકાની ટી૨૦ ક્રિકેટમાં તેની ટીમ પાસેથી રખાતી અપેક્ષાને પૂરી પાડવામાં નિષ્ફળ રહ્યો છે.

બાબર આઝમ હવ એકાદ મેચમાં પણ નિષ્ફળ રહ્યો તો પાકિસ્તાની ટીમ મેનેજમેન્ટ તેને સ્થાને ફખર ઝમાનને ટીમમાં લેવા અંગે વિચારી શકે છે.

# ટીમ ઈન્ડિયાના વધુ એક ક્રિકેટરના ડિવોર્સ

## એનિવર્સરી પહેલાં રાહુલ ચહર-ઈશાની અલગ થયાં; ક્રિકેટરે લખ્યું- ભારે કિંમત ચૂકવવી પડી, જીવનના આ તબક્કાનો અંત આવ્યો

ઈન્ડિયન ક્રિકેટર રાહુલ ચહર અને ઈશાની જોહરના લગ્નનો અંત આવ્યો છે. આ કપલે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો અને ડિવોર્સ લીધા છે. બંનેના લગ્નના ૪ વર્ષ પૂરા થવા પહેલાં જ રાહુલ અને ઈશાનીએ ડિવોર્સ લીધા છે. ઈન્ડિયન ક્રિકેટરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ કરીને આ જાણકારી પોતાના ફેન્સ સાથે શેર કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ટીમ ઈન્ડિયાની બહાર ચાલી રહેલા રાહુલ ચહરે જણાવ્યું કે તેણે તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી પૂરી કરવાની સાથે જ તે પોતાની જિંદગીના આ ચેપ્ટરને બંધ કરી રહ્યો છે.



ટીમ ઈન્ડિયા માટે ૭ ઈન્ટરનેશનલ મેચમાં ૧૦ વિકેટ લેનાર ૨૬ વર્ષના લેગ સ્પિનર રાહુલ ચહરે શુક્રવાર ૨૦ ફેબ્રુઆરીના રોજ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર ખુલાસો કર્યો કે છેલ્લા ૧૫ મહિનાથી આ પ્રક્રિયા ચાલી રહી હતી. માત્ર ૨૨ વર્ષની ઉંમરે લગ્નના બંધનમાં બંધાનારા રાહુલે પોતાના નિવેદનમાં કહ્યું કે તેણે નાની ઉંમરે જ લગ્ન કરી લીધા હતા અને તે સમય સુધી તેઓ પોતાનું મહત્વ અને પોતાના જીવનની પૂરી રીતે સમજ પણ ધરાવતો નહોતો. પરંતુ ત્યારબાદ તેને એવા પાઠ શીખવા મળ્યા જેની તેણે ક્યારેય અપેક્ષા નહોતી કરી.રાહુલ ચાહર અને ઈશાની જોહરે ૯ માર્ચ ૨૦૨૨ના રોજ ગોવામાં લગ્ન કર્યા હતા. આમાં બંનેના પરિવારના સભ્યો જ સામેલ હતા. જેમાં રાહુલના પિતરાઈ ભાઈ અને ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર દીપક ચહર પણ સામેલ હતો. આ લગ્નની ત્યારે ખૂબ ચર્ચા થઈ હતી કારણ કે રાહુલ તે સમયે IPLથી હિટ થયો હતો અને ટીમ ઈન્ડિયામાં પોતાની જગ્યા બનાવી રહ્યો હતો. સાથે જ તે સમયે પણ તેની નાની ઉંમરની ઘણી ચર્ચા થઈ હતી. હવે લગ્નની ચોથી વર્ષગાંઠ પહેલા જ તેમનો સંબંધ તૂટી ગયો છે.હવે રાહુલ-ઈશાનીના લગ્ન કેમ તૂટ્યા, તેનું કોઈ કારણ તેણે પોતાની પોસ્ટમાં જણાવ્યું નથી. જોકે ભારતીય ક્રિકેટરે એ જરૂર કહ્યું કે તે પૂરી સ્પષ્ટતા સાથે આગળ વધી રહ્યો છે. રાહુલે લખ્યું, 'છેલ્લા ૧૫ મહિના કોર્ટના ચક્કર કાપવામાં, ધૈર્ય અને સત્યમાંથી મળતી તાકાતને શીખવામાં વીત્યા. આજે, મારી જિંદગીનો આ પાઠ પૂરો થઈ રહ્યો છે. યોગ્ય કાનૂની પ્રક્રિયા બાદ, મામલો થાળે પડ્યો છે જેની મોટી કિંમત ચૂકવવી પડી અને મારા જીવનના આ તબક્કાનો અંત આવ્યો છે. હું આ પ્રકરણને ગુસ્સા કે પસ્તાવા સાથે નહી, પરંતુ સ્પષ્ટતા સાથે બંધ કરી રહ્યો છું.'

# ભારત ટીમમાં બદલાવ કરશો? નેટ પ્રેક્ટિસમાં સેમસન પર ફોકસ

## ઝીરોની હેટ્રિક કરનાર અભિષેક બહાર થઈ શકે : નેટમાં બોલિંગ કરાવાઇ

T20 વર્લ્ડ કપ સુપર લીગ પહેલા ટીમ ઈન્ડિયા માટે સૌથી મોટી ચિંતા અભિષેક શર્માનું ફોર્મ છે. ગઈકાલ સુધી ભારતીય ટીમ માટે વિનાશક મિસાઈલ રહેલો અભિષેક હવે વિરોધી બોલરો માટે સરળ શિકાર બની ગયો છે. વર્લ્ડ કપમાં ડેબ્યૂ પછી સતત ત્રણ વખત શૂન્ય આઉટ થયા છતાં, અભિષેક T20 આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં નંબર વન બેટ્સમેન છે.

જો કે, જ્યારે તેની રેન્કિંગ, તેની ઘાતક બેટિંગ અને તેનો સ્વેગર બિનઅસરકારક બની રહ્યો છે, ત્યારે ટીમ મેનેજમેન્ટ મહત્વપૂર્ણ મેચ પહેલા શરૂઆતના અગિયારમાં ફેરફાર કરવાનું વિચારી શકે છે.




શુક્રવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવા જ સંકેતો મળ્યા હતા, જ્યાં પ્રેક્ટિસ સેશનમાં સૂચવવામાં આવ્યું હતું કે ભારતીય થિંક ટેન્ક ડાબા હાથના બેટ્સમેનને જમણા હાથના બેટ્સમેનમાં શિફ્ટ કરવા માટે વ્યૂહરચના બનાવી રહી છે.

આ સૂચવે છે કે ડાબા હાથના બેટ્સમેનને બેન્ચ પર બેસાડી શકાય છે અને જમણા હાથના બેટ્સમેન સંજુ સેમસનને ફરી એકવાર મોકો મળી શકે છે. સંજુએ પણ તાજેતરના સમયમાં ખાસ સારું પ્રદર્શન કર્યું નથી. પરંતુ જ્યારે યુવાન અભિષેકનો આત્મવિશ્વાસ ડગમગી જાય છે, ત્યારે સંજુના અનુભવનો ઉપયોગ કરી શકાય છે.

ઈશાન-સંજુની ભાગીદારીઃ શુક્રવારે સાંજે લાઈટ હેઠળ યોજાયેલા પ્રેક્ટિસ સત્ર દરમિયાન મેચ પીચની બાજુમાં બે નેટ ગોઠવવામાં આવ્યા હતા. પ્રારંભિક વોર્મ-અપ્સ અને કેચિંગ પ્રેક્ટિસ પછી, દક્ષિણ આફ્રિકા સામેની તેમની પ્રથમ સુપર ટ્વેન્ટીર મેચ પહેલા નેટમાં બેટિંગ શરૂ થઈ તે પહેલા, ભારતીય મુખ્ય કોચ ગૌતમ ગંભીરે અભિષેક સાથે લાંબી, એકલા વાતચીત કરી.

અભિષેક, જે ઘણીવાર વોર્મ-અપ દરમિયાન ફૂટબોલ રમતી વખતે ખૂબ ઉત્સાહી દેખાતો હતો, તે ગૌતમના શબ્દો ધ્યાનથી સાંભળતો જોવા મળ્યો. એવું લાગતું હતું કે અભિષેક તેના પેડ પહેરશે અને પ્રથમ બેટિંગ કરશે. એવું બન્યું નહી.

ઈશાને પહેલી નેટ પર બોલિંગની જવાબદારી સંભાળી, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને શિવમ દુબેને બોલિંગ કરી. કેટલાક નેટ બોલરો પણ હતા. ઉત્તમ ફોર્મમાં રહેલા ઈશાને આત્મવિશ્વાસપૂર્ણ વર્તન દર્શાવ્યું કારણ કે તે દરેક બીજા કે ત્રીજા બોલ પર લાંબો છગ્ગો ફટકારતો હતો. બોલ ઘણીવાર સ્ટેન્ડમાં પડ્યો હતો.



# જિલ્લા પંચાયત શાળા સમિતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

## જુદા-જુદા સ્થળોએ સન્માન સમારંભો યોજાયા

સુરત, તા.૨૧

ઓલપાડની જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ વિદ્યાદીપ કેમ્પસ ખાતે જિલ્લા પંચાયત કચેરી શિક્ષણ શાખા દ્વારા બહુવિધ સન્માન સમારોહ યોજવામાં આવ્યો

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાનાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ વિતરણ, શ્રેષ્ઠ શાળા સન્માન, રાજ્ય કક્ષાએ રમતગમતમાં ભાગ લેનાર બાળકોને સહાય તથા નિવૃત્ત શિક્ષક સન્માન અંગેનો વિશેષ કાર્યક્રમ ગતરોજ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ ભારતીબેન રાઠોડનાં અધ્યક્ષસ્થાને ઓલપાડ તાલુકાનાં અણીતા ગામ સ્થિત જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ, વિદ્યાદીપ કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયત કચેરી, શિક્ષણ શાખા આયોજિત જિલ્લા કક્ષાનાં આ કાર્યક્રમનાં પ્રારંભે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલે ઉપસ્થિત મહાનુભવો, શિક્ષણગણ તથા વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપી કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

આ પ્રસંગે વર્ષ ૨૦૨૫/૨૬ માં અભ્યાસ ક્ષેત્રે શ્રેષ્ઠતમ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી, સન્માનપત્ર સહિત શૈક્ષણિક કીટ પ્રોત્સાહન ઈનામરૂપે વિતરણ કરવામાં આવી હતી. આ સાથે રાજ્ય કક્ષાએ રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ તેમજ રાજ્ય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરતને નવમી વખત ચેમ્પિયન બનાવનાર જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમનાં કેપ્ટન, કોચ સહિત ખેલાડીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતાં. તદ્ઉપરાંત નિયત માપદંડ મુજબ શ્રેષ્ઠ જાહેર થયેલ જિલ્લાની વિવિધ શાળાઓને સન્માનપત્ર તથા રોકડ પુરસ્કારનાં ચેક અર્પણ કરવામાં આવ્યા હતાં. આ તકે તાજેતરમાં નિવૃત્ત શિક્ષક ભાઈ-બહેનોનું ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે શાલ ઓઢાડી સ્મૃતિભેટ તથા સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સૌને પ્રોત્સાહિત કરવા વર્ષાબિન પરમાર (અધ્યક્ષ, સામાજિક ન્યાય અને અધિકારીતા), કેતનભાઈ દેસાઈ અને પ્રેમકુમાર ગૌસ્વામી (સદસ્ય, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ), વનરાજસિંહ બારડ (સદસ્ય, તા.પં. ઓલપાડ), વિવિધ તાલુકાનાં તા.પ્રા. શિક્ષણાધિકારીઓ, બીટ નિરીક્ષકો સહિત શિક્ષક સંગઠનનાં આગેવાનો કિરીટભાઈ પટેલ તથા પ્રવિણભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રસંગોચિત ઉદબોધનમાં વક્તાઓએ શુભેચ્છાઓ સાથે અભિનંદન વરસાવ્યા હતાં. આગોતરા આયોજન થકી જિલ્લા કક્ષાનાં આ કાર્યક્રમને ઓલપાડનાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા તથા બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે વિદ્યાદીપ કેમ્પસનાં ડાયરેક્ટર મુકુંદભાઈ પટેલનાં સહયોગથી સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. કાર્યક્રમનાં અપેક્ષિત પ્રતિસાદ બદલ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વજેસિંગભાઈ વસાવાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ઉમરપાડાના બીલવણ ગામે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ

## કૃષિ સખી દ્વારા ખેડૂતોને જીવામૃત તૈયાર કરવાની તાલીમ અપાઈ

સુરત, તા.૨૧

ગુજરાત પ્રાકૃતિક બોર્ડ અંતર્ગત ઉમરપાડા તાલુકાના બીલવણ ગામે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રકૃતિનું જતન કરતી અને ન્યુનતમ ખર્ચે મહત્તમ નફો આપતી પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિષે અવગત કરી રાસાયણિક ખેતી છોડવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કરવામાં આવ્યું હતું. સાથે જ બીલવણ ગામે કૃષિ સખી ઉર્મિલાબેન ચૌધરી દ્વારા ખેડૂતોને દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, દાળનો લોટ, અને ખેતરની માટીમાંથી બનતું અત્યંત પોષક અને પ્રાકૃતિક પ્રવાહી ખાતર 'જીવામૃત' બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જમીનમાં સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિ વધારીને ફળદ્રુપતા વધારતાં અને પાક માટે "જીવનના અમૃત" સમાન કામ કરતા જીવામૃતનો ઉપયોગ કરી ઝેર મુક્ત ઉત્પાદન મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

## સકારાત્મક દૃષ્ટિકોણ

હું, એડવોકેટ મયુર આર પટેલ ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત લગ્ન નોંધણી કાયદાના સુધારાને સ્વાગત કરું છું. આ સુધારો સમાજમાં કાનૂની પારદર્શિતા, જવાબદારી અને સુરક્ષા વધારવા માટે મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારાનો મુખ્ય હેતુ લગ્ન પ્રક્રિયામાં કાનૂની સજાગતા લાવવાનો છે. આજના સમયમાં ખોટી ઓળખ, દબાણ, છેતરપિંડી અને નકલી દસ્તાવેજોના કેસોમાં વધારો થયો છે. નવી જોગવાઈઓ દ્વારા દસ્તાવેજોની સખત ચકાસણી અને પરિવારને સૂચના આપવાની વ્યવસ્થા કાયદાકીય સુરક્ષાને મજબૂત બનાવશે. નાગરિકોના અધિકારોનો માન રાખતા સાથે, રાજ્યનો ફરજિયાત દાયિત્વ છે કે તે છેતરપિંડી અને બિનકાયદેસર પ્રવૃત્તિઓ સામે રક્ષણ આપે. આ સુધારો વ્યક્તિગત સ્વતંત્રતા ઘટાડતો નથી, પરંતુ પ્રક્રિયાને વધુ પારદર્શક અને કાનૂની રીતે સુરક્ષિત બનાવે છે. આ પ્રસ્તાવિત સુધારા દ્વારાઃ લગ્ન નોંધણીમાં પારદર્શિતા વધશે, નકલી ઓળખ અને છેતરપિંડી અટકાવવામાં મદદ મળશે, ભવિષ્યના કાનૂની વિવાદોમાં સ્પષ્ટતા મળશે, સમાજમાં જવાબદારી અને વિશ્વાસ મજબૂત થશેઅંતમાં, હું માનું છું કે આ સુધારો સમાજના હિતમાં છે અને કાનૂની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.



— એડવોકેટ મયુર આર. પટેલ. સુરત

# ૧૬ વર્ષથી ખિલખિલાટ રેલાવતી રાજ્ય સરકારની 'ખિલખિલાટ વાહન સેવા'

## સુરત જિલ્લાની ૧.૩૩ લાખ સગર્ભા, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓના જીવનમાં વર્ષ ૨૦૨૫માં આવ્યો "ખુશીઓનો ખિલખિલાટ"

સુરત, તા.૨૧

રાજ્યભરની સગર્ભા, ધાત્રી માતાઓ અને બાળકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપી માતા અને બાળમૃત્યુદર ઘટાડવાના હેતુથી કાર્યરત રાજ્ય સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ(JSSK) હેઠળ વર્ષ ૨૦૧૨થી સુરત સહિત રાજ્યભરમાં "ખિલખિલાટ વાન સેવા"ની શરૂઆત કરાઈ છે. જે અંતર્ગત સગર્ભા, ધાત્રીઓ અને શિશુઓને બિન-ઈમરજન્સી કિસ્સાઓમાં ઘરેથી જાહેર આરોગ્ય સંસ્થા સુધી નિઃશુલ્ક પરિવહન સેવા આપવામાં આવે છે.

રાજ્ય સરકારના જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ(JSSK) હેઠળ કાર્યરત 'ખિલખિલાટ વાન' સેવા દ્વારા સુરતમાં જાન્યુ.૨૦૨૫ થી જાન્યુ.૨૦૨૬ના એક વર્ષ દરમિયાન કુલ ૧.૩૩ લાખ સગર્ભા, ધાત્રી માતાઓ અને નવજાત શિશુઓના જીવનમાં 'ખુશીઓનો ખિલખિલાટ' રેલાયો છે. સુરત સિવિલના હોસ્પિટલ બેઝડ કો-ઓર્ડીનેટરશ્રી વિપીક્ષા પટેલે જણાવ્યું કે, ખિલખિલાટ સેવા હેઠળ સુરતમાં ગ્રામ્યમાં ૬ અને શહેરમાં ૨૧ મળી કુલ ૨૭ વાહનો સેવારત છે, જે અંતર્ગત જાન્યુ.૨૦૨૫થી જાન્યુ.૨૦૨૬માં સુરત ગ્રામ્યના ૩૫,૯૩૮ અને શહેરના ૯૭,૯૦૦ મળી કુલ ૧,૩૩,૮૩૮ લાભાર્થીઓએ લાભ લીધો છે.

ખિલખિલાટ વાન હેઠળ સુરત જિલ્લાની તમામ સગર્ભા, ડિલીવરી બાદ ૪૨ દિવસ સુધી માતાઓને અને ૧ વર્ષ સુધીના નવજાત શિશુઓને રેફરલ કે આરોગ્યની સેવાઓ માટે ઘરેથી જાહેર આરોગ્ય સંસ્થા સુધી નિ:શુલ્ક પરિવહન સેવા આપવામાં આવે છે. આ સેવામાં લાભાર્થી ૧૦૮ દ્વારા કે તેમને અપાયેલા નંબર થકી અમને ડાયરેક્ટ સંપર્ક કરી પરિવહનની જરૂરિયાત અંગે જણાવે છે. અને અમે એ પ્રમાણે અહી વાહનની સગવડ કરીએ છીએ. જેમાં ૨૫ કિ.મી સુધી પિક અપ અને ૨૦૦ કિ.મી સુધી ડ્રોપ અપની સુવિધા અપાય છે. જેનાથી માતા અને શિશુ આર્થિક અને શારીરિક શ્રમ વિના સુરક્ષિત પરિવહન કરી શકે અને તેઓના સ્વાસ્થ્યની યોગ્ય સંભાળ લઇ શકે છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી મહિલા અને બાળકોની લેવાતી યોગ્ય દરકારને પરિણામે રાજ્યભરમાં માતા અને નવજાત શિશુનો મૃત્યુદર ઘટાડી તેઓના તંદુરસ્ત સ્વાસ્થ્યમાં ઉત્તરોઉત્તર સુધારો શક્ય બન્યો છે.



ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે આયોજિત ત્રિદિવસીય ટેક્ષ્ટાઇલ મશીનરી એક્ઝિબિશન 'સીટેક્ષ ૨૦૨૬'નું શનિવારથી ભવ્ય શુભારંભ ચેમ્બર તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સાર્વજનિક યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શનિવારથી સ્કેટ કોલેજના એમ્ફી થિયેટર ખાતે સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવ યોજાશે.

## સગરામપુરાના ૪ વર્ષના માસૂમ બાળકે રાખ્યો રોઝો



**શહેરના સગરામપુરા ખાતે પીલીમીત્તી વિસ્તારમાં રહેતા ધોરીયા મોહમ્મદ ઝકી ફૈઝલ નામના ૪ વર્ષના બાળકે નાની ઉંમરે અલ્લાહની ઈબાદત કરી સૌના દિલ જીતી લીધા છે. મોહમ્મદ ઝકીએ આટલી નાની વયે પૂરી શ્રદ્ધા સાથે રોઝો રાખીને સમાજમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પરિવારજનોએ ફૂલ જેવા આ બાળકની હિંમતને વધાવીને તેને દુઆઓ આપી હતી.**

### સુપ્રીમના ઝટકા બાદ
પહેલા પાનાનું ચાલુ

આગળ તેમણે કહ્યું, વડાપ્રધાન મોદી એક શાનદાર અને સમજદાર નેતા છે, પરંતુ તેઓ અમેરિકા સાથેના સોદામાં ખૂબ જ સ્માર્ટ હતા. ભારત અમને નુકસાન પહોંચાડી રહ્યું હતું. હવે અમે એક નિષ્પક્ષ ડીલ કરી છે. હવે અમે તેમને ટેરિફ નથી આપતા અને તેઓ અમને આપી રહ્યા છે. અમે તેને થોડું ફ્લિપ કર્યું (પલટાવ્યું) છે. તાજેતરમાં થયેલો કરાર 'ફેર ડીલ' છે અને અમેરિકાના હિતમાં છે.

વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથે 'વચગાળાનો વેપાર કરાર' ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થઈ જશે. માર્ચમાં એના પર હસ્તાક્ષર થશે, જ્યારે એપ્રિલથી આ કરાર સંપૂર્ણપણે લાગુ થઈ જશે.

આ સાથે જ ભારત આવનારા કેટલાક મહિનાઓમાં દુનિયાના મોટા દેશો સાથે વ્યાપારિક કરારો પર અંતિમ મહોર મારશે. એપ્રિલમાં બ્રિટન અને ઓમાન સાથે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ શરૂ થવાની અપેક્ષા છે. ૨૩ ફેબ્રુઆરીથી ભારત અને અમેરિકાના અધિકારીઓ અમેરિકામાં ત્રણ દિવસની મહત્ત્વપૂર્ણ બેઠક કરશે. આ બેઠકનો હેતુ ૭ ફેબ્રુઆરીએ જારી કરાયેલા 'જોઈન્ટ સ્ટેટમેન્ટ'ના આધારે કાનૂની ડ્રાફ્ટ તૈયાર કરવાનો છે. વાણિજ્ય મંત્રાલયના ચીફ નેગોશિયેટર દર્પણ જૈન ભારતીય ડેલિગેશનનું નેતૃત્વ કરશે. આશા છે કે ટેક્સમાં ૨૫%થી ૧૮% ઘટાડવાનો સત્તાવાર આદેશ આ અઠવાડિયે અથવા આવતા અઠવાડિયા સુધીમાં આવી જશે. આનાથી ભારતનાં કાપડ, ચામડા અને જેમ્સ-જ્વેલરી જેવાં સેક્ટરને સીધો ફાયદો થશે.

### અમેરિકા ટેરિફનું
પહેલા પાનાનું ચાલુ

૧૯૭૪ની કલમ ૧૨૨નો ઉપયોગ કરીને આગામી ૧૫૦ દિવસ માટે તમામ દેશો જે અમેરિકામાં નિકાસ કરે છે તેના પર ૧૦%ના એક સમાન ટેરિફ લાદી દીધો છે અને ૧૫૦ દિવસના સમયગાળામાં તે 'કાયમી' ટેરિફ લાદવાનો પ્રક્રિયા નકકી કરશે.શ્રી ટ્રમ્પ સુપ્રીમના ચુકાદાથી ભારે ગુસ્સામાં હોય તેવુ જણાતુ હતું. તેઓએ એક પત્રકાર પરિષદમાં કહ્યું કે હું વેપારને બનાવી શકું છું તો નષ્ટ પણ કરી શકુ છું. પ્રતિબંધ લગાવી શકું છું તો શું હું ટેરીફ લગાવી શકુ નહી! તેઓએ સુપ્રીમકોર્ટના ચુકાદાને મુર્ખતા ભર્યો ગણાવ્યો હતો.અમેરિકી સુપ્રીમકોર્ટના ચુકાદા અને ટ્રમ્પે ફરી દાખલ કરેલા ૧૦% ટેરિફ બાદની સ્થિતિ અંગે સીએનબીસીના રિપોર્ટ મુજબ ભારત પર હવે ૧૮%ના બદલે ૧૦% ટેરીફ લાગશે. આ જ રીતે યુરોપીયન સંઘ પર ૧૫%, જાપાન પર ૧૫%, ટેરીફ છે તે પણ ઘટીને ૧૦% થઈ જશે અને જે દેશ પર ૧૦% ટેરીફ છે તે યથાવત રહેશે.જો કે આ અંગે કોઈ સતાવાર જાહેરાત થઈ નથી. પરંતુ પ્રમુખ ટ્રમ્પે જાહેર કર્યુ કે જે દેશો સાથે વ્યાપાર સમજુતી થઈ છે તેને કોઈ અસર થશે નહી. ભારતનો ઉલ્લેખ કરતા કહ્યું કે કશું બદલશે નહી. ભારત ટેરીફ આપશે. અમો આપશુ નહી પણ ટ્રમ્પના આદેશ બાદ હવે અમેરિકામાં આયાત પર ૧૦% ટેરીફ અમલી બની ગયા છે.અમેરિકાની સુપ્રીમકોર્ટે તેના ચુકાદામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેની સતાની મર્યાદાની બહાર જઈને વધારે ટેરિફ લાદયા હતા તેવું જાહેર કરી ટેરિફ નાબુદ કર્યા હતા પણ ટ્રમ્પે તે ચુકાદાને નિરાશાજનક બતાવ્યો હતો તથા ન્યાયમૂર્તિઓની પણ ટીકા કરી હતી તથા કલાકોમાં જ ૧૦% ટેરિફના આદેશ પર સહી કરી હવે તે નવો કાનૂની વિવાદ બની શકે છે.

### ઉંઝામાં કાર ડીવાઈડર સ
પહેલા પાનાનું ચાલુ

હતો, જેને અધિકારીઓ લાંબા સમયથી અકસ્માતગ્રસ્ત વિસ્તાર તરીકે વર્ણવતા આવ્યા છે. ટ્રક અને કાર વચ્ચે સામસામે થયેલી ટક્કર એટલી ગંભીર હતી કે કારને ભારે નુકસાન થયું હતું અને તેમાં સવાર લોકો અંદર ફસાઈ ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ગંભીર રીતે ઘાયલ બે પુરુષોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું પણ મોત નીપજ્યું હતું. મૃત્યુઆંક વધીને સાત થયો હતો.

### નિકાસકારોની મદદ
પહેલા પાનાનું ચાલુ

અરજદાર ૧૫ લાખની વાર્ષિક મર્યાદા હશે. નિકાસ પ્રોત્સાહન હેઠળ નિકાસકારોને વધુ જોખમી અથવા નવા માર્કેટ શોધવા માટે શેપર્ડ-રિસ્ક તથા ક્રેડિટ ઈન્સ્ટ્રુમેન્ટની સુવિધા આપવામાં આવી છે.

બીજી તરફ નિકાસ દિશા હેઠળ વ્યાપાર નિયંત્રણો, એક્રેડિટેશન તથા કમ્પ્લાયન્સ એનેબલમેન્ટના સ્વરૂપમાં નિકાસકારોને આંતરરાષ્ટ્રીય ટેસ્ટીંગ, ઈન્સ્પેકશન, સર્ટીફીકેશન તથા સર્ટીફીકેશન પર ખર્ચના મામલામાં પોઝીટીવ લીસ્ટ હેઠળ ૯૦ ટકા તથા પ્રાયોરીટી લીસ્ટ હેઠળ ૭૫ ટકા રકમ રીઈમ્બર્સ થશે. આમાં પ્રતિ નિકાસ-આયાત કોડ મર્યાદા ૨૫ લાખ રૂપિયા હશે.નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અંદાજીત છ મહિના ચાલેલા ટેરિફ વોરથી પડેલા વ્યાપાર ફટકા વચ્ચે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ હેઠળ નવા પગલાથી નિકાસકારોને નવા બજારો સર કરવામાં મદદ મળશે. ઉપરાંત વિદેશી કાયદા-કાનૂન પાલનમાં થતાં ખર્ચના મોરચે પણ મદદ મળશે પ્રદર્શન-એક્ઝીબીશન ખર્ચમાં સહાય મળશે.

### તા.૧ એપ્રિલથી નેશનલ
પહેલા પાનાનું ચાલુ

જેથી સંપર્ક રહિત અને ઝડપી અવર-જવર સંભવ થઈ શક્યું છે. આ ઉપરાંત ત્વરિત અને સુલભ પેમેન્ટ વિકલ્પ તરીકે દેશભરના ટોલ પ્લાઝા પર યુપીઆઈ સુવિધા પણ શરૂ કરાઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે હાઈવે પર માન્ય અને સક્રિય ફાસ્ટેગ વિના ટોલ પ્લાઝામાં પ્રવેશ કરનાર વાહનો રોકડમાં ચૂકવે તો ડબલ ટોલ ચૂકવવો પડે છે.

### એઆઈ સમિટમાં કોંગ્રેસના
પહેલા પાનાનું ચાલુ

એક પ્રયોગ હતો. તેનું આયોજન રાહુલ ગાંધીના નિવાસસ્થાને કરવામાં આવ્યું હતું, જ્યાં સોનિયા અને પ્રિયંકા હાજર હતા.પોલીસે કહ્યું- પ્રદર્શનકારીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું દિલ્હી પોલીસમાં એડિશનલ કોન્સ્ટેબલ દેવેશ કુમાર મહલાએ જણાવ્યું કે આ ઘટના બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે બની હતી. પ્રદર્શનકારીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું અને ઊઈ કોડ સ્કેન કરીને સમિટ હોલમાં પ્રવેશ કર્યો.

તેમણે ઉપર સ્વેટર અને જેકેટ પહેર્યા હતા અને અંદર ટી-શર્ટ. હોલ નંબર ૫ પાસે તેમણે પોતાના સ્વેટર અને જેકેટ ઉતારી દીધા અને ટી-શર્ટ લહેરાવીને વિરોધ પ્રદર્શન કર્યું. કાર્યકર્તાઓ પર પોલીસ સાથે ઝપાઝપી કરવાનો પણ આરોપ છે.

દિલ્હી પોલીસ સૂત્રો અનુસાર, કોંગ્રેસ કાર્યકર્તાઓએ પહેલા કાળા રંગની છત્રી પર સ્ટીકર ચોંટાડીને ભારત મંડપમમાં ઘૂસવાની યોજના બનાવી હતી. પછી તેમને અહેસાસ થયો કે ગેટ પર તપાસ દરમિયાન કાળી છત્રીઓ પકડાઈ જશે. તેથી તેમણે ટી-શર્ટ પર સ્ટીકર ચોંટાડી દીધા. સ્ટીકર ક્યાં છપાવવામાં આવ્યા હતા, તે જાણવા માટે તપાસ ચાલુ છે.

દિલ્હીના તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) ની ગંભીર કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે, જેમાં ગુનાહિત ષડયંત્ર, પબ્લિક સર્વન્ટને ઈજા પહોંચાડવી, તેમના પર હુમલો કરવો અને કામમાં અવરોધ ઉભો કરવો સહિતના અનેક ગંભીર આરોપો શામેલ છે.

### બ્રાઝિલના રાષ્ટ્રપિતિ
પહેલા પાનાનું ચાલુ

લુલાએ કહ્યું કે બંને દેશો વચ્ચેનો વેપાર માત્ર ૧૫ અબજ ડોલર છે, જેને ૩૦-૪૦ અબજ સુધી વધારવો જોઈએ. તેઓ ૨૬૦ બ્રાઝિલિયન ઉદ્યોગપતિઓ સાથે આવ્યા છે જેથી અંતરિક્ષ, સંરક્ષણ, ફાર્મા જેવા ક્ષેત્રોમાં ભાગીદારી થઈ શકે.

એરોસ્પેસ કંપની એમ્બ્રેયર ભારતમાં પ્લાન્ટ ખોલશે. બંને દેશો ગ્લોબલ સાઉથના સૌથી મોટા લોકતંત્ર છે અને ઉદાહરણ પૂરું પાડી શકે છે. લુલાએ આ વાત શુક્રવારે ઈન્ડિયા ટુડેને આપેલા ઈન્ટરવ્યુમાં કહી. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વા વચ્ચે યોજાનારી દ્વિપક્ષીય મુલાકાતમાં ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ્સ પર એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ કરાર બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીનો એક મુખ્ય ભાગ છે, જે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ચીનની નિર્ભરતા ઘટાડવા, ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશનને ટેકો આપવા અને વિકાસશીલ દેશોના અવાજને મજબૂત કરવા પર કેન્દ્રિત છે.

### ટૂંકમાં નૌકાદળમાં ત્રીજી
પહેલા પાનાનું ચાલુ

તૈનાત કરવામાં આવશે. આ ક્ષમતા કોઈપણ દુશ્મનને સૌથી મોટી માનસિક અને લશ્કરી અવરોધક પૂરી પાડે છે. એડવાન્સ્ડ ટેક્નોલોજી વેસલ પ્રોજેક્ટ હેઠળ વિશાખાપટ્ટનમમાં બનેલ, આ સબમરીન તેના પુરોગામી, INS અરિહંત અને INS અરિઘાટ કરતાં નોંધપાત્ર રીતે વધુ ઘાતક, મોટી અને તકનીકી રીતે અદ્યતન છે.

### ઈઝરાયેલ
પહેલા પાનાનું ચાલુ

મિસાઈલોથી સંપૂર્ણપણે સુરક્ષિત કરવાનો છે. ભારત હવે ઈઝરાયલ સાથે મળીને એન્ટિ-બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમના સંયુક્ત વિકાસ પર કામ કરી રહ્યું છે. ઈઝરાયલ આ ક્ષેત્રમાં વિશ્વનું નેતૃત્વ કરે છે, તેની પાસે લાંબા અંતરની એરો, મધ્યમ અંતરની ડેવિલ્સ સ્લિંગ અને ટૂંકા અંતરની આયર્ન ડોમ જેવી વિશ્વ-પ્રસિદ્ધ સિસ્ટમો છે. ગયા વર્ષે જૂનમાં, ઈઝરાયલે ઈરાન દ્વારા છોડવામાં આવેલી ૯૮ ટકા બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડીને તેની શ્રેષ્ઠતા દર્શાવી હતી. ભારત હવે આ ટેકનોલોજી દ્વારા તેના આકાશને અભેદ્ય બનાવવાની વ્યૂહરચના અપનાવી રહ્યું છે. તાજેતરમાં પૂર્ણ થયેલા ઓપરેશન સિંદૂરમાં, ભારતે રેમ્પેજ મિસાઈલ, પામ-૪૦૦ જેવા ઈઝરાયલી શસ્ત્રો અને હાર્પી જેવા કામિકાઝ ડ્રોનનો સફળતાપૂર્વક ઉપયોગ કરીને પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું. આ સફળતાના આધારે, ભારત હવે અન્ય ઘણી સિસ્ટમોના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આમાં સ્પાઈસ-૧૦૦૦ લાંબા અંતરના માર્ગદર્શિત બોમ્બ, એર લોરા એર-લોન્ચ બેલિસ્ટિક મિસાઈલ, આઈસ બ્રેકર મિસાઈલ સિસ્ટમ અને ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોના રક્ષણ માટે બરાક ER મિસાઈલોનો સમાવેશ થાય છે.

### બ્રાઝિલના રાષ્ટ્રપિતિ લુલા
પહેલા પાનાનું ચાલુ

દરમિયાન, હરિયાણામાં હવામાન સતત બદલાઈ રહ્યું છે. આજે સવારે રાજ્યના મોટાભાગના ભાગોમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું, જેના કારણે હિસાર જેવા શહેરોમાં દશ્યતા ૫૦ મીટરથી ઓછી થઈ ગઈ હતી. હરિયાણામાં લઘુત્તમ તાપમાન નારનૌલમાં ૮.૫ ડિગ્રી સેલ્સિયસ અને પલવલમાં ૨૯.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દરમિયાન, મધ્યપ્રદેશમાં હાલમાં ચક્રવાતી પરિભ્રમણ અને ટ્રફ લાઈન સક્રિય છે, જેના કારણે આગામી ચાર દિવસ સુધી રાજ્યના ઘણા ભાગોમાં વાવાઝોડા અને વરસાદ થવાની ધારણા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૦ થી વધુ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. હવામાનશાસ્ત્રીઓના મતે, ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીએ એક નવી સિસ્ટમ સક્રિય થશે, જેની સૌથી વધુ અસર દક્ષિણપૂર્વીય જિલ્લાઓ પર પડશે. છત્તીસગઢમાં હવામાન હાલમાં સ્થિર રહેશે. રાજધાની રાયપુરમાં તાપમાનનો પારો ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો, જે રાજ્યમાં સૌથી વધુ છે, જ્યારે અંબિકાપુરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. વિભાગનું કહેવું છે કે આગામી સાત દિવસ સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. એકંદરે, ઉત્તર ભારતમાં પર્વતોમાં ધુમ્મસ અને બરફ પડી રહ્યો છે, જ્યારે મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનું આગમન થયું છે.

### વીટી ચોક્સી
પેજ-૨ પાનાનું ચાલુ

સકારાત્મક પ્રતિસાદ મુજબ, આ રિફ્રેશર કોર્સ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે નવી દષ્ટિ પ્રદાન કરનાર, ટેકનોલોજી આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપનાર તથા જીજtainable Development Goals લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અત્યંત ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થયો છે.

### પશ્ચિમ રેલ્વે
પેજ-૨ પાનાનું ચાલુ

ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૩૪૧૮ માટે બુકિંગ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### રાજ્ય સરકારનો
પેજ-૨ પાનાનું ચાલુ

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે તેમાં મુખ્યત્વે માતા-પિતાની સામેલગીરી છે. લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ નવા નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. એક કમિટીની રચના કરવામાં આવશે જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરવામાં આવશે.

શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દીકરી જ્યારે જન્મે છે ત્યારે પિતાના આંગણામાં તુલસીનો ક્યારો બનીને ઉછરે છે. લવ-મેરેજનો વિરોધ નથી, પણ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે આ સરકાર ચોક્કસપણે સખત પગલા લેશે. આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છે. શ્રી હર્ષ સંઘવીએ 'લવ જેહાદ' અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે. સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કટિબદ્ધ છે. તેમણે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, "કોઈ સલીમ સુરેશ બનીને રાજ્યની દીકરીને ફસાવશે તો આ સરકાર એવા હાલ કરશે કે તે ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે." રાજ્યની અનેક સામાજિક સંસ્થાઓ સાથે છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગના રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરિયાએ પણ ૩૦ જેટલી બેઠકો યોજીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### ડે.કમિ.સ્વાતિ
પેજ-૨ પાનાનું ચાલુ

તેમણે કરેલ શૈક્ષણિક લાયકાતની છેડછાડ કરી ગેરકાયદેસર રીતે મેળવેલ પદ બદલ તપાસ કરવામાં આવે, તેમની આવક તેમજ સંપત્તિની પણ તપાસ કરવામાં આવે અને જો કસૂરવાર ઠરે તો ભવિષ્યમાં મનપામાં કોઈ પણ અધિકારી પાલિકાના આર્થિક હિતોને નુકસાન પહોંચાડે નહી તેવી જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ હેઠળ શિસ્તભંગની કાર્યવાહી, નુકસાનની વસુલાત તેમજ ફોજદારી ગુનો દાખલ કરી દંડાત્મક કાર્યવાહી કરી ફરજ મુક્ત કરવા માટેની દરખાસ્ત બનાવી સ્થાયી સમિતિમાં રજૂ કરવા જણાવ્યું હતું.

### સુરતમાં એમએમએફ
પેજ-૨ પાનાનું ચાલુ

પ્રોત્સાહનો ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે. બીજા સત્રમાં TMMA(I)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સચિનકુમાર અરોરાએ યુરોપિયન યુનિયન સાથે FTA અને યુએસએ સાથેના વેપાર સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમજાવ્યું કે કેવી રીતે સાનુકૂળ વેપાર કરારો ચીન, વિયેટનામ અને બાંગ્લાદેશ સામે ભારતની સ્પર્ધાત્મકતા વધારી શકે છે.

### માતૃ ભાષાના
પેજ-૨ પાનાનું ચાલુ

ટૅક્નૉલૉજીના માધ્યમથી તેમણે લાખો વિદ્યાર્થીઓ સુધી ગુજરાતી ભાષાના શુદ્ધ સ્વરૂપને પહોંચાડ્યું છે. વ્યાપક પહોંચઃ અત્યાર સુધીમાં ૩,૫૦,૦૦૦થી વધુ માતૃભાષાપ્રેમીઓએ તેમની પુસ્તિકાઓનો લાભ લીધો છે. સેવાભાવી અભિગમઃ તેઓ માત્ર પુસ્તકો આપીને અટકતા નથી, પરંતુ ૮૦૦થી વધુ સેમિનારો દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને 'જોડણીની પ્રયુક્તિઓ' શીખવી રહ્યા છે. આ કામગીરી માટે તેઓ અંતરિયાળ વિસ્તારની કે સરકારી શાળાઓમાં કોઈ પણ પ્રકારનો આર્થિક બદલો લેતા નથી, ઉલટું સ્વખર્ચે સેમિનાર માટે પ્રવાસ ખેડે છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-સુરતની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો પણ સાચું ગુજરાતી લખતાં શીખી શકે તે માટે એમણે પુસ્તકપ્રેમી શ્રી લવજીભાઈ ડાલિયાનું સૌજન્ય મેળવીને ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પુસ્તિકા આપી હતી.

**લેખન કાર્ય :**

તેઓ સુરતના જાણીતા અખબાર 'ધબકાર'માં છેલ્લાં અગિયાર વર્ષથી 'શબ્દસરિતા' અને રાજકોટથી પ્રકાશિત 'અગ્ર ગુજરાત'માં બે વર્ષથી 'શબ્દસાધના' કૉલમ લખે છે. 'ધર્મનંદન શબ્દતીર્થ'નું છેલ્લાં તેર વર્ષથી સંપાદન કરે છે. અખબારો અને સામયિકોમાં એમના ૮૦૦થી વધારે લેખો પ્રસિદ્ધ થયા છે, વિવિધ ચૅનલોમાં 'માતૃભાષા' અંગેના એમના કાર્યક્રમો પ્રસારિત થયા છે. એમણે 'સાચી જોડણી લાગે વહાલી' અને 'ભાષા સજ્જતા' પુસ્તિકાઓનું સંપાદન કર્યું. આ પુસ્તિકાઓ ૩,૫૦,૦૦૦થી વધારે લોકોએ વસાવી છે. 'બાળકેળવણી', 'ગૌરવવંતાં પથદર્શકો', 'ગૌરવશાળી ગુજરાતીઓ' વગેરે પુસ્તકો પ્રકાશિત થયાં છે.

**સન્માન અને સ્વીકૃતિ**

રાજેશભાઈની આ નિઃસ્વાર્થ સાધનાની નોંધ સમગ્ર રાજ્ય સ્તરે લેવાઈ છે. ગુજરાતના રાજ્યપાલ સહિત અનેક મહાનુભાવોએ અને વિવિધ સંસ્થાઓએ એમને સન્માનિત કર્યા છે: શિક્ષણ સેલ-ભાજપ, સુરત દ્વારા "ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", માતૃભાષા અભિયાન દ્વારા "માતૃભાષાના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા "સિસ્ટર નિવેદિતા શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", ન.પ્રા.શિ.સ.-સુરત દ્વારા "વિશિષ્ટ સેવા ઍવૉર્ડ", વિશ્વ વંદનીય સંત શ્રી મોરારિબાપુના વરદ હસ્તે "શ્રેષ્ઠ શિક્ષક ચિત્રકૂટ પારિતોષિક", "શિક્ષકદિન" સ્થાનિક ઉજવણી સમિતિ – સુરત દ્વારા "સુરત જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", રોટરી ક્લબ ઑફ સુરત-ઈસ્ટ દ્વારા "શિક્ષક સજ્જતા ઍવૉર્ડ", મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ.પૂ.આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના વરદ હસ્તે "સાહિત્ય સુધાકર ઍવૉર્ડ", અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ,અમદાવાદ દ્વારા "શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે "રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક", શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાન દ્વારા "સેવા સન્માન ઍવૉર્ડ", શ્રી સ્વામિનારાયણ છાત્રાલય – અમદાવાદ ખાતે પ.પૂ.આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજના વરદ હસ્તે સન્માન, ધી સધર્ન ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા "શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ", શ્રી પટેલ યુવા પ્રગતિ મંડળ બુઢણા (સુરત) દ્વારા "ગામ ગૌરવ સન્માન", શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન દ્વારા "ગુરુકુલ જ્ઞાનજ્યોતિ ઍવૉર્ડ", શિશુવિહાર – ભાવનગર દ્વારા "માતૃભાષા સંવર્ધન પારિતોષિક", "ગુજરાત રાજ્ય (રાજ્ય અને રાષ્ટ્રીય) ઍવૉર્ડી ટીચર્સ ફેડરેશન દ્વારા 'સાહિત્યસાધના પારિતોષિક" વગેરે ઍવૉર્ડથી સન્માનિત કર્યા છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# તુષાર ઘેલાણી આપઘાત કેસમાં મહિલા મિત્ર વિરૂદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

## રિવોલ્વર વડે આપઘાત કરી લેનાર બિલ્ડર તુષાર ઘેલાણીને આપઘાત કરવા મજબૂર કરનાર મહિલાની ધરપકડ

**સુરત,તા.૨૧**

સુરતના જાણીતા જોલી બિલ્ડરના માલિક તુષાર ઘેલાણી આપઘાત કેસમાં ઉમરા પોલીસે મોટી કાર્યવાહી કરતા તેમની મહિલા મિત્ર સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તેની અટકાયત કરી છે. ઉલ્લેખનીય છે કે, તુષાર ઘેલાણીએ પોતાની જ રિવોલ્વરથી ગોળી મારી જીવન ટૂંકાવ્યું હતું, જે મામલે તેમના પરિવાર દ્વારા ગંભીર આક્ષેપો સાથે ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જોકે, સામે પક્ષે મહિલા મિત્ર દ્વારા પણ પોલીસમાં અરજી કરવામાં આવી હતી, પરંતુ સમગ્ર મામલાની ઊંડી તપાસ બાદ પોલીસને મહિલા મિત્રની સંડોવણી જણાતા આખરે તેની વિરુદ્ધ આત્મહત્યા માટે મજબૂર કરવાનો ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



સુરતના અગ્રણી બિલ્ડર અને 'જોલી ગ્રુપ'ના માલિક તુષાર ઘેલાણીએ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ને રવિવારે તેમના નિવાસસ્થાને પોતાની જ લાયસન્સ વાળી રિવોલ્વર વડે ગોળી મારી હતી. જે બાદ તુષાર ઘેલાણીને ગંભીર હાલતમાં સારવાર માટે મહાવીર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તેમના મગજના ડાબા ભાગે વાગેલી 9 mmની બુલેટ મગજની આરપાર નીકળી ગઈ હતી. સાથે જ બુલેટ્સના પાર્ટીકલ પણ મગજના વિવિધ જગ્યા પર પહોંચી જતાં મગજમાં સોજો આવી ગયો હતો. શહેરના નિષ્ણાત તબીબોની ટીમે તેમને બચાવવા માટે દિવસ-રાત એક કર્યા હતા. પાંચ દિવસ સુધી તેઓ વેન્ટિલેટર પર જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતા રહ્યા, જોકે, ઈજા એટલી ગંભીર હતી કે, બુધવારે તબીબોએ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કર્યા હતા.

તુષાર ઘેલાણી સુરતના રિયલ એસ્ટેટ માર્કેટનું ખૂબ મોટું અને આદરણીય નામ હતું. તેમની કંપની ઘેલાણી બિલ્ડર્સ, ઘેલાણી ગ્રુપ અને ૧૯૯૦થી સુરતના બાંધકામક્ષેત્રે સક્રિય હતા. તેમની મેઈન ઓફિસ સુરતના પાર્લે પોઈન્ટ ખાતે જોલી કોમ્પ્લેક્સમાં આવેલી હતી. તેઓ સુરતમાં આધુનિક આર્કિટેક્ચર અને લક્ઝુરિયસ રહેણાક પ્રોજેક્ટ્સ બનાવવા માટે જાણીતા હતા.

# સુરત શહેર ભાજપ દ્વારા રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરાયું



## એઆઈ સમિટમાં કોંગ્રેસના વિરોધ પ્રદર્શન સામે ભાજપનો વિરોધ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

એઆઈ સમિટ ૨૦૨૬માં ભારત અમેરિકા ટ્રેડ ડીલ વિરૂધ્ધ કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રદર્શન કરાયું હતું. જેમાં કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત કાર્યકરોએ શર્ટ લેસ પ્રદર્શન કર્યુ હોય તેના વિરોધમાં સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો નેતાઓ વિરોધ પ્રદર્શિત કરી રહયા છે ત્યારે આજે સવારે અઠવાગેટ ચાર રસ્તા ખાતે ભાજપના પદાધિકારીઓ, અગ્રણીઓ, આગેવાનો સહિત કોર્પોરેટર અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજર રહી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. રાહુલ ગાંધીનું પુતળુ બાળીને રાહુલ ગાંધી માફી માંગે માફી માંગે તેવા નારા લગાવ્યા હતા.

૨૦ ફેબ્રુઆરીના રોજ દિલ્હી સ્થિત ભારત મંડપમમાં ઈન્ડીયન યુથ સુરત ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસનું પુતળું સળગાવ્યું હતું. એઆઈ સમિટમાં ભારત અમેરિકા ટ્રેડ ડીલ વિરૂધ્ધ કોંગ્રેસના શર્ટ લેસ પ્રદર્શનને પગલે ભાજપના કાર્યકરોમાં રોષ જોવા મળ્યો છે ત્યારે સમગ્ર દેશમાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ પક્ષ સામે વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહયો છે.

દરમિયાન આજે સવારે અઠવાગેટ ચાર રસ્તા ખાતે ભાજપના કાર્યકરો દ્વારા રાહુલ ગાંધીનું પુતળુ બાળીને માફી માંગે માફી માંગે રાહુલ ગાંધી માફી માંગે તેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

દિલ્હીમાં આયોજિત એઆઈ સમિટમાં ગતરોજ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવતા વૈશ્વિક સ્તર પર ભારતની બદનામી થઈ હોવાના આરોપ સાથે ભાજપ દ્વારા કોંગ્રેસે કરેલા વિરોધ પ્રદર્શનનો જવાબ આપવા માટે દેશભરમાં વિરોધ પ્રધર્શનો આયોજિત કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના વિરોધમાં ભાજપ દ્વારા સુરત ઉપરાંત તાપી, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં પણ વિરોધ પ્રદર્શન કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

# ગોડાદરામાંથી વેપારીનું અપહરણ કરનાર પાંચ આરોપીઓ પકડાયા

### પોલીસે નાકાબંધી કરી આરોપીઓને ઝડપી પાડ્યા

**સુરત,તા.૨૧**

સુરતના ગોડાદરામાં એક વેપારીનું સ્કોર્પિયો કારમાં અપહરણ કરવામાં આવતા પોલીસ દોડતી થઈ હતી. પોલીસે તાત્કાલિક નાકાબંધી કરી વેપારીને હેમખેમ મુક્ત કરાવી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

સુરતના ગોડાદરા વિસ્તારમાં વેપારીઓ વચ્ચેની આર્થિક લેતીદેતીએ હિંસક વળાંક લીધો છે. ટેક્સટાઇલ પેકેજિંગના ધંધા સાથે સંકળાયેલા એક વેપારીનું સ્કોર્પિયો કારમાં અપહરણ કરવામાં આવતા પોલીસ દોડતી થઈ હતી. જોકે, સુરત પોલીસે તાત્કાલિક નાકાબંધી કરી ડીંડોલી વિસ્તારમાંથી વેપારીને હેમખેમ મુક્ત કરાવી પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.મળતી માહિતી મુજબ, ફરિયાદી દીવાકર તિવારી અને મુખ્ય આરોપી પિયુષ અગ્રવાલ બંને ટેક્સટાઈલ પેકેજિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ ધંધામાં લાંબા સમયથી રૂપિયાની લેતીદેતી બાબતે બંને વચ્ચે માથાકૂટ ચાલી રહી હતી. આ વિવાદનો ઉકેલ લાવવાને બદલે આરોપી પિયુષ અગ્રવાલે પોતાના સાગરીતો સાથે મળીને ગોડાદરા વિસ્તારમાંથી દીવાકર તિવારીનું સફેદ રંગની સ્કોર્પિયો કારમાં અપહરણ કર્યું હતું.અપહરણની જાણ થતા જ સુરત પોલીસ હરકતમાં આવી હતી. કંટ્રોલ રૂમને મેસેજ આપી શહેરભરમાં નાકાબંધી કરી દેવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે પોલીસે ડીંડોલીના મધુરમ સર્કલ પાસે શંકાસ્પદ સ્કોર્પિયોને આંતરી હતી. પોલીસે વેપારી દીવાકર તિવારીને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા.પોલીસે આ મામલે મુખ્ય આરોપી પિયુષ અગ્રવાલ સહિત કુલ પાંચ શખ્સોની ધરપકડ કરી છે. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ અપહરણ, ધાકધમકી અને ગુનાહિત કાવતરું રચવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# લાંચ કેસમાં ફરાર કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાળાને શોધતી એસીબી

### લાંચના રૂ.૪ લાખ લઈ ભાગી છૂટેલા

### ગણેશવાળાના ખાસ માણસનો પણ કોઈ પત્તો નથી

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાળા રૂ.૨૧ લાખની લાંચ માંગવાના પ્રકરણમાં ગણેશવાળા અને નિષ્પક્ષ ગુજરાત અખબારનો કથિત પત્રકાર જે રૂ.૪ લાખ લઈને રફુચક્કર છે તેની શોધખોળ એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા કરવામાં આવી રહી છે. લાંચના આરોપસર ગુનો નોંધાયા બાદ કાર્યપાલક ઈજનેર અને પત્રકાર ફરાર છે ત્યારે ગઈકાલે બંનેના ઘરે તેમજ ઓફીસોએ પોલીસ દ્વારા તપાસ કરાઈ હતી જોકે બંને હાથ લાગ્યા ન હતા. સુત્રોના જણાવ્યા અનુસાર કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા કાયદાકીય રીતે આ સમગ્ર પ્રકરણમાંથી કઈ રીતે બચી શકાય તેની ગોઠવણમાં લાગી ગયા છે તો બીજી તરફ પત્રકાર પણ ન્યાયાલયમાંથી કોઈ રાહત મળે તે માટે ફાંફા મારી રહયા હોવાનું ચર્ચાઈ રહયું છે.

લિંબાયત ઝોન અંતર્ગત આવતા સંતોષ સબ ઈન્ડસ્ટ્રીયલના એક પ્લોટ પર ચાલતા બાંધકામ બાબતે મનાઈ હુકમ મહાનગર પાલિકા દ્વારા ફરમાવવામાં આવ્યો હતો. દરમિયાન ડિમોલીશન ચાર્જ વસુલીને કાર્યપાલક ઈજનેરની સુચનાથી ડિમોલીશન બંધકરાવાયું હતું. બીજી તરફ કાર્યપાલક ઈજનેર વર્ગ-૧ લિંબાયત ઝોન, સુરત મહાનગર પાલિકાના અધિકારી વિપુલ શશીકાંતભાઈ ગણેશવાલાના ખાસ માણસ ગણાતા નિષ્પક્ષ ગુજરાત પત્રિકા દૈનિક અખબારના પત્રકાર પરવાનાએ કાર્યપાલક સાથે મુલાકાત કરાવી બાંધકામ નહીં તોડવાના અવેજ પેટે રૂ.૨૧ લાખની લાંચ માંગી હતી. બંને પક્ષે વાતચીત બાદ રૂ.૧૫ લાખ આપવાનું નક્કી થયું હતું. દરમિયાન ગઈકાલે નિષ્પક્ષ ગુજરાતની ઓફીસે રૂ.૪ લાખની લાંચ લેવાઈ હતી. લાંચ લીધા બાદ છટકુ ગોઠવાયું હોવાની ગંધ આવતા પત્રકાર પરવાના ફરાર થઈ ગયો હતો. બીજી તરફ કાર્યપાલક ઈજનેર પણ એન્ટી કરપ્શન બ્યુરોને હાથ લાગ્યા નથી.

હાલ આ મામલે એન્ટી કરપ્શન બ્યુરોના પોલીસ ઈન્સ્પેક્ટર સોલંકી સાહેબ તપાસ કરી રહ્યા છે. ગઈકાલે બંને આરોપીના રહેણાંક સ્થળે તપાસ કરવામાં આવી હતી. આરોપીઓના ફોન પણ ટ્રેસ કરવાના પ્રયાસો ચાલુ છે.

# બીઆરસી નજીક ચપ્પુ દેખાડી લૂંટ વીડિયો વાયરલ થતા લુંટારૂ ઝબ્બે

### કડોદરાથી પરત ફરતા યુવકને ધોળે દિવસે લૂંટી લેવાયો હતો

**સુરત,તા.૨૧**

સુરતમાં ૧૮ ફેબ્રુઆરીએ ઉધના BRC નજીક ૨ લૂંટારુઓએ એક યુવકને નિશાન બનાવી તેની પાસે રહેલા રોકડા રૂપિયાની લૂંટ કરી હતી. ભોગ બનનાર યુવક કડોદરાથી પોતાની નોકરી પૂર્ણ કરી ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે જ રસ્તામાં આ આકસ્મિક હુમલો થયો હતો. ધોળા દિવસે જાહેર રોડ પર બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી.

આ લૂંટની ઘટનાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે લૂંટારુઓ યુવકને લૂંટી રહ્યા હતા, ત્યારે ત્યાં હાજર એક નાગરિકે આ સમગ્ર ઘટનાનો લૂંટનો લાઈવ વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ૨ લૂંટારુઓ કેવી રીતે નિર્દોષ યુવકને ચપ્પુ બતાવી ડરાવી રહ્યા છે અને તેની પાસેથી જબરદસ્તી નાણાં પડાવી રહ્યા છે. આ લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા પોલીસ એક્શનમાં આવી હતી.

ઘટનાની વિગતો મુજબ, યુવક જ્યારે મરાઠી સ્કૂલ પાછળથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે બાઈક સવાર ૨ શખ્સોએ તેને રોક્યો હતો. લૂંટારુઓએ ઝઘડો કરવાના બહાને 'કયું મુઝકો ગાલી દે રહા હૈ' કહી યુવક સાથે મારામારી શરૂ કરી હતી. એક શખ્સે યુવકના બંને હાથ પકડી રાખ્યા હતા, જ્યારે બીજા શખ્સે તેના પેન્ટના ખિસ્સામાંથી કારીગરોના પગાર માટે રાખેલા ૨૩,૦૦૦ રોકડા કાઢી લીધા હતા અને લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

લૂંટની જાણ થતા જ ભોગ બનનારે તુરંત પોતાના પુત્ર અને પોલીસને જાણ કરી હતી. ઉધના પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ઘટનાની ગંભીરતા સમજી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને વાઈરલ થયેલા લાઈવ વીડિયોના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી લૂંટારુઓનું લોકેશન ટ્રેસ કર્યું હતું.

પોલીસે આ મામલે સઘન તપાસ કરીને બે પૈકીના એક મુખ્ય આરોપી અવતારસિંગ ત્રીલોકસિંગ ભાદા (ઉંમર ૨૩ વર્ષ, રહે. પ્રભુનગર, ઉધના) ને ઝડપી પાડ્યો છે. પોલીસ પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી છે. પોલીસે પકડાયેલા આરોપી પાસેથી લૂંટાયેલી રકમમાંથી ૨૦,૦૦૦ જેટલી રોકડ રકમ રિકવર કરવામાં સફળતા મેળવી છે. જોકે, આ કેસમાં અન્ય ૧ આરોપી હજુ પણ ફરાર છે જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

# પત્નીના આપઘાત કેસમાં પતિ વિરૂદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

### પતિના પર સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી પત્નીએ આપઘાત કરી લીધો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

અમરોલી વિસ્તારમાં રહેતી યુપીવાસી પરિવારની ૨૨ વર્ષીય પરણિતાએ કરેલા આત્મહત્યા કેસમાં તેના પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો હતો. પતિના પરસ્ત્રી સાથેના આડા સંબંધોને લઈને પરિણીતા સાથે ઝઘડો થતો હતો. જેના કારણે પરિણીતા મરવા મજબૂર બની હોવાની ફરિયાદ આરોપી પતિ સામે સાળાએ નોંધાવી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા તાડવાડી ખાતે રહેતા જીતેન્દર યાદવ હીરાના કારખાનામાં નોકરી કરે છે. જીતેન્દર યાદવની પત્ની કુસુમ(ઉ.વ.૨૨) પણ જીતેન્દર સાથે કારખાનામાં કામ કરવા જતી હતી અને પતિને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. દરમિયાન ગત ૧૬ ફેબ્રુઆરીએ કુસુમ સવારે પતિ સાથે કારખાને ગઈ હતી. ત્યાંથી બપોરે તેણી નિકળી ગઈ હતી. દરમિયાન તેણીની કોઈ ભાળ મળી આવી ન હતી. જોકે ગઈ મોડી સાંજે અ?શ્વિનીકુમાર પોલીસ સ્ટેશનની પાછળ આવેલ તાપી કાંઠાના મેલડી માતાના મંદીરની પાસે તાપી નદીના પાણીમાંથી તેણીની લાશ મળી આવી હતી.

મૃતકના ભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે પતિ જિતેન્દરના અન્ય મહિલા સાથે આડ સંબંધ હતા. જેના કારણે પતિ કુસુમ સાથે ઝઘડો કરી મારઝૂડ કરતો હતો. જેથી કંટાળી કુસુમે પગલું ભર્યું હતું.

૧૬ ફેબ્રુઆરીએ સવારે ઘરે પણ પતિ સાથે ઝગડો થયો હતો. અને બપોરે તે ગુમ થઈ ગઈ હતી.

# રામનગર ખાતે પારિવારિક બાબતે બે ભાઈઓ ઝઘડ્યા

### મોટાભાઈએ નાના ભાઈના માથા પર લાકડાનો ફટકો ઝીંકી દીધો

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

રામનગર રાંદેર ખાતે આવેલી અંબિકાનગર સોસાયટીમાં રહેતા મોટા ભાઈએ પારિવારીક તકરારમાં નાના ભાઈને માથાના ભાગે લાકડાનો ફટકો મારી દેતા ઈજાગ્રસ્ત ભાઈને ૧૦૮ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં માથામા ચાર ટાંકા આવ્યા હોય તબીબોએ સારવાર કર્યા બાદ આ મામલે આરોપી ગિરધર લક્ષ્મણ વાઘ સામે રાંદેર પોલીસ સ્ટેશનમાં મારા-મારીની ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

રાંદેર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના વતની અને હાલ રામનગર રાંદેર ખાતે આવેલી અંબિકાનગર સોસાયટીમાં રહેતા વિજય લક્ષ્મણ વાઘ ઉ.વ.૩૩એ તેના ભાઈ ગિરધર વાઘ સામે મારા-મારીનો ગુનો નોંધાવ્યો હતો. બંને ભાઈ વચ્ચે ગઈ તા.૧૯મીની રાત્રે કોઈક કારણોસર જઘડો થયો હતો જેમાં વિજય વાઘ પર ગિરધર વાઘે લાકડાના ફટકાથી હુમલો કરી દીધો હતો.

બારમાની વિધિ



સ્વ.શામુબેન ગીગાભાઈ ચૌહાણ
૦૧.૦૧.૧૯૬૫ – ૧૫.૦૨.૨૦૨૬
શ્રી ખોડાભાઈ ગીગાભાઈ ચૌહાણ,
સ્વ. અરવિંદભાઈ ગીગાભાઈ ચૌહાણ
શ્રી રમેશભાઈ ગીગાભાઈ ચૌહાણ
૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવાર | સવારે 9:00 કલાકે
શ્યામ સુંદર સોસાયટી,
રાંદર રોડ, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય પાછળ,
રામનગર, સુરત, ગુજરાત – ૩૯૫૦૦૫.

ખોડાભાઈ ગીગાભાઈ ચૌહાણ 9157352555
રમેશભાઈ ગીગાભાઈ ચૌહાણ 9265088384
અક્ષય અરવિંદભાઈ ચૌહાણ 9081814811

# ઈલેક્ટ્રીક રિક્ષા બેકાબૂ બની ડ્રાઈવર કૂદી પડતા મોત થયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

રઘુવીર ટ્રેડ સેન્ટરના પાર્કિંગની ઢાળ ઉતારતી વેળા ઈલેક્ટ્રિક રિક્ષા પરથી કાબુ ગુમાવતા ચાલક જીવ બચાવવા રીક્ષામાંથી કૂદ્યો હતો. પરંતુ માથામાં ગંભીર ઈજા પહોચતા જીવ બચ્યો ન હતો.સારોલી વિસ્તારમાં આવેલા રઘુવીર ટ્રેડ સેન્ટરના પાર્કિંગમાં ગઈકાલે બપોરે એક અકસ્માત સર્જાયો હતો. ઉધના ઉદ્યોગ નગરમાં રહેતો ૨૩ વર્ષીય ફિરોઝ ખુદાદીન અંસારી પોતાની નંબર વગરની સ્કાય બ્લ્યુ કલરની ઈલેક્ટ્રિક રિક્ષા લઈને માર્કેટના પાર્કિંગમાં જઈ રહ્યો હતો.ઢાળ ઉતરતી વખતે ફિરોઝે રિક્ષા પરથી કાબુ ગુમાવ્યો હતો અને જીવ બચાવવા રિક્ષામાંથી કૂદી પડ્યો હતો. જોકે, કૂદતી વખતે માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. રિક્ષા પણ પિલર સાથે અથડાતા તેને નુકસાન થયું હતું.આ મામલે રાકેશ જૌહરીની ફરિયાદના આધારે સારોલી પોલીસે મૃતક રિક્ષા ચાલક વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી

# ચેક રિટર્ન કેસમાં આરોપી પુનમ સાપરાને એક વર્ષની કેદની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧**

સુરતની આવકાર અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટીમાંથી લોન લીધા બાદ નાણાં પરત ન કરનાર વરાછાની પુનમ જગદીશ સાપરાને કોર્ટે ૧ માસની સાડી કેદની સજા અને ચેકની બમણી રકમ ચૂકવી આપવા પણ આદેશ કર્યો હતો. આરોપી પૂનમ સાપરા દ્વારા લોનના હપ્તા ન ભરાતા તેણીએ સિક્યુરિટી પેટે આપેલા ચેક સોસાયટીએ નાણા વસૂલી માટે બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી સોસાયટીએ વકીલ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકિયા મારફતે પૂનમ સાપરા વિરુદ્ધ ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આરોપી પક્ષે બચાવમાં જણાવ્યું હતું કે ચેક 'સિક્યુરિટી' પેટે આપેલો હતો, પરંતુ કોર્ટે આ દલીલ નકારી કાઢી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે સહી કરેલો કોરો ચેક પણ કાયદેસરની જવાબદારી સ્વીકારવા માટે પૂરતો પુરાવો છે. કોર્ટે આરોપીને એક માસની સાદી કેદની સજા ફટકારી સાથે જ, ફરિયાદ પક્ષને વળતર પેટે ચેકની રકમ કરતા બમણી રકમ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

આજથી ભવ્ય શુભારંભ
ટેક્ષટાઈલ મશીનરીનું વિશાળ એક્ઝિબિશન
SGCCI SGCTIDC
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર
13th EDITION
SITEX®
SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
સ્થળ : સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, ચેમ્બર ઓફ કોમર્સ રોડ, સરસાણા, સુરત.
POWERED BY SARJAN POSITION PRINTING MACHINE
PLATINUM SPONSOR SIGNATURE TEXTILE MACHINES
GOLD SPONSOR PICANOL Let's grow together
SILVER SPONSORS KTL
ANNUAL EVENT PARTNERS
SINGHI FINANCIAL ADVISORS JAINAM Luthra Group CEPIL SOLEX ENERGY Liberty's
SIGNATURE RAPIER-JACQUARD-AIRJET Mehta Wealth THE SURAT PEOPLE'S CO-OP. BANK LTD. JBGO
નોંધ : પ્રદર્શન સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક સુધી ખુલ્લું રહેશે, ૧૬ વર્ષથી નીચેની વયના બાળકોને પ્રવેશ મળશે નહીં.